

## ગાંધીજીને વ્યક્તિ તરીકે જોવાને બદલે વિચાર તરીકે જોવા જોઈએ

પાનું S21

**સપ્તક**®

શુક્રવાર, તા. ૧૬ ઓક્ટોબર, ૨૦૨૦ વિક્રમ સંવત ૨૦૭૬ અધિક આસો વદ અમાસ

No. 25 Vol. XXII October 16, 2020 $1.00 Published by Parikh Worldwide Media, LLC www.GUJARATTIMESUSA.com

Find us on: facebook.

# ગુજરાત ટાઈમ્સ®

Published from New York, Chicago and Ahmedabad (India). International Registration # 1 384 667

**GUJARAT TIMES**

### ભારતે ઓડિશામાં SMART મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યું

પાનું ૧૦



### ત્રણ વિજ્ઞાનીઓને ભૌતિક વિજ્ઞાનનું નોબેલ પારિતોષિક

પાનું ૯






Photos: ITV Gold

## ભારતીય સંસ્થાઓ અને કોન્સ્યુલેટના સંયુક્ત ઉપક્રમે ગાંધી જયંતીની ઉજવણી

પાનું ૪




Monday to Thursday 8:00 PM & 11:00 PM ET
Sunday 11 AM ET

VISION OF ASIA
Voice of the community

24/7 TV Channel
ITV GOLD
VOICE OF THE COMMUNITY

Watch on ITV GOLD

AVAILABLE ON: SPECTRUM (TIME WARNER) , ALTICE (OPTIMUM) AND RCN

YouTube SUBSCRIBE TODAY

SPECIAL OFFER

3 years subscription
$111
OR
6 years subscription
$211



ગુજરાત ટાઈમ્સ
Gujarat Times

For more information
Call: 212-675-7515
Fax: 212-675-7624
Email:
gujtimesusa@gmail.com
subscribe@gujarattimesusa.com

**NARAYAN SEWA SANSTHAN, INC.**

Tax Exempt: 501 C-3 ID#33-0928054



# અશ્વિન અધિક માસ

સારાં કાર્યો કરવા માટે શ્રેષ્ઠ સમય છે.

૧૮ સપ્ટેમ્બર થી ૧૬ ઓક્ટોબર ૨૦૨૦

હિન્દુ પુરાણો અનુસાર અધિક માસ (પુરુષોત્તમ માસ) દરમિયાન કરાયેલાં સારાં કાર્યો ૧.૦૦૦ ગણું ફળ આપે છે. આવી તક ત્રણ વર્ષ પછી જ મળશે.

જરૂરિયાતમંદો માટે અન્નદાન **$65**

પોથી યજમાન અને જરૂરિયાતમંદો માટે અન્નદાન **$280**

**મહેરબાની કરી જરૂરિયાતમંદો માટે આજે જ દાન કરો**

Bank Name : Bank of America
Account Name : Narayan Sewa Sansthan Inc.
Account No. : 000626069110
Sort Code : Checking

PayPal

**1-866-(NARAYAN)6272926**

www.narayanseva.org | info@narayanseva.org



## Take these steps to prevent the spread of COVID-19 in Queens!

**Stay home if you're sick**
Only leave for essential medical care and testing or other essential errands.

**Wear a face covering**
You can be contagious without symptoms. Protect others by wearing a face covering.

**Keep physical distance**
Stay at least 6 feet away from other people.

**Keep your hands clean**
Wash your hands often with soap and water or use hand sanitizer.

**There are free COVID-19 testing sites in all five boroughs.**
Get tested regardless of immigration status. Visit nyc.gov/covidtest or text "COVID test" to 855-48 to find a COVID-19 testing site.

COVID-FREE QUEENS! Public Health Solutions Test & Trace Corps Partner



AARP®

# Your vote. Your voice.

This election year is different. But don't let that stop you from voting and making your voice heard.

There's a lot at stake this year, like strengthening Social Security and Medicare, lowering drug prices, and protecting the health of you and your family.

AARP IS MAKING SURE YOU KNOW YOUR OPTIONS FOR VOTING SAFELY FROM HOME OR IN-PERSON.

1) VOTE FROM HOME.
Check the deadline to request a ballot and where to return it on or before November 3.

2) VOTE EARLY.
Find the dates and locations for voting early in-person to avoid crowds and long lines.

3) VOTE SAFELY ON NOVEMBER 3.
Check where to vote, as your usual polling place may not be open. Wear a mask, bring ID if required, and sanitize afterwards.

Learn your options for voting safely, local deadlines, and more at
**aarp.org/election2020**

ગુજરાત ટાઇમ્સ
Gujarat Times

*Published weekly, Founded in 1999*

**Dr. Sudhir M. Parikh**
Founder, Chairman & Publisher
**Hasmukh Barot**
Editor-in-Chief
**Digant Sompura**
Consulting Editor
**Ilayas Quraishi**
Chief Operating Officer
**Arun Shah**
Ahmedabad Bureau Chief
**Shailu Desai**
Advertising Manager
**Pravinsinh Vaghela**
Art and Production
**Bhailal M. Patel**
Executive Vice President
**Chandrakant Koticha-Rajkot, India**
Executive Director
Business Development Parikh Worldwide Media
**M. P. Singh Chauhan (Ahmedabad)**
Manager Business Development
**Jim Gallentine**
Business Development Manager-US
**Darshana Gandhi**
Financial Controller
**Sonia Lalwani**
Advertising Sales
**Hervender Singh**
Circulation Manager
**Shailesh Parikh**
California Correspondent
**Subhash Shah**
Texas Correspondent

**Corporate Office**
35 Journal Square, Suite 204,
Jersey City, NJ 07306
Tel: (212) 675-7515 • Fax: (212) 675-7624
New York Office
3601 36 Ave, Long Island City, NY 11106
Tel: (718) 784-8555

**E-mails**
advt@gujarattimesusa.com
editor@gujarattimesusa.com
subscribe@gujarattimesusa.com
info@gujarattimesusa.com

**Website**
www.gujarattimesusa.com

**Chicago Bureau**
2652 West Devon Ave., Suite B
Chicago, IL 60659
Tel: (773) 856-0545 • (773) 856-3445
info@gujarattimesusa.com

**California Bureau**
650 West Vermont Ave., Unit # 46
Anaheim, CA 92805
Tel: (714) 505-0590

**Texas Bureau**
Subhash Shah
4601 Hershy ln, Plano, TX 75024
Tel: (510) 449-8712

**Ahmedabad Bureau**
Parikh Worldwide Media Pvt. Ltd.
303 Kashiparekh Complex, C.G.Road, 29 Adarsh Society, Ahmedabad 380009
Tel: 079-26446947 • Fax: 079-26565596

**Gujarat Times** (USPS 017-787)
is published weekly by
**Parikh Worldwide Media, LLC**
Annual subscription $44.
Periodicals postage paid at Newark, N.J.
and at additional mailing offices.
Postmaster: Send address changes to
**GUJARAT TIMES**
35 Journal Square, Suite 204,
Jersey City, NJ 07306
Copyright © 2017, Gujarat Times

**Disclaimer:**
Parikh Worldwide Media assumes no liability for claims/assumptions made in advertisements and advertorials.

મંતવ્ય

# રાજકીય વિરોધ સામે નરેન્દ્ર મોદી સજ્જ

**કુન્દન વ્યાસ**

કૃષિ સુધારાના વિવાદ પછી રાજકીય વિખવાદમાં અકાલી દળે એનડીએ છોડવાનો નિર્ણય લીધો તેથી એનડીએ સરકારને આંચ આવતી નથી. શિવસેના અને અકાલી દળે શરૂઆતના તબક્કે સુધારા - વટહુકમોનું સમર્થન કર્યું હતું - ત્યારે વિરોધ કેમ થયો નહીં? હકીકતમાં પંજાબમાં કોંગ્રેસ અને અકાલી દળ સામસામે છે. અકાલી દળના હાથમાં ગ્રામ્ય-કિસાન ક્ષેત્ર હોવાની ધારણા હતી તે હવે કોંગ્રેસના હાથમાં જાય નહીં તે માટે જ અકાલી દળે કેન્દ્રના વિરોધની સ્પર્ધા કરી છે! પણ કૃષિક્ષેત્ર માટે બે સિંઘની સ્પર્ધા ત્રીજા પક્ષને લાભકારક નીવડશે. આગામી બે વર્ષમાં સુધારાની સફળતાનો માપ-અંદાજ આવી શકશે. આ દરમિયાન કૃષિ સુધારા સામેના વિરોધ - આંદોલનને લોકો - જનતાનું સમર્થન મળવાની આશા નથી. નોટબંધીની જેમ કૃષિક્ષેત્રમાં બ્લેક મની ઉપર પાબંદી આવશે અને નાના ખેડૂતો અને ગ્રાહકોને લાભ થશે.

વડા પ્રધાનને રાજકીય વિરોધની ચિંતા નથી અને ખેડૂતોના લાભાર્થે રવિ ફસલના એમએસપી ટેકાના ખરીદભાવ આગોતરા જાહેર કર્યા છે અને એપીએમસી-મંડીઓ બંધ નહીં થાય એવી જાહેર ખાતરી આપી છે. આ ઉપરાંત ભૂગર્ભજળના વપરાશ ઉપર ઉદ્યોગો માટે નિયંત્રણો છે - પરવાનગી લીધા સિવાય ભૂગર્ભ જળ વાપરનારને ઓછામાં ઓછો એક લાખ રૂપિયાનો દંડ થશે જ્યારે કૃષિવિષયક - કિસાનોને નિયંત્રણમાંથી મુક્તિ આપવામાં આવી છે. અત્યારે ૯૦ ટકા ભૂગર્ભજળનો વપરાશ કૃષિક્ષેત્રમાં થાય છે.

રાજકીય વિરોધ સામે મોદી સજ્જ છે. વિરોધીઓને કિસાનો અને જવાનો - સંરક્ષણની પણ પરવા નથી. માત્ર 'બ્લેક મની' કાલી કમાઈની મલાઈ ખાવી છે એવો અસરકારક પ્રહાર કર્યો છે.

કિસાનોના હિતાર્થે કૃષિ ક્ષેત્રમાં થયેલા સુધારા સામે રાજકીય વિરોધ-આંદોલન શરૂ થયા છે. પંજાબમાં કોંગ્રેસ અને અકાલી દળ વચ્ચે કેન્દ્ર સરકાર સામેના વિરોધની સ્પર્ધા થઈ રહી છે જ્યારે કોંગ્રેસે મોદી સરકાર ઉપર આક્રમણ કરવાની તક ઝડપી લીધી છે - ભ્રષ્ટાચાર, રાફેલ, ચીની ઘૂસણખોરી - પાકિસ્તાની આતંકવાદ તમામ મોરચા ઉપર નિષ્ફળ ગયા પછી કોંગ્રેસના હાથમાં 'કિસાન-વિરોધી કાયદો' આવ્યો છે. પંજાબમાં તો હવે અકાલીદળ ભાજપથી અલગ થયા પછી કોંગ્રેસ માટે સત્તાનો માર્ગ સાફ છે પણ દેશવ્યાપી વિરોધ આંદોલનમાં કોંગ્રેસને રાજકીય લાભ મળવાની શક્યતા નથી. આમ છતાં મુખ્ય 'વિપક્ષ'નું સ્થાન જાળવી રાખવા માટે કોંગ્રેસ પ્રમુખ સોનિયાજીએ ત્રણ મોરચા-ત્રિપાંખિયો વ્યુહ વિચાર્યો છે. સંસદમાં ખરડા રોકી શકાયા નહીં અને તેથી ધાંધલ-ધમાલ કરીને સભાત્યાગ કરી ગયા. હકીક્તમાં રાજ્યસભામાં મત લેવાયા હોત તો પણ ખરડા પસાર કરવામાં સરકાર સફળ થઈ હોત. શિવસેના ઉપરાંત ઉડિસા, તેલંગણ, આંધ્ર પ્રદેશના સભ્યોનો ટેકો નિશ્ચિત હતો. હાજર રહીને મતદાનમાં પરાજય ખમવાને બદલે ધાંધલ-ધમાલ અને સભાત્યાગમાં વધુ રાજકીય લાભની ગણતરી હશે.

સંસદ પછી શેરીઓમાં વિરોધ આંદોલન શરૂ થયું. અલબત્ત પંજાબ-હરિયાણા સિવાય અન્યત્ર કિસાન આંદોલન કરતા રાજકીય પ્રદર્શન વધુ હતા. નવી દિલ્હીમાં ઈન્ડિયા ગેટ પાસે ટ્રેક્ટર બાળવાની ઘટના પાછળ માત્ર રાજકીય હાથ હતો - 'કિસાનોને હાથા' બનાવવામાં આવ્યા!

કોંગ્રેસ આંદોલનોમાં અન્ય ક્યા પક્ષ જોડાય છે? પંજાબમાં અકાલીદળ કોંગ્રેસને સાથ અને યશ આપવા તૈયાર નથી. મુખ્ય પ્રધાન કેપ્ટન અમરીંદર સિંઘ સુપ્રીમ કોર્ટમાં કાનૂની લડત આપવા માગે છે, જ્યારે સુખબીરસિંઘ બાદલ રાજકીય લડત - કેન્દ્ર સરકારને અને રાજ્યની કોંગ્રેસ સરકારને આપવા માગે છે! ગોલ્ડન ટેમ્પલથી ચંડીગઢ સુધી વિરોધ યાત્રા-કૂચમાં સામેલ થવાનો આદેશ અપાયો - એક પણ અકાલી ઘરમાં બેસી રહે નહીં- એવું નિવેદન સુખબીર અને એમનાં પત્ની- પૂર્વ કેન્દ્રીય પ્રધાને બહાર પાડયું. મુખ્ય પ્રધાનને શંકા છે કે કિસાનોના નામે અકાલી દળ કોંગ્રેસને નિશાન બનાવીને ચૂંટણી વખતે ભાજપ સાથે હાથ મિલાવશે. પંજાબની હિંસામાં પાંત્રીસ હજાર શીખોના જાન ગયા છે - હવે હિંસા થાય નહીં તેની ચિંતા છે.

હરિયાણામાં મુખ્ય પ્રધાન ભાજપના અને નાયબ મુખ્ય પ્રધાન પ્રાદેશિક જાટ પક્ષના છે. દેવીલાલ અને ઓમ પ્રકાશના વંશજ છે, પણ સરકાર તોડવા માગતા નથી. કેન્દ્રીય કાયદા કિસાનોના હિતમાં છે, એમ યુવા નેતા જાણે છે. અન્ય રાજ્યો કેરળ, બંગાળ વગેરે આંદોલનને બદલે કાનૂની લડત આપવા માગે છે. સોનિયાજીએ કોંગ્રેસ શાસિત રાજ્યોના મુખ્ય પ્રધાનોને જણાવ્યું છે કે કેન્દ્રીય કાયદાઓનો છેદ ઊડાવવા માટે ખરડા પસાર કરો... જોકે, આવા ખરડા વિધાનસભામાં પસાર થાય તે પછી રાજ્યપાલની અને રાષ્ટ્રપતિની મંજૂરીના વિવાદ શરૂ થાય. રાજકીય વિરોધ થાય પણ તેનું પરિણામ આવે નહીં.

જન આંદોલનનો સવાલ છે ત્યાં સુધી સામાન્ય જનતા આવાં આંદોલનમાં જોડાય નહિ, માત્ર પક્ષના કાર્યકરો - સ્વયં સેવકો અથવા 'પેઈડ' સેવકો જોડાય. કિસાનોને શું ફાયદો? નેતાઓને રાજકીય હમદર્દીનો લાભ મળે? મહત્ત્વની વાત એ છે કે મધ્યમ અને નાના કિસાનોને લાભ માટે કાયદા છે. એમને કિફાયત ભાવ મળે અને આડતિયાઓ તથા રાજકીય દલાલોની દાદાગીરીમાંથી મુક્તિ મળે. ગ્રાહકોને સસ્તા-વાજબી ભાવો કૃષિ પેદાશો મળે અત્યારે અનાજ-કઠોળ અને શાકભાજી-ફળફળાદીના ભાવમાં નફાખોરી થાય છે તે સૌ જાણે છે. નવા કાયદા કિસાન - અને ગ્રાહકોના લાભમાં હોવાથી જન આંદોલન સફળ થાય નહિ. જનતા જાણે છે કે નેતાઓનું લક્ષ્ય સત્તા ઉપર છે જનતાના હિત ઉપર નહિ.

કેન્દ્રીય કાયદા સામે સુપ્રીમ કોર્ટમાં જવાનો નિર્ણય લેવાયો છે, કપિલ સિબ્બલ તો હવે 'વિદ્રોહી' છે. તેથી સિંઘવી સાહેબની સલાહ મુજબ કેન્દ્રની સત્તાને પડકારવામાં આવશે. કૃષિનો વિષય રાજ્ય સરકારોના ક્ષેત્રમાં છે તેથી એપીએમસીના વેરાની અઢળક આવક રાજ્ય સરકારોને મળે છે - નવા કાયદા મુજબ કિસાનો મંડીમાંથી બહાર વેચાણ કરે તો તે કરમુક્ત હોવાથી રાજ્યોને ખોટ જાય. તેથી કેન્દ્ર સરકાર રાજ્યોના ક્ષેત્રો ઉપર તરાપ મારે છે એવી દલીલ છે, પણ રાજ્યોનું ક્ષેત્ર એપીએમસી સુધી સીમિત છે. કિસાન ત્યાંથી નીકળે તો કરમુક્ત વેચાણ કરે તેના ઉપર રાજ્ય સરકાર દાવો કરી શકે નહિ..

કોંગ્રેસી મુખ્ય પ્રધાનો સુપ્રીમ કોર્ટમાં જાય અને જો સુપ્રીમ કોર્ટ કેન્દ્રીય કાયદાઓને બંધારણીય કાયદેસર ઠરાવે તો પછી વિરોધના ફુગ્ગામાંથી હવા નીકળી જાય. આ ભયસ્થાનની ચિંતા પણ કોંગ્રેસને છે.

રાજકીય વિરોધમાં કૂદી પડવા પાછળ કોંગ્રેસના નેતાઓને પૂરો વિચાર અને અભ્યાસ કરવાની જરૂર હતી. અત્યારે કૃષિક્ષેત્રમાં કિસાનોની સંખ્યા કેટલી? પરિવાર વધવાની સાથે ખેતરના ભાગ - બટવારા થાય પછી યુવા પેઢી ખેતી છોડી નોકરી શોધવા શહેરોમાં નોકરી-ધંધાની શોધમાં જાય. વ્યાપાર-ઉદ્યોગ માટે ખેતીની જમીન મેળવવાની લગતા સુધારા - ખરડા મોદી સરકારમાં આવ્યા ત્યારે પણ વિરોધ થયો! એક મોજણી મુજબ ૧૯૭૦-૭૧માં ખેડૂતોની વસતિ સંખ્યા સાત કરોડ દસ લાખ હતી. ૨૦૧૪-૧૫માં તે વધીને ૧૪ કરોડ પચાસ લાખ થઈ. ખેતરનું કદ સરેરાશ માપ ૨.૨૮ હેકટરથી ઘટીને એક હેકટર થઈ ગયું! ખેત પેદાશોના ભાવ નાના ખેડૂતોને બરાબર મળે નહિ ત્યારે શાકભાજી તરફ વળે અને કોલ્ડ સ્ટોરેજના અભાવે બગાડમાં નુકસાન થાય. આ માટે કોલ્ડ સ્ટોરેજ અને પ્રોસેસીંગ સુવિધા અનિવાર્ય છે, પણ એપીએમસીમાંની આવકનો ઉપયોગ રાજ્ય સરકારો કૃષિ વિકાસ માટે કરે છે?!

મોદી સરકારે નાના મધ્યમ કક્ષાનાં કિસાનોને 'આઝાદી' આપવાનો નિર્ધાર કર્યો છે, ૨૦૨૨ સુધીમાં કિસાનોની આવક બમણી કરવાનું વચન આપ્યું છે તે દાન ભીક્ષાથી નહિ. જાતમહેનત-ખૂનપસીનાની કમાઈ હશે. આ દિશામાં કાયદા - સુધારા કર્યા છે અને આ કોઈ નવા નિર્ણયો નથી. છેલ્લાં ૧૦ વર્ષથી મોદી કૃષિ સુધારાની હિમાયત કરતા રહ્યા છે.

પ્રશ્ન માત્ર એ છે કે નાના ખેડૂતોને લાભ - આઝાદી મળશે ખરી? પંજાબ - હરિયાણામાં મોટા કુલક - જમીનદાર ખેડૂતો અને આડતિયાઓ નાના ખેડૂતો ઉપર 'દાદાગીરી' કરશે. રાજ્ય સરકારો આવા ખેડૂતોને રક્ષણ આપવાને બદલે આંખો બંધ કરીને હોઠ ફફડાવી હમદર્દી બતાવશે. ગુજરાતમાં અમૂલની જેમ સહકારી મંડળીઓ - ફળફળાદી માટે બને અને પ્રોસેસીંગ કોલ્ડ સ્ટોરેજ ઝડપી બને તે જરૂરી છે. ઉપરાંત ખાનગી કંપનીઓ અને કોન્ટ્રાક્ટ ફાર્મિંગનો રસ્તો છે. આવશ્યક ચીજવસ્તુ ધારાની નાબૂદી - સ્ટોક મર્યાદા ખતમ આ પગલાં પણ એકબીજાના પૂરક બની રહેશે.

આગામી બે વર્ષમાં કૃષિ સુધારાના અમલનો લાભ નાના ખેડૂતો સુધી પહોંચે તો હરિયાળી ક્રાંતિ પછી કૃષિક્ષેત્રમાં આ મોટી ક્રાંતિ અને સિદ્ધિ ગણાશે. અનાજ ઉત્પાદનમાં ભારત આત્મનિર્ભર બન્યા પછી હવે કિસાનો આત્મનિર્ભર બને તો સંપૂર્ણ કૃષિ ક્રાંતિ ગણાશે. જય કિસાન.

■

*લેખક 'જન્મભૂમિ' જૂથના તંત્રી છે.*

*પ્રતિભાવ: yourgujarattimes@gmail.com*

## મેરે દેશ કી ધરતી...

આજે કિસાનોના નામે રાજકીય દાવપેચ ચાલી રહ્યા છે, પણ કૃષિપ્રધાન ભારતમાં કિસાનો આપણા અર્થતંત્ર અને રાજતંત્રની કરોડરજ્જુ છે. સ્વાતંત્ર્ય સંગ્રામમાં બ્રિટનની લીવરપુલ અને માંચેસ્ટરની કાપડની મિલોને આપણા કપાસ-કોટનનો ફાયદો મળે તે માટે 'કોટનની રેગ્યુલેટેડ માર્કેટ' અસ્તિત્વમાં આવી અને ગાંધીજીએ 'સ્વદેશી' આંદોલન શરૂ કર્યું. વિદેશી માલની હોળી થઈ અને ખાદીનો જન્મ થયો. આજે ગાંધીજીનો 'ચરખો' મુક્તિનું પ્રતિક છે.

ગાંધીજીએ ખેડૂતોના હિતની રક્ષા કરવા માટે સત્યાગ્રહ કર્યા. કિસાનોના નામે માત્ર રાજકારણીઓ જ તરી ગયા એવું નથી, એક સમયે ફિલેમાં પણ કિસાન કેન્દ્રમાં રહેતો. બિમલ રોયની 'દો બીઘા જમીન,' મહેબૂબ ખાનની 'મધર ઈન્ડિયા' અને મનોજ કુમારની 'ઉપકાર'નું મેરે દેશ કી ધરતી સોના ઉગલે, ઉગલે હીરે મોતી... તો આજે પણ લોકપ્રિય છે. આઝાદી બાદના વર્ષોમાં ખેડૂતોના સંઘર્ષ અને વ્યાજખોર શાહુકારો તરફથી થતું શોષણ ફિલ્મોમાં જોવા મળતો. એ પછી કિસાન ફિલ્મોમાંથી ધીરે ધીરે દૂર થતા ગયા. પણ વર્ષ ૨૦૦૦માં આમિર ખાને બ્રિટીશકાળના કિસાનો પર અંગ્રેજી હુકુમત દ્વારા લાદવામાં આવતા કર અંગેની ફિલ્મ 'લગાન' બનાવી. તો એ પછી ૨૦૧૦માં ખેડૂતોની આત્મહત્યા પર આધારિત 'સેટાયર કમ બ્લેક' કોમેડી ફિલ્મ 'પીપલી લાઈવ'નું પણ નિર્માણ આમિર ખાને જ કર્યું હતું.

આઝાદી પછી કોંગ્રેસ પક્ષે ચૂંટણી ચિન્હ માટે 'બે-બળદની જોડી' - ખેતર ખેડતા બળદની પસંદગી કરી. ગ્રામ્ય જનતામાં સૌથી લોકપ્રિય ૧૯૬૯માં કોંગ્રેસના ભવ્ય ભંગાણ પછી ગાય-વાછરડું ચૂંટણી ચિન્હ અને ઈમરજન્સી પછી હાથ-પંજો સ્વીકાર્યા. પણ અન્ય રાજકીય પક્ષો પણ કૃષિ આધારિત ચૂંટણી ચિન્હ પંસદ કરે છે. ચૌધરી ચરણસિંહના હળધર કિસાન અન્ય પછી બળદગાડાનું પૈડું - ચૂંટણીમાં સુદર્શન ચક્ર તરીકે ઓળખાયું... કિસાનોના કામદારોના નામે સામ્યવાદીઓએ પણ દાતરડું અને હથોડો સ્વ. ચીમનભાઈ પટેલનો 'કિમલોપ' કિસાન - મઝદૂર - લોક પક્ષ - ગુજરાતમાં પણ હતો.

આટલા બધા પક્ષો, નેતાઓ અને સિત્તેર વર્ષ દરમિયાન આટલી બધી ચૂંટણીઓ છતાં કિસાનોનો ઉદ્ધાર કોણે કર્યો - એમના માટે તો ઘરના છોકરા ઘંટી ચાટે! સ્વ. લાલબહાદુર શાસ્ત્રીજીએ 'જય જવાન, જય કિસાન'ને બિરદાવ્યા, પણ બાકીના નેતાઓએ કિસાનનાં નામ વટાવ્યાં! હવે મોદી સરકાર કિસાનોની કદર-આદર કરે છે તો કોંગ્રેસ વિરોધ કરે છે...!

**Disclaimer:** Gujarat Times makes no warranties or representations as to the accuracy of the content and assumes no liability or responsibility for any error or omission in the content. Gujarat Times is not responsible or liable for any claims made in advertisements or classifieds. Any questions or comments concerning advertisements or classifieds within this newspaper should be directed to the advertiser. The views, advice, opinions, and information in letters to the editor, analysis section, legal section or any other article in this publication are those of the writers and do not necessarily represent those of Gujarat Times.

# ભારતીય સંસ્થાઓ અને કોન્સ્યુલેટના ઉપક્રમે ગાંધી જયંતિની ઉજવણી

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિની ઉજવણી ન્યુ જર્સીમાં ઇન્ડિયન અમેરિકન સમુદાયના લોકોએ ધામધૂમથી કરી. નવી પ્રતિમાનું અનાવરણ કરાયું અને ૨૦ સપ્ટેમ્બર તથા બીજી ઓક્ટોબરે કાર્યક્રમોનું આયોજન કરાયું.

ન્યુ જર્સીની ગાંધીયન સોસાયટી અને ભારતના ગાંધી રિસર્ચ ફાઉન્ડેશને ગાંધીજીવન અને સંદેશ વિશે પ્રદર્શન રોયલ આલ્બર્ટ પેલેસમાં ગોઠવ્યું હતું.

પદ્મશ્રી ડો. સુધીર પરીખે આ પ્રસંગે વક્તવ્ય આપતાં કહ્યું હતું કે ગાંધીજીના સિદ્ધાંતો આજે હિંસા અને ધિક્કાર વધ્યા છે ત્યારે વધારે જરૂરી બન્યા છે. તેમનું જીવન આજની ૨૦૨૦ની દુનિયા માટે અર્થસભર બની શકે છે, એમ તેમણે જણાવ્યું હતું.

ગાંધીયન સોસાયટીના સ્થાપક ભદ્ર બુટાલાને અને વર્લ્ડ વેગન વિઝનના સ્થાપક એચ. કે. શાહને સરસ મજાનું પ્રદર્શન તૈયાર કરવા બદલ ડો. સુધીર પરીખે અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમમાં વર્લ્ડ વેગન વિઝનના ડિરેક્ટર નીતિન વ્યાસનો પણ ફાળો હતો.

બુટાલાએ કહ્યું કે, હું ગાંધીમાં માનું છું. તેઓ મારા માટે સર્વસ્વ છે. મારું જીવન મેં તેમના નામે સમર્પિત કર્યું છે.

એચ. કે. શાહે જણાવ્યું કે, સત્ય અને અહિંસા મહાત્મા ગાંધીના મુખ્ય સિદ્ધાંતો હતા અને આજના યુગમાં પણ દરેકે તે પાળવા જોઈએ.

કોન્સલ જનરલ રણધીર જયસ્વાલે પણ પ્રદર્શન બદલ ધન્યવાદ આપતા કહ્યું કે સૌથી અગત્યની વાત એ છે કે તેમાં તેમના વારસાને વણી લેવાયો છે.

ડો. પરીખે પણ કહ્યું કે દોડભાગના જીવનમાંથી સમય કાઢીને ગાંધીજીના જીવન વિશે વિચારવા જેવું છે, કેમ કે આપણે ઘણી વાર જોઈએ છીએ કે બહુ બધા અમેરિકનો ગાંધીજીને ટાંકે છે. જેમ કે ,દુનિયાને તમે જે પ્રકારની દુનિયા ઊભી કરવા માગો છો, તેવા તમે પહેલાં બનો -એ તેમની ઉક્તિ મારી સૌથી પસંદની છે. માર્ટીન લ્યુથર કિંગ જેવા નેતાઓ તેમને અનુસર્યા હતા. આજના રંગભેદ, ધિક્કાર, અસમાનતા, ક્લાઈમેટ ચેન્જના પડકારો વચ્ચે અહિંસા અને સત્યાગ્રહ સૌથી વધુ સુસંગત થઈ પડશે.

ટીવી એશિયાના ચેરમેન પદ્મશ્રી એચ. આર. શાહે કહ્યું કે સત્યાગ્રહમાં ગાંધીજીના અતૂટ વિશ્વાસને કારણે તેઓ તેમને માન આપે છે.

*(પરીખ વર્લ્ડવાઈડ મીડિયા)*




Photos: ITV Gold

રોયલ આલ્બર્ટ પેલેસ ખાતે મહાત્મા ગાંધીની પ્રતિમા ખુલ્લી મૂકાઈ તે પ્રસગે કોન્સલ જનરલ રણધીર જયસ્વાલ સાથે ઈન્ડિયન અમેરિકન અગ્રણીઓ જોડાયા હતા.



પદ્મશ્રી ડો. સુધીર પરીખ



કોન્સલ જનરલ રણધીર જયસ્વાલ



પદ્મશ્રી એચ. આર. શાહ



એચ. કે. શાહ



નીતિન વ્યાસ



ભદ્ર બુટાલા

Thank
suppo
r cel
Year
rsary
a 6nd

# ગાંધી જયંતિની ઉજવણી : ન્યુ જર્સીમાં ગાંધી પ્રતિમાનું અનાવરણ



Photos: courtesy Indian Consulate in New York




ભારતીય વિદ્યા ભવન અને ઈન્ટરનેશનલ અહિંસા ફાઉન્ડેશનના સહયોગથી ન્યુ યોર્ક કોન્સ્યુલેટે યુનિયન સ્કેવર ખાતે ૨ ઓક્ટોબરે કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

મહાત્મા ગાંધીની ૧૫૦મી જન્મજયંતિનું બે વર્ષ લાબું આયોજન કરાયું હતું, તેની સમાપ્તિ વખતે ભારતીય સમુદાયની સંસ્થાઓ સાથે ન્યુ યોર્કની કોન્સ્યુલેટ કચેરી પણ જોડાઈ હતી. કોન્સલ જનરલ અને અધિકારીઓ ભારતીય વિદ્યા ભવન અને ઈન્ટરનેશનલ અહિંસા ફાઉન્ડેશન સાથે જોડાયા હતા અને બીજી ઓક્ટોબરે ન્યુ યોર્કના યુનિયન સ્કેવેર ખાતે મહાત્મા ગાંધીને શ્રદ્ધાંજલિ પાઠવી હતી.

સાંસદ ગ્રેગરી મીક્સે પણ આ પ્રસંગે સંદેશ મોકલ્યો હતો. તેમણે કહ્યું હતું કે માર્ટીન લ્યૂથર કિંગ જુનિયરની જેમ આપણે સૌએ ગાંધીજીના અનુયાયી બનવું જોઈએ. આપણે ક્યારેય હિંસા કે ધિક્કારના શરણે ન જવું જોઈએ .. અન્ય નેતાઓ પણ કાર્યક્રમમાં જોડાયા હતા.

કોન્સલ જનરલ રણધીર જયસ્વાલના હસ્તે એમહર્સ્ટમાં ગાંધી પ્રતિમાનું અનાવરણ થયું હતું. તેમાં ઘણી શૈક્ષણિક સંસ્થાઓ અને ભારતીય વિદ્યાર્થીઓ જોડાયા હતા.

ગાંધી પીસ ગાર્ડન ખાતે પહેલી ઓક્ટોબરે કાર્યક્રમ યોજાયો હતો, તેમાં પણ કોન્સલ કચેરીના તથા શાંતિ ફંડના કર્મચારીગણ સાથે મહત્ત્વના નેતાઓ અને અગ્રણીઓ જોડાયા હતા. Shanti Fund.

જયસ્વાલે હોપેજમાં આવેલી ગાંધી પ્રતિમાની મુલાકાત લઈ ફૂલહાર કર્યા હતા. Gandhi150ના ગ્રાન્ડ ફિનાલે માટે ઓનલાઇન સ્પર્ધાની શરૂઆત કરાઈ હતી. કોલંબસની ગાંધી મેમોરિયલ સોસાયટીના સહયોગથી Mahatma Gandhi His Life and what I have learned from it એવા વિષય સાથે વર્ચ્યુઅલ વકતૃત્વ સ્પર્ધા યોજાઈ હતી. ૬ વર્ષના બાળકોથી ૨૫ વર્ષના યુવાનો માટેની આ સ્પર્ધા હતી.

આ ઉપરાંત ઓનલાઇન ક્વિઝ, ગાંધીજીના જીવન આધારિત એક મિનિટના વીડિયોની સ્પર્ધા, ચિત્ર સ્પર્ધા વગેરે પણ યોજાયા હતા, જેમાં અંદાજે ૨૫૦ યુવાનો જોડાયા હતા. ડો. શોભના રાધાકૃષ્ણની ઓનલાઇન ગાંધી કથાનો લાભ પણ શ્રોતાઓને મળ્યો હતો.

*(પરીખ વર્લ્ડવાઈડ મીડિયા)*

# રિક મહેતા માટે એશિયન અમેરિકન રિપબ્લિકન એલાયન્સનું ફંડરેઇઝિંગ

સેનેટની ચૂંટણી રહેલા રિક મહેતા માટે એશિયન અમેરિકન રિપબ્લિક એલાયન્સે (AARA) ૩૦ સપ્ટેમ્બરે ફંડરેઇઝિંગ માટે ડિનરનું આયોજન કર્યું હતું. રોયલ આલ્બર્ટ પેલેસ ખાતેના કાર્યક્રમમાં ૧૨૫ જેટલા સમર્થકો જોડાયા હતા.

AARAના ચેરમેન શ્રીધર ચિલ્લારાએ જણાવ્યું કે કોવિડને ધ્યાનમાં રાખીને બધા જ નિયમોનું પાલન કરાયું હતું.

રિક મહેતાએ ન્યૂઝ ઇન્ડિયા ટાઇમ્સ સાથે વાતચીત કરતાં કહ્યું કે બહુ મજાની મિટિંગ રહી. AARA તરફથી મને સંપૂર્ણ સમર્થન મળી રહ્યું છે તેઓ ખૂબ સારું સંગઠન ઊભું કરી રહ્યા છે.

બાયોટેક એન્ટ્રપ્રિન્યોર, ઇન્નોવેટર અને હેલ્થકેર પોલિસીના એક્સપર્ટ તરીકે જાણીતા મહેતા ૭ જુલાઇની પ્રાઇમરીમાં જીતીને ઉમેદવાર તરીકે પસંદ થયા છે.

ન્યુ જર્સી રિપબ્લિકન પાર્ટીના પ્રમુખ ડો. સ્ટેનહાર્ટ, સ્ટેટ સેનેટર સેમ થોમ્સન, મિડલસેક્સ કાઉન્ટીના રિપબ્લિક આયોજન લ્યુસીલ પેનોસ, ન્યુ જર્સીના સિક્સ્થ ડિસ્ટ્રિક્ટના ઉમેદવાર ક્રિસ્ટિન ઓનુઓહા વગેરે હાજર રહ્યા હતા.

આ પ્રસંગે વક્તવ્ય આપનારામાં અન્ય સાથે ડો. વિશાળ ધડુક, પરીખ વર્લ્ડવાઇડ મીડિયા અને આઇટીવી ગોલ્ડના ચેરમેન પદ્મશ્રી સુધીર પરીખ અને ચિલ્લારાનો સમાવેશ થતો હતો.

પોતાની કેમ્પેઇન સારી ચાલી રહી છે તેમ જણાવતા મહેતાએ કહ્યું કે ગવર્નર ફિલ મર્ફીથી સૌ કંટાળ્યા છે અને કોરી બૂકર ક્યાંય જોવા મળતા નથી. મતદારો ઇચ્છે છે કે તેમના મુદ્દાને ઉઠાવવામાં આવે. મને ઇન્ડિયન્સ, હિસ્પેનિક, ઇજિપ્શિયન, ગ્રીક, તુર્કી સહિત ઘણા વંશીય જૂથોનું સમર્થન મળી રહ્યું છે.



PHOTO: COURTESY AARA

(ડાબેથી) AARAના ચેરમેન શ્રીધર ચિલ્લારા, સેનેટની ચૂંટણી લડી રહેલા રિક મહેતા, ન્યુ જર્સી રિપબ્લિકન પાર્ટીના વડા ડો. સ્ટેનહાર્ટ.



PHOTO: COURTESY AARA

**AARAના શુભારંભ વખતે ૩૦ સપ્ટેમ્બરે યોજાયેલા કાર્યક્રમમાં પદ્મશ્રી ડો. સુધીર પરીખે વક્તવ્ય આપ્યું હતું.**

આ ડિનરમાં AARAના ચેરમેન ચિલ્લારાએ કહ્યું કે એશિયન અમેરિકન્સે રાજકીય પ્રક્રિયામાં વધારે સક્રિય થવાની જરૂર છે.

ડો. ધડુકે કહ્યું કે ડેમોક્રેટ્સ કલ્યાણ રાજ્યની વાતો કરીને પુરુષાર્થ અને સ્વાવલંબનની અમેરિકાના પરંપરાગત મૂલ્યોને પાછા હટાવી રહ્યા છે.

ગૌતમ પટેલે પણ હિન્દીમાં કવિતા રજૂ કરીને જણાવ્યું હતું કે ડેમોક્રેટ્સ લોકશાહી અને સ્વતંત્રતાનો નાશ કરી રહ્યા છે.

પ્રવીણ થડકમલા, પવન કુચાના, કૃષ્ણા વેમુરી, પિયુષ પટેલ અને હરી એપનપલ્લી, ધર્મેશ પટેલ, અતુલ વડોદરિયા, નીમિષ પટેલ, ભરત રાણા, સૌરભ ગુપ્તા, સમીર રાવલ, અરુણ કુમાર વગેરે પણ હાજર રહ્યા હતા.

ઇસ્ટ બ્રન્સવીક અને પિસ્કાવેમાં મેયર તરીકે ચૂંટણી લડી રહેલા જેસલ અમીન અને બ્રજેશ સિંહે પણ પોતાના પ્રચારના મુદ્દાઓ રજૂ કર્યા હતા.

AARA ન્યુ જર્સી પ્રેસિડન્ટ રવિ કોલ્લાએ જણાવ્યું કે બધા જ રિપબ્લિકન ઉમેદવારોને સમર્થન આપવું જરૂરી છે અને તે માટે પક્ષના સભ્ય થવા માટે તથા મતદાર તરીકે નામ નોંધાવવાની કાળજી લેવી જોઈએ. AARA ન્યુ જર્સી સ્ટેટ ડિરેક્ટર ધર્મેશ પટેલે આભાર દર્શન કર્યું હતું.

પરીખ વર્લ્ડવાઇડ મીડિયા, આઇટીવી ગોલ્ડ ઉપરાંત અન્ય ઇન્ડિયન અમેરિકન મીડિયાએ કાર્યક્રમનું કવરેજ કર્યું હતું. વધુ માહિતી માટે આ વેબસાઇટ્સ જોઈ શકાશે - visit www.aarausa.org અથવા ઇમેલ કરો - infoaarausa.org. *(પરીખ વર્લ્ડવાઇડ મીડિયા)*

# પારિતોષિક મેળવનારા છ વિજ્ઞાનીઓમાં બે ઇન્ડિયન અમેરિકન

નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ હેલ્થ (NIH) તરફથી છ વિજ્ઞાનીઓને કુલ એક મિલિયનના પારિતોષિક અપાયા, તેમાં બે ઇન્ડિયન અમેરિકન્સનો સમાવેશ થાય છે. સિકલ સેલ, મેલેરિયા અને એનેમિયાનું નિદાન કરવા ડિજિટલ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને સરળ ઉપકરણો વિકસાવવા માટે આ અનુદાન અપાયું છે.

ચેપી રોગના સેલ્ફ ટેસ્ટના સાધનો વિકસાવતી સાન હોજેના Luminostics Inc.ના સીઈઓ બાલા રાજા અને તેમના બે સાથીદારોને ૨૦૦,૦૦૦ મળશે. રાજાની કંપનીએ કરેલા પ્રયોગોમાં મોઢાની લાળ લઈને તેના પર ટેસ્ટ કરી શકાય તે માટેના પ્રયાસો થઈ રહ્યા છે.

બીજા ઇન્ડિયન અમેરિકન કોર્નેલ યુનિવર્સિટીના સૌરભ મહેતા છે, જેમની ટીમને પણ ૧૦૦,૦૦૦ પ્રાઇઝ મળશે. તેમની ટીમે મોબાઇલ ફોન આધારે ઝડપથી, લાળના નમૂના પરથી ટેસ્ટ કરવા માટેની પદ્ધતિ વિકસાવી છે. કોર્નેલ યુનિ.ના જણાવ્યા અનુસાર નાનકડું 3D-printed એડપ્ટર મોબાઇલ ફોન સાથે જોડીને તેનાથી ટેસ્ટ થઈ શકે છે. મોઢાની લાળનો નમૂનો લીધો હોય તેની ઇમેજનું સ્કેનિંગ મોબાઇલ કેમેરાથી કરીને મેલેરિયા, આઇરનની ઊણપ કે સોજા જેવા લક્ષણોનું ટેસ્ટિંગ ૧૫ મિનિટમાં થઈ શકે છે.



PHOTO: LINKEDIN

**સાન હોજેની Luminostics Inc.ના સીઈઓ બાલા રાજાની ટીમને એનઆઈએચની એક્સિલેટર ચેલેન્જ ૨૦૨૦ હેઠળ ૨૦૦,૦૦૦ ડોલરનું ઇનામ મળ્યું છે.**



PHOTO: CORNELL.EDU

**કોર્નેલ યુનિવર્સિટીના સૌરભ મહેતા અને તેમની ટીમને એક્સિલેટર ચેલેન્જ ૨૦૨૦ હેઠળ ૧૦૦,૦૦૦ ડોલરનું ઇનામ મળ્યું છે.**

*(પરીખ વર્લ્ડવાઇડ મીડિયા)*

## શ્રુતી પુરી બન્યા યંગ સાયન્ટિસ્ટ ફાઇનલિસ્ટ



PHOTO: YALE UNIVERSITY

શ્રુતી પુરી

બ્લેવેટનિક રિજનલ અવોર્ડ ફોર યંગ સાયન્ટિસ્ટના ત્રણ વિજેતા અને છ ફાઇનલિસ્ટના નામો ૨૩ સપ્ટેમ્બરે જાહેર થયા તેમાં કનેક્ટિકટની યેલે યુનિવર્સિટીના ઇન્ડિયન અમેરિકન શ્રુતી પુરીનો પણ સમાવેશ થાય છે. આસિસ્ટન્ટ પ્રોફેસર તરીકે કામ કરતાં પુરીની પસંદગી ક્વોન્ટમ સ્ટોરેજ એન્ડ કમ્પ્યુટિંગના ક્ષેત્રમાં ઉત્તમ સંશોધન બદલ ફાઇનલિસ્ટ તરીકે થઈ છે. બ્લેવેટનિક ફેમિલી ફાઉન્ડેશન અને ન્યુ યોર્ક એકેડમી ઓફ સાયન્સ તરફથી આ અવોર્ડ્ઝ અપાય છે. શ્રુતી પુરીને ૧૦,૦૦૦ ડોલરનું ઇનામ અપાશે. ફાઉન્ડેશને ન્યુ ઇન્ડિયા ટાઇમ્સને ઇમેઇલથી પ્રત્યુત્તરમાં જણાવ્યું હતું કે શ્રુતી ન્યુ યોર્ક એકેડમી ઓફ સાયન્સના સભ્ય બનશે અને તેમને ૨૦૨૧માં બ્લેવેટનિક સાયન્સ સિમ્પોઝિયમમાં આમંત્રણ આપવામાં આવશે. એરર વિશે તેમણે કરેલા અભ્યાસમાં સ્ટોરેજ માટેની નવી પદ્ધતિની શક્યતા ઊભી થઈ છે, જેને માઇક્રોવેવ ફોટોન્સ કહે છે.

## રિન્કી સેઠી બન્યા ટ્વીટરના ઇન્ફર્મેશન સિક્યુરિટી હેડ



TWITTER:@RINKISETHI

રિન્કી સેઠી

IBMમાં સિક્યુરિટી એક્ઝિક્યુટિવ તરીકે કામ કરી ચૂકેલા રિન્કી સેઠીની ટ્વીટરના નવા ચીફ ઇન્ફર્મેશન સિક્યુરિટી ઓફિસર તરીકે નિમણૂંક થઈ છે. પુરી પાલો આલ્ટો નેટવર્ક્સમાં ઇન્ફર્મેશન સિક્યુરિટીના વાઇસ પ્રેસિડન્ટ તરીકે કામ કરતા હતા. ટ્વીટરમાં ગયા ડિસેમ્બરથી સિક્યુરિટી ચીફની જગ્યા ખાલી પડી હતી. નવા ચીફની શોધ ચાલતી હતી તે દરમિયાન જ ટ્વીટરમાં મોટા પાયે સિક્યુરિટી બ્રીચ થઈ હતી. હેકર્સે ઇન્ટરનલ સિસ્ટમને હેક કરીને જો બાઇડન અને કિમ કાર્ડશિયન જેવી હસ્તીઓના એકાઉન્ટ હેક કરીને ચકચાર જગાવી હતી.



## ‘અમેરિકાઃ પ્રમુખપદની ચૂંટણી અને પ્રક્રિયા’



પ્રિય વાચકમિત્રો,

અમેરિકાના પ્રમુખપદ માટેની ચૂંટણી આગામી નવેમ્બર મહિનાના પ્રથમ સપ્તાહમાં યોજાઈ રહી છે. અમેરિકાનો રાજકીય ઈતિહાસ, અમેરિકાનું શાસન -માળખું, ચૂંટણી પધ્ધતિ, મતદાન અને મત ગણતરીની પ્રક્રિયા વગેરે બાબતો વિષે જાણવામાં આપ સહુને જરૂર રસ પડશે. આવતા અંકથી ગુજરાત ટાઇમ્સમાં પીઢ અને સંનિષ્ઠ પત્રકાર પ્રા. રમેશ ગાનાકરની લેખમાળા ‘અમેરિકાઃ પ્રમુખપદની ચૂંટણી અને પ્રક્રિયા’ શરૂ કરીએ છીએ. વાંચવાનું ચૂકશો નહિ.

હસમુખ બારોટઃ તંત્રી

NPZ Law Group, PC
Tel: 201-670-0006 x 107
Toll Free: 866-599-3625
www.visaserve.com

# એમ્પ્લોયમેન્ટ આધારિત ગ્રીન કાર્ડમાં કટ ઓફ ડેટ આગળ વધી રહી છે

અમેરિકાના વિદેશ મંત્રાલયે (૨૦૨૧ના વર્ષનું પ્રથમ) ઑક્ટોબર ૨૦૨૦નું વીઝા બૂલેટીન બહાર પાડ્યું છે. બૂલેટીનમાં નોકરી આધારિત અને ફેમિલી આધારિત એ બે કેટેગરીમાં ગ્રીન કાર્ડમાં બેકલોગ જણાય આવે છે.


માઈકલ ફૂલવાની


ડેવિડ એચ. નાચમેન


લુડકા ઝિમોલ્કેક


સ્નેહલ બત્રા

**એમ્પ્લોયમેન્ટ આધારિત, ફર્સ્ટ પ્રેફરન્સ EB-1**

ચીન અને ભારત માટે EB-1ની કટ ઓફ ડેટને લંબાવીને ૧ જૂન, ૨૦૧૮ કરાઇ છે. ફાઈલિંગ માટેની ડેટ ૧ સપ્ટેમ્બર, ૨૦૨૦ હતી.

**એમ્પ્લોયમેન્ટ આધારિત, સેકન્ડ પ્રેફરન્સ EB-2**

EB-1ની જેમ જ EB-2 પણ બીજા દેશો માટે કરન્ટ છે, જ્યારે ચીન અને ભારત માટે તે આગળ લંબાવીને ૧ માર્ચ, ૨૦૧૬ કરાઈ છે. ચીન માટે EB-2ની કટ ઓફ ડેટ ૧ ઓક્ટોબર, ૨૦૧૬ હતી. ભારત માટે આગળ વધારીને ૧ સપ્ટેમ્બર, ૨૦૦૯ થઈ છે. ભારત માટે EB-2ની કટ ઓફ ડેટ ૧૫ મે, ૨૦૧૧ છે.

**એમ્પ્લોયમેન્ટ આધારિત, થર્ડ પ્રેફરન્સ EB-3**

ચીન અને ભારતના સિવાયના દેશો માટે કરન્ટ છે. ભારત માટે EB-3 કટ ઓફ ડેટ ૧૫ જાન્યુઆરી, ૨૦૧૦ થઈ છે.

**એમ્પ્લોયમેન્ટ આધારિત, ફોર્થ પ્રેફરન્સ EB-4**

મેક્સિકો ગ્વાટેમાલા, હોન્ડુરાસ અને અલસાલ્વાડોર સિવાય બાકીના દેશો માટે કરન્ટ છે.

**એમ્પ્લોયમેન્ટ આધારિત, ફિફ્થ પ્રેફરન્સ EB-5**

ભારત સહિત સૌ દેશો માટે કરન્ટ છે. જોકે ચીનની કટ ઓફ ડેટ ૧૫ ઓગસ્ટ, ૨૦૧૫ યથાવત રહી છે.

આ રીતે જોઈએ તો કટ ઓફ ડેટ બહુ ઝડપથી એડવાન્સ થઈ રહી છે. ૨૦૨૧ના વર્ષ માટે સૌથી ઊંચી લિમિટ ગઈ છે - અંદાજે ૨૬૧,૫૦૦. વિદેશ મંત્રાલયના અંદાજ અનુસાર ભારત અને ચીનની કટ ઓફ ડેટ EB-1, EB-2, અને EB-3 હજીય આગળ વધી શકે છે.

અમેરિકાના ઈમિગ્રેશન અને નેશનલિટી લોઝ તમને કે તમારા મિત્રો, સગાઓને કેવી રીતે અસર કરી કે છે તેની વધુ માહિતી માટે NPZ Law Group (VISASERVE)ના લોયર્સનું માર્ગદર્શન મેળવી શકો છો. આ માટે ઈમેઈલ કરો - infovisaserve.com અથવા સંપર્ક કરો 201-670-0006 (x104). વધુ માહિતી માટે જુઓ અમારી વેબસાઈટ - http://www.visaserve.com.

VISASERVE
Nachman, Phulwani, Zimovcak
Law Group, P.C.
Immigration and Nationality Law

- Family-Based Green Cards
- Employment-Based Green Cards
- Labor Certification (PERM)
- Extraordinary Ability (O-1) Visas
- Entertainment Visas
- Naturalization & Citizenship
- Consular Processing
- Humanitarian Reinstatement
- Religious Worker Visas
- H-1B Visas
- L-1 Visas
- Investor Visas
- Complex Waivers
- Asylum
- Student Visas
- U Visas
- Canadian Visas
- DACA & DAPA

WWW.VISASERVE.COM
PH: 201-670-0006 (x107) | Toll-Free: 866-599-3625 | E-mail: info@visaserve.com
VISASERVE Plaza | 487 Goffle Road | Ridgewood, NJ 07450
Branchburg, NJ Office | New York City, NY Office | Indianapolis, IN Office
Affiliate Offices: Mumbai, India | Ahmedabad, India | Canada



Law Offices of
GOPAL T. KUKREJA
Attorney at Law
53 Colony Lane, Syosset, NY 11791
Ph: 212 594 0977 / Cell:516 476 1139
Family & Employment Immigration, Deportations, Appeals to BIA
Circuit Courts, Business & Real Estate Closings, Divorce, Incorporation &
Contracts, Wills, Landlord-Tenant, Personal Injury & Litigations.
FREE CONSULTATION

# અમેરિકામાં ઘરેબેઠાં મનગમતાં પુસ્તકો મેળવો

*ગુજરાતથી હજારો માઈલ દૂર બેઠેલા સેંકડો ગુજરાતીઓના હૃદયમાં ગુજરાત સતત ધબકતું હોય છે. તેઓ ગુજરાતી ભાષાનાં પુસ્તકો વાંચવા આતુર હોય છે, પરંતુ વિદેશની ધરતી પર આવાં પુસ્તકો હાથવગાં ન હોવાની મુશ્કેલી તેઓ વર્ષોથી અનુભવે છે. હવે તેનો અંત આવ્યો છે. અમારી યોજના મુજબ ગુજરાતી ભાષાનાં જૂનાં અને નવાં પુસ્તકો આપને ઘેરબેઠાં મળશે. આ સાથે મૂકવામાં આવેલી કૂપનમાં પૂરી વિગતો ભરીને તે ન્યુ યોર્ક ખાતે 'ગુજરાત ટાઇમ્સ'ના કાર્યાલયમાં મોકલી આપો. કૂપન મળ્યા પછી આપે જણાવેલા સરનામે પુસ્તકો ચારથી છ અઠવાડિયાંમાં મોકલી અપાશે. અધૂરાં સરનામાં તેમ જ સંપર્ક નંબર વગરના ઓર્ડર સ્વીકારવામાં આવશે નહિ.* *(Please allow four to six weeks for delivery)*



## હૃદયરોગીઓ માટે ૨૦૧ આહાર ટિપ્સ

**લેખકઃ ડો. બિમલ છાજેર**

રોજિંદા જીવનમાં ઉપયોગી ખોરાક માટેનું મૂલ્યવાન માર્ગદર્શન આ પુસ્તકમાં જોવા મળે છે. ડો. બિમલ એક નીવડેલા તજજ્ઞ છે. તેઓ આ ક્ષેત્રમાં અનેક વર્ષોનો અનુભવ ધરાવે છે. હૃદયરોગ સમગ્ર વિશ્વમાં કૂદકે ને ભૂસકે વધી રહ્યો છે. એવું કહેવાય છે કે હૃદયરોગ થવાનાં ૧૫માંથી ૧૦ કારણો તો આપણો ખોરાક છે. આપણી ખોરાકની કુટેવો આપણને આંગળી પકડીને હૃદયરોગ સુધી લઈ જાય છે. ખોરાકની મૂલ્યવાન સમજ આપતું, અનેક ભ્રમોને તોડતું આ પુસ્તક અણમોલ છે.

**કિંમતઃ US $ 18.00**



## ઊર્મિની ઓળખ (બે ભાગમાં)

**સંપાદકઃ જલન માતરી**

ગુજરાતી ભાષાના ખ્યાતનામ ગઝલકાર જલન માતરીએ બે ભાગમાં ગઝલોનો સુંદર આસ્વાદ કર્યો છે. ગુજરાતી ભાષાના જૂના ગઝલકારોથી શરૂ કરીને હર્ષ બ્રહ્મભટ્ટ સુધીના ગઝલકારોને તેમણે આવરી લીધા છે. ત્રણ કે ચાર પાનામાં તેમણે જે તે ગઝલકારની માહિતી તથા તેમની પ્રતિષ્ઠિત ગઝલોના શેર મૂક્યા છે. પહેલા ભાગમાં ૩૬ અને બીજા ભાગમાં ૩૭ ગઝલકારો વિશે લખાયું છે. દરેક ગઝલપ્રેમીઓએ અચૂકપણે આ પુસ્તક વસાવવું જોઈએ.

**કિંમતઃ US $ 23.00**



## ધનવાન બનવાનું વિજ્ઞાન

**લેખકઃ વોલેસ ડી. વોટલ્સ,**
**રજૂઆતઃ રાજીવ ભલાણી**

આ પુસ્તક ધનવાન બનવા સજ્જ થયેલી કોઈ પણ વ્યક્તિ માટે ફ્રેન્ડ, ફિલોશોફર અને ગાઈડ બની રહે તેવું છે. નિર્ધનતાની આપણે ત્યાં ગમે તેટલી સ્તુતિ ગવાઈ હોય પણ સત્યતા એ છે કે ધનવાન બન્યા વગર જીવનને સફળ બનાવી શકાતી નથી. આ પુસ્તક એવા લોકો માટે લખાયું છે જમની મુખ્ય જરૂરિયાત ધન છે. આ પુસ્તકને કારણે અનેક લોકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. અનેક પ્રકારના ઉદાહરણોથી આ પુસ્તક શોભી રહ્યું છે. આ પુસ્તક માણસને નવી દિશા અને નવી શક્તિ પણ આપે છે. પચાવવા જેવું સમૃદ્ધ પુસ્તક

**કિંમતઃ US $ 12.00**

## દાદાજીના ઉપચાર

**લેખકઃ ઋતુરાજ રાઠોડ**

છેલ્લાં થોડાં વર્ષોથી 'ગુજરાત ટાઈમ્સ'માં પ્રકાશિત થતી 'દાદાજીનું વૈદું' કોલમ આધારિત આ પુસ્તકમાં અનેક ઉપચારની માહિતી છે. આયુર્વેદ એ સૌથી જૂની તબીબી પદ્ધતિ છે અને આડઅસર વગર કોઈ પણ દર્દ મટાડવામાં તે સક્ષમ છે.



આ પુસ્તકમાં અનેક રોગોના ઉપચારની માહિતી ઉદાહરણ સાથે આપી છે. પુસ્તકમાં રસપ્રદ કથાતત્ત્વ હોવાથી માહિતી શુષ્ક બનતી નથી. તજ્જ્ઞ વૈદ્ય અને લેખક અહીં ખૂબ જ સરળ રીતે વાચકને રોગમાંથી કેવી રીતે મુક્તિ મળે તેનું શાબ્દિક બયાન કરે છે.

**કિંમતઃ US $ 15.00**

## દાદાજીનાં ઓસડિયાં

**લેખકઃ ઋતુરાજ રાઠોડ**

ગુજરાતના જાણીતા વૈદ્યની કલમે લખાયેલા આ પુસ્તકમાં આયુર્વેદ દ્વારા ઘરગથ્થુ ઉપચાર કરીને કઈ રીતે અનેક બીમારીઓમાંથી સાજા થઈ શકાય છે તેની વિગત મૂકવામાં આવી છે. આ પુસ્તકની વિશેષતા એ છે કે તેમાં



અનેક બીમારી અને તેના નિદાનને આવરી લેવાયાં છે. લેખક ખૂબ જ અનુભવી વૈદ્ય છે. તેમણે અત્યાર સુધી લાખો દર્દીઓને સાજા કર્યા છે. અનેક જીવલેણ અને ન મટી શકે તેવા રોગોમાં પણ તેમણે સફળતા મેળવી છે. આ પુસ્તક વાચકોને સ્વાસ્થ્ય તરફ દોરી જશે.

**કિંમતઃ US $ 15.00**

2 09/18/20

**GUJARAT TIMES**
35 Journal Square, Suite 204, Jersey City, NJ 07306
**Tel: (212) 675-7515 • Fax: (212) 675-7624**
Email: advt@gujarattimesusa.com

Name: ______________________
Address: ______________________
City: __________ State: ______ Zip: ________
Phone: ______________________ **(Must)**
Email: ______________________

| QTY | TITLE | PRICE US $ |
|---|---|---|
| | ધનવાન બનવાનું વિજ્ઞાન<br>Dhawan Banavanu vigyan | 12.00 |
| | હૃદયરોગીઓ માટે ૨૦૧ આહાર ટિપ્સ<br>Hradayrogio Mate 201 Aahar Tips | 18.00 |
| | ઊર્મિની ઓળખ (બે ભાગમાં)<br>Urmini Olakh (2 parts) | 23.00 |
| | દાદાજીના ઓસડિયાં<br>Dadajinan Osadiya | 15.00 |
| | દાદાજીના ઉપચાર<br>Dadajina Upchar | 15.00 |
| | **PLUS Handling Charge** | |
| | for one book only | 1.00 |
| | for two to four books | 2.00 |
| | for five or more books | 4.00 |
| | **Total** | |

☐ Check Enclosed OR
Charge My: ☐ VISA ☐ MC ☐ AMEX ☐ DISCOVER
Card No. ______________________
Exp. Date: __________ CVV code ___ ___ ___ ___
(This number is 3 digits & is the non-embossed number printed on the signature panel on the back of your card immediately following the card account number and 4 digit security code for Amex on front of the card. This number is recorded as an additional security precaution.)
Signature ______________________

# કોરોનાના ઓથાર નીચે જીવાતા આપણા સહુનાં જીવનની વાત!

## અમે આપ સહુને આત્મીયતાથી આમંત્રણ આપીએ છીએ - કોરોનાનાં ઓછાયા હેઠળ જીવાતા આપનાં જીવનની વાતો, આપના અનુભવોની વાતો ૪૦૦ શબ્દોમાં લખીને અમને મોકલો!

❑ કોરોનાથી આકુળ-વ્યાકુળ સમયકાળમાં તમારા સંવેદનોની વાત!

❑ તમારી સાવચેતી, તમારી કાળજી, તમારા ચિંતા, તમારો ઉચાટ, તમારી વ્યથા ને કોરોનાની કથા



❑ તમારી સાવધાની, તમારી હિંમત, તમારો જીવન પ્રત્યેનો બદલાયેલો અભિગમ

❑ તમારા વિચારની વિસ્તરેલી ક્ષિતિજો ........

❑ તમારા જીવનસાથી, તમારા પતિ, તમારી પત્ની, તમારાં બાળકો, તમારાં પૌત્ર-પૌત્રીઓ, ભારત-ગુજરાતના ગામમાં કે શહેરમાં વસતાં સગાંસંબંધી ને સ્વજનોને પડતી તકલીફો, તેમણે કોરોનાથી બચવા માટે લીધેલી કાળજી

❑ કોરોના પ્રત્યે તમારો રોષ, આક્રોશ ને જીવન પ્રત્યે તમારો સકારાત્મક અભિગમ...લખો!

❑ તમારાં સુખદુઃખ, સંઘર્ષ, દ્વન્દ્વ ...બધું જ લખો!

❑ હાલમાં બાળકો ઘરમાં આખો દિવસ શી શી પ્રવૃત્તિઓ કરે છે?

❑ તમે આઠ - નવ મહિનાના સમયકાળમાં કેવા કેવા અનુભવોમાંથી પસાર થયા? શું શું પ્રિકોશન્સ લીધાં?

❑ શરદી થઈ, ખાંસી થઈ, તાવ આવ્યો, માથું દુખ્યું? સાચું લખજો- ગભરાયા વિના !

❑ ડોક્ટરનો સંપર્ક કર્યો હતો ખરો? કોઈ દવા લીધી? મજબૂત મનોબળ, અડગ આત્મવિશ્વાસ અને ઈશ્વરકૃપાથી તમે હેમખેમ છો ને?- લખો!

❑ રાવણ, કંસ, મહિષાસુર, હિરણ્યકશયપુથી હિટલર સુધી જગતમાં આવેલાં તમામ આસુરી અને અનિષ્ટ તત્વો સામે હમેશાં સત્યનો ને ઇષ્ટ તત્ત્વોનો વિજય થયો છે ...જગતમાં સત્ય, શુભ અને સુંદરની સદા સ્થાપના થતી રહી છે...

❑ અનિષ્ટ ને અસત્ય ઊભી પૂંછડીએ નાઠું છે..અદૃશ્ય થયું છે. કોરોનાનું અનિષ્ટ પણ પરાજિત થશે... કોરોના નામના અસુરનો પણ સદાને માટે નાશ થશે. નેસ્તનાબૂદ થશે..

❑ કોરોનાની ઐસી કે તૈસી, તમે ક્ષેમકુશળ છો, અને હંમેશા ક્ષેમકુશળ રહેવાના ...

❑ તમારી રોજીંદી જીવનચર્યામાં શું શું કરો છો? તમારો સમય કેવી રીતે વ્યતીત થાય છે?શાં શાં સમાધાનો કરવાં પડ્યાં? મંદિરમાં દર્શન કરવા જઈ શકતા નથી, સામાજિક મેળાવડા યોજાતા નથી, સગાંસંબંધીઓ કે મિત્રોને ઘેર જવાતું નથી. હાલ બધું જ બંધ છે. તમે ઘરમાં સતત પૂરાઈ ગયા હો તેવી લાગણી થાય છે? તો લખો!

મિત્રો, હાલની પરિસ્થિતિમાં આપ સહુએ કાળજી તેમજ સાવચેતી રાખવી જરૂરી છે. કોરોનાનાં સંક્રમણથી દૂર રહેવા માટે તમામ પ્રિકોસન્સ લેજો. માસ્ક પહેરવો, સોશ્યલ ડિસ્ટન્સિંગ જાળવવું, સેનેટાઈઝર્સનો ઉપયોગ કરવો, સાબુથી હાથ ધોવા વગેરે તમામ નિયમોનું પાલન કરજો. પૌષ્ટિક આહાર લેજો. આપણે સહુએ સાથે મળીને કોરોનાની મહામારીને ખતમ કરવાની છે.

❑ હાલ મળેલા સમયમાં, નવરાશમાં સકારાત્મક વલણ અપનાવીને મનગમતું કામ કરી રહ્યા છો? તો લખો!

❑ તમને અંગત ડાયરી લખવાની ટેવ છે? તો લખો!

❑ મનગમતાં પુસ્તકો વાંચી શકો છો? તો લખો!

❑ તમે યોગને મેડિટેશન કરો છો? તો લખો!

❑ શું શું કરો છો? ને શું શું નથી કરતા? તમારા



મનની વાત, તમારા એકાંતની વાત...લખો !

❑ પરિવાર સાથે ઘરમાં રહેવાનો મોકો મળ્યો છે? લખો!

❑ મિત્રો, ગુજરાત ટાઇમ્સ આપનું મિત્ર છે. આવો, આપણે પરસ્પર સંવાદનો સેતુ રચીએ, એકમેકના સુખદુખમાં, ˙ વેદના -સંવેદનામાં સહભાગી બનીએ..!

આપનું લખાણ અમે ‘ગુજરાત ટાઇમ્સ’માં સપ્રેમ પ્રકાશિત કરીશું. અમેરિકામાં વસતા હજારો ગુજરાતી પરિવારો સુધી તમારી વાત ‘ગુજરાત ટાઈમ્સ’ દ્વારા પહોંચશે.

આપનું લખાણ સુવાચ્ય અક્ષરોમાં લખીને અમને નીચેના સરનામે મોકલવા વિનંતી.

**Editor**
Gujarat Times
35 Journal Square, Suite 204,
Jersey City, NJ 07306
Email:
editor@gujarattimesusa.com

# બ્લેકહોલના રહસ્યો સમજાવનાર ત્રણને ભૌતિકશાસ્ત્રનું નોબેલ પારિતોષિક

**સ્ટોકહોમ:** ભૌતિક વિજ્ઞાન માટે આ વર્ષનું નોબલ પારિતોષિક રોજર પેનરોઝ, રિનહાર્ડ ગેંજેલ અને એંડ્રીય ગેજને આપવામાં આવશે. રોજર પેનરોઝે આલ્બર્ટ આઇન્સ્ટાઇનના સાપેક્ષવાદના સિદ્ધાંતને સમજવા માટે એક ગણિતિય રીત તૈયાર કરી છે અને તેના માટે તેમને આ પારિતોષિક મળશે. ગેંજેલ અને ગેજને સંયુક્ત રૂપે બ્લેક હોલ અને મિલ્કી વેના રહસ્યો સમજાવવા માટે નોબલથી નવાજવામાં આવશે.



નોબેલ વિજેતા એન્ડ્રીઆ ગેજનો જન્મ ૧૯૬૫માં અમેરિકાના ન્યુ યોર્ક સિટીમાં થયો હતો. લોરિયેટ રિનહાર્ડ ગેંઝેલનો જન્મ ૧૯૫૨માં જર્મનીના બેડ હમ્બર્ગ વોરડર હોહેમાં થયો હતો. તેઓ જર્મની અને યુકબરકેલે યુ.એસ.એ.ના ગેસ્ટિંગ, એક્સ્ટ્રાટેરેસ્ટ્રીયલ ફિઝિક્સ, મેક્સ પ્લાંક ઇન્સ્ટિટ્યૂટના પ્રોફેસર છે. રોજર પેનરોઝનો જન્મ ૧૯૩૧ માં કોલચેસ્ટર લંડનમાં થયો હતો. હાલમાં તેઓ ઓક્સફર્ડ યુનિવર્સિટીમાં પ્રોફેસર છે. સ્ટોકહોમમાં રોજર પેનરોઝ, રિનહાર્ડ જેન્ગેલ, એન્ડ્રીઆ ગેજનાં નામની ઘોષણા કરવામાં આવી.

પાંચ ઓક્ટોબરે બે અમેરિકન અને એક બ્રિટિશ એમ ત્રણ વૈજ્ઞાનિકોને હિપેટાઇટીસ C વાઇરસની શોધ બદલ આ વર્ષે ફિઝિયોલોજી અને મેડિસિનનું નોબલ પ્રાઇઝ આપવાની ઘોષણા કરાઇ હતી. હાર્વે જે ઓલ્ટર, માઇકલ હ્યૂટન અને ચાર્લ્સ એમ રાઇઝ એ ત્રણ વૈજ્ઞાનિકો છે, જેમણે હિપેટાઇટીસ Cની શોધ કરી છે. વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઇઝેશને કહ્યું કે દર વર્ષે વિશ્વમાં સાત કરોડ જેટલા હિપેટાઇટીસ C વાઇરસના કેસ આવે છે અને તેના કારણે વાર્ષિક ચાર લાખ લોકોના મોત થાય છે. આ ત્રણેય વૈજ્ઞાનિકોને તેમની આ શોધ માટે નોબલ પ્રાઇઝ આપવામાં આવશે. આ વાઇરસની શોધ એ આખા વિશ્વ માટે એક મહત્ત્વની શોધ સાબિત થશે કારણ કે હિપેટાઇટીસ C સિરોસિસ અને યકૃતના કેન્સરનું મુખ્ય કારણ છે. હિપેટાઇટીસ C વાઇરસની શોધ પછી હિપેટાઇટીસ C વાઇરસ પર નિર્દેશિત એન્ટિવાયરલ દવાઓના ઝડપી વિકાસને પણ મંજૂરી મળી છે. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

# અમેરિકામાં H1B વિઝા સસ્પેન્ડ કરવાની વિચારણા, ભારતીય IT પ્રોફેશનલ્સનું ભાવિ સંકટમાં

**ન્યુ યોર્ક:** અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પના વહીવટીતંત્રે ટેકનોલોજી કંપનીઓ દ્વારા વ્યાપકપણે ઉપયોગમાં લેવામાં આવતા ઇમિગ્રેશન વિઝા માટેના નિયમો કડક બનાવવાની જાહેરાત કરી છે, અને દાવો કર્યો છે કે અમેરિકન કામદારો માટે નવી સિસ્ટમ વધુ સારી હશે.

અમેરિકાની હોમલેન્ડ સિક્યુરિટી ડિપાર્ટમેન્ટે મંગળવારે ઉચ્ચ કુશળ કામદારો માટે કહેવાતા H1-B વિઝા માટેના નવા નિયમોની જાહેરાત કરી છે, જે વાર્ષિક ૮૫,૦૦૦ ઇમિગ્રન્ટ્સને મંજૂરી આપે છે. અમેરિકાની IT કંપનીઓમાં ૭૦% ભારતીયો H-1B વિઝા પર કામ કરે છે. જેને કારણે અમેરિકનોને નોકરી નથી મળતી. એક અંદાજ મુજબ આશરે ૫૦૦,૦૦૦થી વધુ અમેરિકનો H-1B વિઝા પર કામ કરતા વિદેશીઓના લીધે નોકરી ગુમાવે છે.

બીજી ઓક્ટોબરે અમેરિકાના એક ફેડરલ જજે ટ્રમ્પ વહીવટીતંત્ર દ્વારા H-1B Visa વિઝાઓ સહિતના સંખ્યાબંધ વિઝાઓ અને વર્ક પરમિટો પરનો હંગામી પ્રતિબંધ અટકાવ્યો હતો અને ચૂકાદો આપ્યો હતો કે ડોનાલ્ડ ટ્રમ્પ તેમની બંધારણીય સત્તા વળોટી ગયા છે. અમેરિકી ડિસ્ટ્રિક્ટ જજ જેફરી વ્હાઇટ જેઓ નોર્ધન ડિસ્ટ્રિક્ટ કેલિફોર્નિયાના ડિસ્ટ્રિક્ટ જજ છે, તેમણે આ આદેશ જાહેર કર્યો હતો જે આદેશ ડિપાર્ટમેન્ટ ઓફ કોમર્સ અને ડિપાર્ટમેન્ટ ઓફ હોમલેન્ડ સિક્યોરિટીને લાગુ પડશે જેમની વિરુદ્ધ અમેરિકી ચેમ્બર ઓફ કોમર્સ તથા વિવિધ વ્યાપાર ઉદ્યોગ સંગઠને અરજીઓ કરી હતી.

આ આદેશથી ઘણા હાનિકારક વિઝા નિયંત્રણો પર તાત્કાલિક પ્રતિબંધ આવશે જે નિયંત્રણો આર્થિક રિકવરી માટે જરૂરી એવી નોકરીની ખાલી જગ્યાઓ ભરવાના આડે આવતા હતા એમ નેશનલ એસોસિએશન ઓફ મેન્યુફેક્ચરર્સ દ્વારા જણાવવામાં આવ્યું હતું. જુન મહિનામાં ટ્રમ્પે એક વટહુકમ જારી કરીને નવા H-1B વિઝા જારી કરવા પર આ વર્ષના અંત સુધી માટે પ્રતિબંધ મૂકી દીધો હતો, જે વિઝાનો ઉપયોગ ઘણી અમેરિકન અને અમેરિકામાં કાર્યરત ભારતીય ટેકનોલોજી કંપનીઓ વિદેશથી કર્મચારીઓ બોલાવવા માટે કરે છે અને આ વિઝા પર ઘણા ભારતીય આઇટી કર્મચારીઓ અમેરિકા નોકરી કરવા જાય છે. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

# UNમાં ચીનની આબરુના ધજાગરા, ૩૯ શક્તિશાળી દેશોએ આ મુદ્દે ચીનને આડે હાથ લીધું

**નવી દિલ્હી:** દુનિયાના સૌથી મોટા મંચ પર ચીનને જોરદાર લપડાક પડી છે. સંયુક્ત રાષ્ટ્ર સંઘ (UN)માં હોંગકોંગ, તિબ્બત અને ઘરઆંગણે ઉઇગર મુસલમાનોના માનવાધિકારને કચડી નાખવાના મુદ્દે લાંબા સમયથી દુનિયાની ટીકાનો સામનો કરી રહેલા ચીન વિરુદ્ધ સંયુક્ત રાષ્ટ્રના અધિવેશનમાં ૩૯ દેશોએ અવાજ ઉઠાવતા ચીનને ફટકાર લગાવી છે.

UN સમિટમાં લગભગ ૪૦ પશ્ચિમ દેશોએ ચીની HR પોલીસી અને લઘુમતી સમુદાયોની સાથે ચીનના વર્તનને લઇને શી જિનપિંગની સરકારને આડે હાથ લીધી. શિનજિયાંગ અને તિબ્બતની માનવાધિકાર પોલીસી વિશે થયેલા મંથનમાં ચીનને પછડાટ ખાવાનો વારો આવ્યો છે. મંગળવારે આયોજિત આ સમિટમાં હોંગકોંગમાં લાગુ કરાયેલા ચીનના નવા વિવાદિત રાષ્ટ્રીય સુરક્ષા કાયદાના પ્રભાવ ઉપર પણ ગંભીર ચિંતા વ્યક્ત કરાઇ હતી.

અમેરિકા, યુરોપીયન દેશોની સાથે સાથે જાપાને પણ UNના મંચથી ચીનના વિસ્તારવાદી એજન્ડા અને સંબંધિત ક્ષેત્રોમાં ગેરકાયદેસર રીતે ચીની હસ્તક્ષેપ કે ઘૂસણખોરી પર નારાજગી વ્યક્ત કરી છે. આ તમામ દેશોએ એકસૂરમાં કહ્યું કે શું ચીનને આ બધું કરવાની છૂટ મળવી જોઇએ? કે પછી તેને રોકવાનો કોઇ રસ્તો કાઢવા પર બધાએ ભાર મૂકવો જોઇએ.

UN માનવાધિકાર ચીફ મિશેલ બચેલેટ સહિત તમામ દેશોએ ચીની ડિટેન્શન સેન્ટર્સ પર ઉઇગર મુસલમાનો સાથે થઇ રહેલા જુલ્મ અને અત્યાચારની સાથે અન્ય લઘુમતી સમુદાયોના ઉત્પીડન વિશે પણ અવાજ બુલંદ કરતા ચીનને ચારેબાજુથી ઘેરાબંધી કરી છે.

UNની માનવાધિકાર કમિટીની બેઠકમાં સામેલ દેશોએ સંયુક્ત રીતે નિવેદન બહાર પાડતા ચીનને પોતાની માનવાધિકાર નીતિ પર ધ્યાન આપીને લઘુમતી સમુદાયોનું ઉત્પીડન બંધ કરી પોતાનું વલણ સુધારવાનું કહેવાયું.

હોંગકોંગમાં લાગુ થયેલા વિવાદાસ્પદ ચીની સુરક્ષા કાયદાને હોંગકોંગની ન્યાયપાલિકામાં હસ્તક્ષેપ ગણાવતા હાલાત સામાન્ય કરવા જણાવ્યું છે જેથી કરીને અનેક વર્ષો પહેલા ચીને કરેલા વાયદાનું માન જળવાઇ રહે. સંયુક્ત નિવેદન બહાર પડ્યા બાદ UNમાં જર્મનીના રાજદૂત ક્રિસ્ટોફ હ્યુજેને કહ્યું કે આજે માનવાધિકારો માટે એક મોટી આશા ઊભી થઇ છે, જે ચીનમાં ઉઇગર મુસલમાનો માટે પણ મોટી આશા છે.

અમેરિકા, જાપાન, અને તમામ યુરોપીયન દેશોએ શિનજિયાંગમાં આંતરરાષ્ટ્રીય પર્યવેક્ષક મોકલવાની વકીલાત કરતા ચીનને હોંગકોંગની આઝાદી બહાલ કરવા જણાવ્યું છે. આ બાજુ ચીનની તમામ નાપાક હરકતોમાં સાથ આપતા પાકિસ્તાને અહીં પણ ચીનને સાથ આપ્યો છે. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

## રશિયાની કોરોના વેક્સિનનું મોટા પાયે પરીક્ષણ કરવાની મંજૂરી ભારતે ના આપી

**મોસ્કો:** કોરોના સામે રશિયાની વેક્સિન સ્પુતનિક-




વીની મોટા પાયે ટ્રાયલ કરવાની પરવાનગી આપવાનો ભારતે ઈનકાર કર્યો છે. આ વેક્સિનની અસર જાણવા માટે દવા કંપનીએ સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશન પાસે મંજૂરી માંગી હતી. જોકે આ મંજૂરી આપવાનો પ્રસ્તાવ સ્વીકારાયો નથી. એજન્સીએ કહ્યું છે કે, પહેલા નાના પાયે તેની ટ્રાયલ હાથ ધરવામાં આવે અને પછી તેના પર આગળ વિચારણા કરશે.

સેન્ટ્રલ ડ્રગ્સ સ્ટાન્ડર્ડ કન્ટ્રોલ ઓર્ગેનાઇઝેશનના નિષ્ણાતોનું માનવું છે કે, વિદેશમાં પણ આ વેક્સિનના શરૂઆતી ડેટા અને સંશોધન બહુ નાના પાયા પર હાથ ધરાયા છે અને રસી માટે ભારતની ભાગીદાર દવા કંપની પાસે તેના કોઈ ઈનપુટ પણ નથી.

જોકે ભારત સરકારના ઈનકાર બાદ રશિયાની તૈયારીઓને ઝાટકો વાગ્યો છે. કારણકે રશિયા જ્યાં કોરોનાના નવા કેસ બહુ વધારે હોય એવા દેશમાં વેક્સિનને એપ્રૂવલ મળે તેમ ઈચ્છી રહ્યુ છે. એવું મનાય છે કે, ભારત બહુ જલ્દી અમેરિકાને પાછળ છોડીને સંક્રમણના મામલામાં દુનિયામાં નંબર વન પર આવી જશે. સ્પુતનિક-વી નામની વેક્સિન માટે ભારતની એક દવા કંપનીએ રશિયા સાથે કરાર કર્યા છે. રશિયામાં મોટા પાયે વેક્સિનનુ પરીક્ષણ કરાયું છે અને તેના પ્રભાવ અને સેફટીને લઈને સવાલો પણ ઉઠયા છે.

# કોરોનાની બીજી લહેર પર પણ ન્યુ ઝીલેન્ડનો વિજય, દેશમાં ઉજવણી કરાશે

**વેલિંગ્ટન:** કોરોનાની મહામારી વચ્ચે ન્યુ ઝીલેન્ડે ફરી એક વખત કોરોના વાઇરસ પર વિજય પ્રાપ્ત કર્યો છે. કોરોના વાઇરસની બીજી લહેર પર પણ આ ટ્યૂકડા દેશે કાબૂ મેળવીને દુનિયાને દંગ કરી દીધું છે.

ન્યુ ઝીલેન્ડમાં લોકોએ તેની જોરદાર ઉજવણીની તૈયારીઓ શરૂ કરી છે. આ પહેલા ન્યુ ઝીલેન્ડના આરોગ્ય મંત્રાલયે જાહેરાત કરી હતી કે, ઓકલેન્ડમાં કોરોનાના જે છ દર્દીઓ હતા તે સાજા થઈ ગયા છે અને દેશમાં હવે કોરોના વાઇરસનો એક પણ કેસ નથી.

અત્રે ઉલ્લેખનીય છે કે, આ દર્દીઓ ઓગસ્ટમાં સામે આવ્યા હતા. આ પહેલા કોરોના પર ન્યુ ઝીલેન્ડ



કાબૂ મેળવી ચુક્યુ હતુ. જોકે ૧૦૨ દિવસ બાદ નવા દર્દીઓ જોવા મળતા ચિંતા ફેલાઈ હતી પણ હવે આ દર્દીઓ સાજા થઈ ગયા બાદ ઓકલેન્ડમાં તમામ પ્રતિબંધો પણ હટાવી દેવાયા છે. તેની સાથે સાથે દેશમાં કોઈ પણ સ્થળે ચાર લોકોથી વધુ ભેગા થવા પરનો તેમજ રેસ્ટોરન્ટમાં ૧૦૦થી વધુ લોકોના જમવા પરનો પ્રતિબંધ પણ દુર કરાયો છે.

ન્યુ ઝીલેન્ડ સરકારે જાહેરાત કરી છે કે, ૧૮ ઓક્ટોબરે કોરોના પરના વિજયની ઉજવણી કરાશે. લોકોએ સામૂહિક પ્રયાસોથી ફરી કોરોનાને માત આપી છે. ન્યુ ઝીલેન્ડમાં કોરોના વાઇરસ માટે બનાવાયેલી સિસ્ટમ અસરકારક પૂરવાર થઈ છે.

# અમેરિકા સૌથી વધુ ગોલ્ડ રિઝર્વ રાખતો દેશ, ભારત નવમા ક્રમે

**નવી દિલ્હી:** સોનું એક એવી ધાતુ છે જેને દરેક દેશ વધુમાં વધુ સંગ્રહ કરવાની ઇચ્છા રાખે છે. કોવિડ-૧૯ મહામારી દરમિયાન વિશ્વભરમાં કેન્દ્રીય બેંકોએ પોતાનું રિઝર્વ ગોલ્ડ વધાર્યુ છે. ગોલ્ડ ખરીદવાનો આ ટ્રેન્ડ આ વર્ષ દરમિયાન વધુ જોવા મળ્યો છે. દરેક દેશ પોતાની પાસે સ્વર્ણ ભંડાર એટલે કે ગોલ્ડ રિઝર્વ રાખે છે. આ ગોલ્ડ રિઝર્વ દેશની કેન્દ્રીય બેંક પાસે હોય છે. કેન્દ્રીય બેંક આ ગોલ્ડ રિઝર્વને કોઇ પણ સંકટના સમયમાં દેશની આર્થિક સુરક્ષા માટે આનો ઉપયોગ કરવામાં આવે છે. ગોલ્ડ રિઝર્વ રાખવા મામલે અમેરિકા પહેલા ક્રમે છે.



અમેરિકા પાસે હાલ ૮૧૩૫.૫ મેટ્રિક ટન સોનું છે. બીજા ક્રમે જર્મની છે જેની પાસે ૩૩૬૩.૬ મેટ્રિક ટન સોનું છે જે તેના કુલ વિદેશી ભંડારના ૭૫ ટકા છે. ૨૪૫૧.૮ મેટ્રિક ટન ગોલ્ડ રિઝર્વ સાથે ઇટાલી ત્રીજા ક્રમે છે. ફ્રાન્સ પાસે ૨૪૩૬ મેટ્રિક ટન સોનું છે જે આ યાદીમાં ચોથા ક્રમે છે. દુનિયાનો સૌથી મોટો દેશ ગણાતાં રશિયા પાસે ૨૦૪૦ મેટ્રિક ટન સોનું છે તો ભારતનો પાડોશી દેશ ચીન ૧૯૪૩ મેટ્રિક ટન સોના સાથે છઠ્ઠા ક્રમે છે. સ્વિટ્ઝર્લેન્ડ આ યાદીમાં સાતમાં ક્રમે છે અને આ દેશમાં ૧૦૪૦ મેટ્રિક ટન સોનું ગોલ્ડ રિઝર્વમાં છે. જાપાન સોનાના ભંડાર રાખવાની બાબતમાં આઠમા ક્રમે છે. જાપાનની સત્તાવાર ગોલ્ડ હોલ્ડિંગ ૭૬૫.૨ મેટ્રિક ટન છે. ભારત પાસે ૬૫૩ મેટ્રિક ટન સોનું છે. આ સાથે, ભારત ગોલ્ડ રિઝર્વની દ્રષ્ટિએ નવમા ક્રમે આવે છે. નેધરલેન્ડ સોનાના ભંડાર રાખવાની બાબતમાં દસમાં ક્રમે આવે છે. નેધરલેન્ડ્સ પાસે ૬૧૨.૫ મેટ્રિક ટન સોનું છે.

કોરોના મહામારીમાં વિશ્વભરની તમામ સેન્ટ્રલ બેન્ક પોત-પોતાની ગોલ્ડ રિઝર્વ વધારી રહી છે. તદઉપરાંત સેન્ટ્રલ બેન્કોના રિઝર્વ મેનેજમેન્ટમાં સોનું હંમેશા મુખ્ય ભૂમિકામાં રહ્યું છે. જુલાઇ મહિના સુધી ઉપલબ્ધ ગોલ્ડ રિઝર્વ ડેટા અનુસાર અત્યારના મહિનાઓમાં સોનાની ખરીદીમાં વૃદ્ધિ થઇ છે. એટલે કે સોનાની કુલ ખરીદી અને વેચાણ પછી વિશ્વની સેન્ટ્રલ બેન્કોની પાસે જુલાઇમાં સરેરાશ નવ ટન સોનું રિઝર્વમાં આવ્યું. ગોલ્ડ ખરીદીનો આ ટ્રેન્ડ આખા વર્ષ દરમિયાન જોવા મળી શકે છે. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

# કોરોના અપડેટ : મહારાષ્ટ્રમાં રિકવર થનાર દર્દીઓનો આંકડો ૧૨ લાખ નજીક

**નવી દિલ્હીઃ** વૈશ્વિક મહામારી કોરોના વાઇરસના લીધે આપણા દેશમાં પણ જોરદાર મહામારી સર્જાઈ છે જેનાં કારણે દેશની આર્થિક સ્થિતિ પણ કથળાઈ ગઈ છે. કોરોના વાઇરસનાં દિનપ્રતિદિન હજારોની સંખ્યામાં કેસો સામે આવી રહ્યા છે તથા કહી શકાય કે હજારો લોકો કોરોનાની ચપેટમાં આવી રહ્યા છે. કોરોનાને નિયંત્રિત કરવા માટે ડોક્ટરો ખડેપગે છે પરંતુ જેવી રીતે કેસો નોંધાઈ રહ્યા છે તે ચિંતાજનક છે. જો કે થોડાક પ્રમાણમાં કોરોનાની ગતિ ધીમી પડી છે. છેલ્લાં ૨૪ કલાકમાં ૭૮,૮૦૯ લોકો કોરોનાની ચપેટમાં આવ્યા છે, જ્યારે તેની સરખામણીમાં ૮૩,૨૦૯ દર્દીઓ રિકવર થયા છે. તો બુધવારે ૯૬૩ દર્દીઓનાં સારવાર દરમિયાન મોત નિપજ્યા છે. તે સિવાય મહારાષ્ટ્રમાં કુલ ૧૪,૮૦,૦૦૦ કેસોની સરખામણીએ રિકવર થનાર દર્દીઓની સંખ્યા ૧૧,૯૬,૦૦૦ છે જે ૧૨ લાખ વટાવી ચૂકવાની નજીક છે.

વિશ્વમાં સૌથી કોરોનાગ્રસ્ત દેશ અમેરિકા છે



તો બીજા સ્થાને આપણો દેશ જ્યાં અત્યાર સુધી કુલ ૬૮,૩૨,૯૮૮ કેસો નોંધાઈ ચૂક્યા છે જ્યારે ૫૮ લાખ ૨૪,૪૬૨ દર્દીઓ રિકવર થઈ ચૂક્યા છે તો ૧,૦૫,૫૫૪થી વધુ લોકો કોરોનાનો ભોગ બની ચૂક્યા છે. બુધવારે તમામ રાજ્યોને મળીને કુલ ૧૧,૯૪,૩૨૧ કોરોના ટેસ્ટ કરવામાં આવ્યા હતા, જ્યારે અત્યાર સુધી દેશભરમાં કુલ ૮,૩૪,૬૫,૯૭૫ કોરોના ટેસ્ટ કરાયા છે. રિકવરી રેટની વાત કરીએ તો ૮૫.૩ ટકાના દરે દર્દીઓ રિકવર થઈ રહ્યા છે તો ૧.૫ ટકાનાં દરે દર્દીઓનાં મૃત્યુ થઈ રહ્યા છે.

તમામ રાજ્યોની સરખામણીમાં મહારાષ્ટ્રની વાત કરીએ તો તે સૌથી વધુ કોરોનાગ્રસ્ત રાજ્ય છે, જ્યાં અત્યાર સુધી કુલ ૧૪,૮૦,૦૦૦થી વધુ કોરોના કેસો નોંધાઈ ચૂક્યા છે, જ્યારે ૧૧,૯૬૦૦૦થી વધુ લોકો કોરોનાનો ભોગ બન્યા છે. છેલ્લાં ૨૪ કલાકમાં મહારાષ્ટ્રમાં ૧૪,૫૭૮ લોકો કોરોનાની ચપેટમાં આવ્યા છે જ્યારે તેની સરખામણીમાં ૧૬,૦૦૦થી વધુ દર્દીઓ રિકવર થઈને પોતાના ઘરે પ્રયાણ કરી ચૂક્યા છે તો ૩૫૫ દર્દીઓનાં સારવાર દરમિયાન મોત થયા છે.

તે સિવાય આંધ્રપ્રદેશમાં ૯,૯૦૧ કેસો, તમિલનાડુમાં ૫,૪૪૭, કર્ણાટકમાં ૧૦,૯૪૭, ઉત્તરપ્રદેશમાં ૩,૩૮૯, નવી દિલ્હીમાં ૨,૮૭૧, પશ્ચિમ બંગાળમાં ૩,૪૫૫, ઓડિસામાં ૨,૯૯૫, તેલંગાનામાં ૧,૮૯૬, બિહારમાં ૧,૨૪૫, આસામમાં ૧,૩૦૭, કેરેલામાં ૧૦,૬૦૬, ગુજરાતમાં ૧,૪૭૩, રાજસ્થાનમાં ૨,૧૫૧, હરિયાણામાં ૧,૨૮૩, મધ્યપ્રદેશમાં ૧,૬૩૯, પંજાબમાં ૮૪૪, છત્તીસગઢમાં ૨,૮૪૬, ઝારખંડમાં ૮૨૯, જમ્મુ-કાશ્મીરમાં ૬૨૧, ઉત્તરાખંડમાં ૬૩૦ અને ગોવામાં ૪૩૨ કોરોના કેસો છેલ્લા ૨૪ કલાકમાં નોંધાયા છે.

મહારાષ્ટ્રમાં છેલ્લા ૨૪ કલાકમાં સર્વાધિક ૩૫૫ મોત થયા છે. આંધ્રપ્રદેશમાં ૩૪ મોત, તમિલનાડુમાં ૬૭, કર્ણાટકમાં ૧૧૩, ઉત્તરપ્રદેશમાં ૪૭, નવી દિલ્હીમાં ૩૫, પશ્ચિમ બંગાળમાં ૫૮, ઓડિસામાં ૧૮, તેલંગાનામાં ૧૨, બિહારમાં ૨, આસામમાં ૭, કેરેલામાં ૨૨, ગુજરાતમાં ૧૨, રાજસ્થાનમાં ૧૬, હરિયાણામાં ૧૯, મધ્યપ્રદેશમાં ૩૦, પંજાબમાં ૩૩, છત્તીસગઢમાં ૩૦, ઝારખંડમાં ૧૦, જમ્મુ-કાશ્મીરમાં ૧૪, ઉત્તરાખંડમાં ૧૧ અને ગોવામાં ૯ દર્દીઓનાં મોત થયા છે. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

## ભારતીય વાયુસેનાએ ૮૮મો સ્થાપના દિવસ ઉજવ્યો

**નવી દિલ્હીઃ** પોતાનો ૮૮મો સ્થાપના દિવસ ભારતીય વાયુસેનાએ ઉજવી રહી છે. આયોજનમાં કુલ ૫૬ એરક્રાફ્ટે ભાગ લીધો. વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પણ આ અવસરે વાયુસેનાને શુભેચ્છા પાઠવી છે. તેમણ ટ્વીટ કરીને કહ્યું કે એરફોર્સ ડે પર ભારતીય વાયુસેનાના તમામ વીર યોદ્ધાઓને ખુબ ખુબ શુભેચ્છાઓ. તમે આકાશને તો સુરક્ષિત રાખો જ છો પરંતુ આફત સમયે પણ માનવતાની સેવામાં અગ્રણી ભૂમિકા ભજવો છો. માં ભારતીની રક્ષા માટે તમારા સાહસ, શૌર્ય અને સમર્પણ દરેકને પ્રેરિત કરનારા છે. વાયુસેનાના પ્રમુખે આ અવસરે અનેક વાયુવીરોનું સન્માન કર્યુ. જેમાં એ જવાનો પણ સામેલ છે જેમણે બાલાકોટમાં એરસ્ટ્રાઈક કરી હતી.

## ભારતે ઓડિશામાં SMART મિસાઇલનું સફળ પરીક્ષણ કર્યુ

**નવી દિલ્હીઃ** ભારતે સોમવારે ઓડિશા કિનારેથી પરીક્ષણ શ્રેણીમાંથી સ્વદેશી રીતે વિકસિત સુપરસોનિક મિસાઇલ આસિસ્ટેડ રિલીઝ ઓફ ટોરપિડોનું સફળતાપૂર્વક એપીજે અબ્દુલકલામ આઇલેન્ડ પર ૧૧.૪૫ કલાકે કોઈ પણ જાતની ખામી વગર આ ફ્લાઇટ-પરીક્ષણ કર્યુ હતું. સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠનના વૈજ્ઞાનિકોને આ પરાક્રમ માટે અભિનંદન આપ્યા છે. સપ્ટેમ્બરમાં જ ભારતે હાઈપરસોનિક ટેક્નોલોજી ડેમોન્સ્ટ્રેટર દેશ બનવામાં સફળતા હાંસલ કરી છે. આ ટેક્નોલોજી મેળવનાર ભારત વિશ્વનો ચોથો દેશ બન્યો છે. આ અગાઉ અમેરિકા, રશિયા અને ચીન પણ આ ટેકનોલોજી વિકસાવી ચૂક્યા છે. સરકારી સુત્રોના જણાવ્યા અનુસાર હવે ભારત આવતા પાંચ વર્ષમાં હાયપરસોનિક મિસાઈલોનું ઉત્પાદન કરી શકશે.



હાયપરસોનિક મિસાઈલો એક સેકંડમાં બે કિ.મી. સુધી પ્રહાર કરી શકે છે. તેમની ગતિ ધ્વનિની ગતિ કરતા ૬ ગણી વધારે છે. ભારતમાં ઉત્પન્ન થયેલ હાયપરસોનિક મિસાઈલો દેશમાં રચાયેલ સ્ક્રેમજેટ પ્રોપલ્શન સિસ્ટમથી સજ્જ હશે. ડીઆરડીઓના વડા જી. સતીષ રેડ્ડી અને તેમની અતિસંવેદનશીલ મિસાઇલ ટીમે આ પ્રોજેક્ટની અધ્યક્ષતા આપી હતી. ૭ સપ્ટેમ્બરે સવારે ૧૧.૦૩ વાગ્યે તેનું લોકાર્પણ કરાયું હતું. પરીક્ષણ પ્રક્રિયા લગભગ પાંચ મિનિટ સુધી ચાલી હતી. પરીક્ષણમાં, આ લોંચ વાહન કમ્બશન ચેમ્બર પ્રેશર હવાનું સેવન અને નિયંત્રણ જેવા પરિમાણો પર યોગ્ય હોવાનું જણાયું હતું.

આ સિવાય ૩૦ સપ્ટેમ્બરે ભારતે બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલનું પરીક્ષણ કર્યું હતુ. બુધવારે કરાયેલ પરીક્ષણ મિસાઈલ બ્રહ્મોસ સુપરસોનિક ક્રુઝ મિસાઈલના અપગ્રેડ વર્ઝનનું પરીક્ષણ હતું, જેની ફાયરપાવરની રેન્જ વધારીને ૪૦૦ કિ.મી. કરવામાં આવી હતી. આ મિસાઈલનું પરીક્ષણ પણ ૩૦ સપ્ટેમ્બરે સવારે ૧૦.૩૦ વાગ્યે ઓડિશાના બાલાસોર જિલ્લામાં ઇન્ટિગ્રેટેડ ટેસ્ટ રેંજ પર મોબાઇલ લોન્ચરથી કરવામાં આવ્યું હતું. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

## બિહાર ચૂંટણીઃ NDAમા સીટ વહેંચણીની જાહેરાત, JDU ૧૨૨ તો ભાજપ ૧૨૧ સીટો પર લડશે ચૂંટણી

**પટનાઃ** બિહાર વિધાનસભા ચૂંટણી માટે NDAમાં સીટોની વહેંચણી થઈ ગઈ છે. ૨૪૩ સીટો વાળી બિહાર વિધાનસભામાં જેડીયુને ૧૨૨ સીટો મળી છે, તેમાંથી જેડીયુ જીતનરામ માંઝીના હિન્દુસ્તાની આવામ મોર્ચાને ૭ સીટ આપશે, આ રીતે જેડીયુ ૧૧૫ સીટો પર ચૂંટણી લડશે. ભારતીય જનતા પાર્ટીને ૧૨૧ સીટો મળી છે. ભાજપ પોતાના કોટામાંથી મુકેશ સાહનીની વિકાસશીલ ઇન્સાન પાર્ટીને સાત સીટ આપશે. પટનામાં પત્રકાર પરિષદ દરમિયાન બિહારના મુખ્યમંત્રી નીતીશ કુમારે સીટોની વહેંચણીની જાહેરાત કરી છે.

ભારતીય જનતા પાર્ટીના પ્રદેશ અધ્યક્ષ સંજય જયસ્વાલે કહ્યું કે, ભાજપ નીતીશ કુમારના નેતૃત્વમાં જ ચૂંટણી લડશે અને સરકાર બનાવશે. તેમાં કોઈ પ્રકારની શંકાને સ્થાન નથી. આ પહેલા સોમવારે ભાજપના રાષ્ટ્રીય અધ્યક્ષ જે.પી. નડ્ડાના ઘર પર બિહાર કોર કમિટીની બેઠક યોજાઇ હતી તેમાં નાયબ મુખ્યમંત્રી સુશીલ કુમાર મોદી અને રાજ્ય પ્રભારી ભૂપેન્દ્ર સિંહ યાદવ સામેલ થયા હતા. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

## હાથરસ કેસઃ સુપ્રીમ કોર્ટનો આદેશઃપરિવારની સુરક્ષા માટે એફિડેવિટ દાખલ કરો

**નવી દિલ્હીઃ** હાથરસ કેસની સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે ઘણી મહત્ત્વની ટિપ્પણીઓ કરી છે. એક પીઆઈએલ પર સુનાવણી દરમિયાન સુપ્રીમ કોર્ટે યુપી સરકારને કહ્યું કે, તે ૮ ઓક્ટોબરે કોર્ટને જણાવે કે હાથરસ કાંડમાં પરિવારની સુરક્ષા માટે શું પગલા ભર્યા છે. સર્વોચ્ચ કોર્ટે આ બાબતે રાજ્ય સરકારને પરિવારની સુરક્ષા માટે એફિડેવિડ દાખલ કરવાનું કહ્યું છે. મહત્ત્વનું છે કે હાથરસમાં એક ૧૯ વર્ષની દલિત યુવતીની સાથે ગેંગરેપનો આરોપ છે બાદમાં તેનું મોત થઈ ગયું હતું.

આ મામલામાં સુપ્રીમ કોર્ટમાં પીઆઈએલ દાખલ કરીને કહેવામાં આવ્યું કે, ઘટનાની તપાસ સીબીઆઈને ટ્રાન્સફર કરવામાં આવે. સુપ્રીમ કોર્ટે યુપી સરકારે એફિડેવિડ દાખલ કરીને કહ્યું કે તે સીબીઆઈ તપાસ માટે ભલામણ કરી ચુકી છે અને કોર્ટને વિનંતી કરી કે આ મામલાને સીબીઆઈના હવાલે કરી દેવામાં આવે જ થી સત્ય સામે આવી શકે. ભયાનક, અસાધારણ અને ડરાવણી ઘટનાને ધ્યાનમાં લેતા સુપ્રીમ કોર્ટના ચીફ જ સ્ટિસ એસ. એ. બોબડેની આગેવાનીવાળી બેંચે કહ્યું કે, તે નક્કી કરવામાં આવે કે તપાસ યોગ્ય રીતે થાય.

સોલિસિટર જનરલ તુષાર મેહતા યુપી સરકાર તરફથી રજૂ થયા અને કહ્યું કે, હાથરસ કેસમાં કેટલાક લોકો દ્વારા નેરેટિવ પર નેરેટિવ બનાવવામાં આવી રહ્યો છે અને તેને ફેલાવવામાં આવી રહ્યો છે. તેને રોકવાની જરૂર છે. ઘટનામાં સીબીઆઈ તપાસની જરૂર છે જેથી તમામ પ્રકારના નેરેટિવ અને ખોટી સ્ટોરીઓ પર વિરામ લાગી શકે. યુપી સરકારે કહ્યું કે, ઘટનાની તપાસ સીબીઆઈ દ્વારા કરાવવી જોઈએ. આ મામલામાં ત્રણ અરજીકર્તાઓ દ્વારા અરજી દાખલ કરવામાં આવી છે. અરજીકર્તાએ કહ્યું કે, મામલાની સીબીઆઈ તપાસ થવી જોઈએ અને ટ્રાયલ યુપીથી દિલ્હી ટ્રાન્સફર કરવી જોઈએ. અરજી કરનારે ૧૯ વર્ષની યુવતી સાથે બળાત્કારના કેસમાં પોલીસની તપાસ અને ભૂમિકા પર સવાલ ઉઠાવ્યા છે. આ દુખદ સ્થિતિ છે કે ૧૯ વર્ષની યુવતીનું મોત થઈ ચૂક્યું છે. અમે સીબીઆઈ તપાસ ઈચ્છીએ છીએ. મામલામાં ફ્રી અને ફેયર ટ્રાયલની જરૂર છે. તપાસ સીબીઆઈ કરે અને સુપ્રીમ કોર્ટ કેસની તપાસનું મોનિટરીંગ કરે. કેટલીક રાજકીય પાર્ટીઓ પોતાનું હિત સાધવા માટે નેરેટિવ બનાવી રહી છે.

## 'જબ તક દવાઈ નહીં, તબ તક ઢિલાઈ નહીં' : કોરોના સામે વડા પ્રધાન મોદીનું જનઆંદોલન

**નવી દિલ્હીઃ** દેશમાં કોરોના જેવી રીતે વકર્યો તેનાં દ્વારા દેશની આર્થિક સ્થિતિ તો ખરાબ રીતે કથળી ગઈ પરંતુ તેની સાથે તમામ દેશવાસીઓનાં જીવનધોરણમાં ઘણા પરિવર્તન આવ્યા છે, એવામાં હવે વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ દેશમાં પ્રસરેલી નોવેલ કોરોના વાઇરસ મહામારી વિરુદ્ધ નવેસરથી અભિયાનની શરૂઆત કરી છે. તેમણે દેશવાસીઓ માટે ટ્વીટ કરતાં જણાવ્યું કે, ભારતમાં કોવિડ-૧૯ સામેની લડત લોકોને પ્રેરિત કરે છે અને આપણા કોવિડ યોદ્ધાઓને ઘણી તાકાત મળે છે. આપણા સામુહિક પ્રયાસોએ ઘણા લોકોનાં જીવ બચાવ્યા છે. આપણે આ ગતિ જાળવી રાખવી પડશે અને આપણા નાગરિકોને આ વાઇરસથી બચાવવો પડશે. તેમણે હેશટેગ યુનાઈટ ટુ ફાઈટ કોરોના સાથે એક તસ્વીર પણ પોસ્ટ કરી હતી જેમાં કોરોનાથી બચવા માટે ખરી પદ્ધતિથી માસ્ક પહેરવા, બરાબર હાથ ધોવા અને સોશિયલ ડિસ્ટન્સિંગ જાળવવા માટે તમામ પ્રયાસો કરવાનું દર્શાવાયું છે. મોદીએ 'જબ તક દવાઈ નહીં, તબ તક ઢિલાઈ નહીં' સ્લોગન સાથે એક તસ્વીર પોસ્ટ કરી હતી. જેમાં તેમણે કોરોનાથી બચવા માટેનાં બેસિક પરંતુ કારગર ઉપાયો જણાવ્યા હતાં.

## પીઢ અભિનેતા વિશાલ આનંદનું નિધન



વિશાલ આનંદ

**મુંબઈઃ** ચલતે ચલતે અને ટેક્સી ડ્રાઈવર જેવી ફિલ્મોમાં કામ કરનાર પીઢ અભિનેતા વિશાલ આનંદનું પાંચ ઓક્ટોબરના રોજ લાંબી માંદગીથી નિધન થયું હતું. વિશાલ આનંદ દેવ આનંદના ભત્રીજા હતા. અભિનેતા પૂરબ કોહલી વિશાલ આનંદનો ભત્રીજો છે. વિશાલ આનંદનું અસલી નામ ભીષ્મ કોહલી હતું. તે ૧૧ ફિલ્મોમાં સિમી ગરેવાલ, આશોકે કુમાર અને મહેમૂદ જેવા કલાકારો સાથે દેખાયા હતા. અભિનય ઉપરાંત આનંદે કેટલીક ફિલ્મોનું નિર્દેશન અને નિર્માણ પણ કર્યું હતું. ચલતે ચલતે સૌથી લોકપ્રિય ફિલ્મોમાંની એક હતી. જેમાં તેમણે સિમ્મી ગરેવાલ, નાઝનીન અને શ્રીરામ લાગૂ સાથે સ્ક્રીન સ્પેસ શેર કર્યો હતો. આ એક રોમાંચક ફિલ્મ હતી, જેનું નિર્દેશન વિશાલ આનંદે પોતે કર્યું હતું. સંગીતકાર બપ્પી લહેરીને વિશાલ આનંદની ફિલ્મોથી જ ઇન્ડસ્ટ્રીમાં મોટો બ્રેક મળ્યો હતો. વિશાલ આનંદ ઘણા સમયથી ફિલ્મોથી દૂર રહ્યા હતા. *(ગુજરાત ટાઇમ્સ સંકલન)*

## કેન્દ્રીય પ્રધાન અને લોક જનશક્તિપાર્ટીના અગ્રણી રામ વિલાસ પાસવાનનું દુખદ નિધન



રામ વિલાસ પાસવાન

કેન્દ્રસરકારના અન્ન અને જન -વિતરણ ખાતાના પ્રધાન રામવિલાસ પાસવાનનું ગુરુવારે ૯ ઓક્ટોબરના દુખદ અવસાન થયું હતું. તેમના પુત્ર અને સાંસદ ચિરાગ પાસવાને ટવીટર પર આ સમાચાર આપ્યા હતા. સદગત ૭૪ વર્ષના હતા. તેમન પુત્ર ચિરાગ પાસવાને પિતાને શ્રદ્ધાંજલિ આપતાં ટ્વીટ કરીને જણાવ્યું હતું કે,' પપ્પા, હવે તમે આ દુનિયામાં મારી સાથે નથી, પણ મને ખબર છે કે, તમે હંમેશા મારી સાથે જ છો, મિસ યુ પાપા....' પ્રાપ્ત માહિતી અનુસાર, તાજેતરમાં જ સદગત રામવિલાસ પાસવાનની હાર્ટ સર્જરી કરવામાં આવી હતી. તેઓ ૧૯૭૭માં જનતા પક્ષના સાંસદ તરીકે ચૂંટાયા હતા. તેમની ગણના દેશના અગ્રણી રાજકીય નેતાઓમાં કરવામાં આવતી હતી. દલિતો અને પછાત વર્ગના ઉત્કર્ષ માટે તેમણે મહત્વનું યોગદાન આપ્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિત અનેક રાજકીય નેતાઓએ એમને હાર્દિક શ્રદ્ધાંજલિ આપી હતી.

(માહિતી સૌજન્યઃ રોઇટર)

ગુજરાત ટાઈમ્સ
Magazine Section
Gujarat Times
October 16, 2020

સપ્તક®




ઈન્ટરનેટના યુગમાં ટપાલ ખોવાઈ
પાનું S14

■ રજનીકુમાર પંડ્યા

# કયા ગુજરાતી ફોટો આર્ટિસ્ટને સુભાષબાબુ વિયેના મળવા ગયેલા?

વિયેના શહેરની એક ઠંડી બરફ જેવી ગલી. સાલ ૧૯૩૫ની. મહિનો નવેમ્બર... હતી તો બપોર, પણ બાળી નાખે એવી નહીં, થિજાવી દે તેવી ઠંડી. જુનવાણી બાંધણીના મકાનની ત્રીજા માળની બારી પાસે જગન મહેતા નામના ગુજરાતી જુવાન દર્દીએ પોતાનું બિછાનું રાખ્યું છે. બહાર બરફ પડે છે અને જગન મહેતાના શરીરમાં ટેમ્પરેચર વધતું જાય છે. બ્લેનકેટથી આખું શરીર ઢબૂરેલું છે. માત્ર આંખો ઉઘાડી રાખીને બારીની બહારનું દ્રશ્ય તાવિયેલ આંખે મનના પડદા ઉપર ઉતાર્યા કરે છે. મિનિટો, કલાકો અને કલાકો અને કલાકો.... એવામાં એકાએક એની આંખો ચમકે છે. સામે શેરીમાં કોઈ એકલો માણસ ઓવરકોટ અને બનાતની કાળી ટોપી પહેરીને ચાલ્યો આવે છે, એ કોણ? લશ્કરી કદમ, ટટ્ટાર છાતી, ચશ્માં; પણ ચહેરા ઉપર લોહનું અદ્રષ્ટ રસાયણ. કોણ? સુભાષબાબુ તો નહીં? હા, એ સુભાષબાબુ જ છે. દેશવટો પામીને ઓસ્ટ્રીઆ આવ્યા છે. અહીં વિયેનામાં જ હોટેલ ડી. ફ્રાન્સમાં રહે છે. મહિનામાં બે વાર વિયેનામાં રહેતા ગુજરાતીઓ એમને ત્યાં ભેગા થાય છે. ડો. કત્યાલ, બનારસના ડો. ગેરઉલ્લા, ડો. મનુભાઈ ત્રિવેદી- ચોથા કલાકાર જગન મહેતા ભળ્યા છે. ગુજરાતીઓમાં તો આ બે જ. એ અહીં ફોટોગ્રાફી અને પ્રિન્ટિંગ ટેક્નોલોજીનું શીખવા માટે ભાવનગર સ્ટેટની સ્કોલરશિપ પર આવ્યા છે. સુભાષબાબુએ અહીં હિંદુસ્તાન એકેડેમીકલ એસોસિયેશનની સ્થાપના કરી છે. મળે છે ત્યારે રાજ કરણની વાતો થતી નથી. હસવા-હસાવવાનું ચાલે છે, પણ વાતો કરતાં કરતાં સુભાષબાબુ ઘણીવાર એકદમ ગમગીન થઈ જાય છે. ક્યારેક એકદમ ઉગ્ર.! એમને શિસ્ત ગમે છે, સભ્યતા પણ... એક વાર જગન મહેતા સુભાષબાબુની સાથે કમલા નહેરુને લેવા માટે સ્ટેશને ગયેલા. કમલા બીમાર હતાં. નહેરુએ એમને આખા યુરોપમાં વિખ્યાત એવા ડો. નોયમાનની ટી.બી. અંગેની સારવાર લેવા વિયેના મોકલેલાં. મતભેદો હોઈ શકે, પણ નહેરુ અને સુભાષના માર્ગો એક જ હતા. એટલે મિત્રતા હતી. એ મિત્રપત્નીને લેવા માટે સુભાષબાબુ સ્ટેશને ગયા. કમલા નહેરુને સ્ટ્રેચરમાં ઉતારવામાં આવ્યાં. સાથે પંદર-સોળનાં ઈંદિરા. કૃશકાય કમલાના સ્ટ્રેચર પર લંબાયેલા આજાર શરીર પર એક ડોક્ટરે માન દર્શાવવા માટે ગુલછડી મૂકી અને તરત જ સુભાષનો પિત્તો ગયો. એટલું ય સમજતા નથી? ગુલછડી તો હંમેશા મૃતદેહ પર મુકાય! જ્યારે આ તો જીવતાં સન્નારી છે. છટ! સુભાષબાબુ ગરમ થઈ ગયા. જગન મહેતાએ જરી ટાઢા પાડ્યા. કમલાના કૃશ હાથમાં ગુલાબનું ફૂલ મૂકીને વેલ્કમ કહ્યું. સુભાષબાબુ મરકી ગયા, ને પેલા ડોક્ટરનો શ્વાસ હેઠો બેઠો.

આજે આ સુભાષબાબુ સામેથી એકલા ચાલ્યા આવતા બારીમાંથી દેખાઈ રહ્યા છે? આ બરફના વરસાદમાં! આશ્ચર્ય! ધીરે ધીરે બે દાદરા ચડીને સુભાષબાબુ અંદર આવે છે. બરફના કણો છવાયેલી વાળી ટોપી ઉતારે છે. મોં લૂછે છે ને જગન મહેતાની નજીક આવે છે. એમનું કાંડું હાથમાં લે છે. ક્ષણ પછી બોલે છે : ધી બોડી ઈઝ બર્નિંગ. હાવ ડુ યુ સર્વાઈવ? (શરીરમાં તો કે ધાણીફૂટ તાવ છે! કેવી રીતે જીવો છો?) જગન મહેતા આભારવશતાથી એમની સામે જોઈ રહે છે. કશું બોલતા નથી. થોડી વારે નબળાઈથી ડોક એક તરફ ઢાળી દે છે.

બહુ અશક્તિ લાગે છે? સુભાષબાબુ પૂછે છે અને પછી જવાબની રાહ જોયા વગર જ કહે છે : એક સલાહ આપું છું. એ વળી જરા અટકીને બોલે છે : તમે શુદ્ધ શાકાહારી ગુજરાતી બ્રાહ્મણ છો એની મને ખબર છે; પણ મારી એક વાત માનો મિસ્તર મહેતા.... એટ લીસ્ટ, યુ મસ્ટ ટેઈક એગ્સ.

જગન મહેતા માંદું હસે છે. બોલે છે : મને એનો નોશિયા (બકારી) છે. એક વાર ચણાના લોટ સાથે કાંદા નાખીને ઈંડાની આમલેટ લેવા પ્રયત્ન કરેલો, પણ





(રજનીકુમાર પંડ્યા અને જગન મહેતા)

ઊલટી થઈ ગઈ.

પણ સુભાષબાબુ બોલે છે : તમારે ગમે તે ભોગે જીવવું જોઈએ. જરૂર જીવવું જોઈએ. અમારા જેવા મરી જશે તો ચાલશે. તમારે ન મરાય. કારણ કે તમે આર્ટિસ્ટ છો આર્ટિસ્ટ.

જગન મહેતાએ ગયા ગુરુવારે મોર્ફિનનાં ઈંજેક્શનો લીધેલાં. એનું ઘેન હજુ પૂરું મોળાયું નથી. ધાબળા વીંટાળેલા છે. એની કોઈ અસર નથી. વિયેના આવતાવેંત તરત જ કરોડરજ્જુમાં ટી.બી. થયો અને મોટી માંદગીને ખાટલે આ પારકા પરદેશમાં પડ્યા એની બદબખ્તીનો ઘા માનસિક રીતે તાજો છે. વતની તો સાણંદના છતાં ભાવનગર સ્ટેટે આપેલી સ્કોલરશીપ એ કાણા પડિયામાં પીરસાયેલું અમૃત સાબિત થઈ, એના શોકથી મન સંતૃપ્ત છે. છતાં આર્ટિસ્ટ છો, તમારે જીવવું પડશે એવા સુભાષચંદ્ર બોઝના શબ્દો બહુ કવતા ગૂમડાં ઉપર ઠંડી ફૂંકનું કામ કરે છે.

મહેતા, સુભાષબાબુએ પૂછ્યું : તમારા પિતા શું કામ કરે છે?

સાણંદ ગામમાં વૈદ્ય છે. એ બોલ્યા, સૌ એમને વૈદ્યભાના નામથી ઓળખે છે. મારા દાદા એટલે કે એમના પિતા પણ વૈદ્ય હતા અને ઝંડુભટ્ટના શિષ્ય હતા. મારા મામા, માસા, ત્રણ બનેવી, સસરા, કાકા બધા વૈદ્ય છે. મારા મોટાભાઈ જયદેવભાઈ પણ વૈદ્ય છે. એક માત્ર હું જ નક્કામો પાક્યો. મેં તો દેશસેવા પણ કંઈ કરી નથી. મારા બાપા તો રાષ્ટ્રીય પ્રવૃત્તિમાં પડ્યા. ૧૯૨૦ની અસહકારની ચળવળમાં પડ્યા. પૈસો બચાવ્યો નહીં અને દેશસેવા કરે છે, પણ હું તો કોઈ કામનો ના રહ્યો.

પણ તમે તો આર્ટિસ્ટ છો. સુભાષબાબુ બોલ્યા : તમારે જોઈએ શું? જે તમારી પાસે છે એ બીજા પાસે નથી.

જગન્નાથ વાસુદેવ મહેતા ઉર્ફે જગન મહેતા કંઈ બોલ્યા નહીં. થોડીવારે વિવેક યાદ આવ્યો એટલે ભાવનગરથી આવેલી બદામની પૂરી ટિપોઈ પર પડેલી તે માંદા માંદા હાથ લંબાવીને એમને ધરી. પહેલાં તો એમણે ના પાડી, પણ પછી ભાવી એટલે સ્મિત કરીને બીજી બે માગી લીધી. પછી બહુ ભાવી એટલે બીજી બે માગી લીધી કોના માટે?

વન આઈ શેલ ગીવ ટુ માય સેક્રેટરી મિસ (જગન મહેતા નામ ભૂલી ગયા છે, પણ સુભાષબાબુનું સ્મિત નહીં. આખર સ્મિત જ ચિરંજીવી હોય છે, નામ ક્યાં?)

થોડી પળો એમ મૌનમય વીતી. અંતે જગન મહેતાની મકાનમાલિકણ સુભાષબાબુને ચાનો કપ આપી ગઈ. સુભાષબાબુએ એ લીંબુ નાખીને પીધી ને



પછી બી કરેજિયસ માય ફ્રેન્ડ કહીને દાદરો ઊતરી ગયા. જગન મહેતા ફરી એમને સફેદ બરફના કંઈક હળવા પડેલા વરસાદમાં એ લાંબી શેરીના છેડા સુધી પહોંચીને વળી જતા જોઈ રહ્યા. એ તો ગયા, પણ મનમાં એક વારંવાર ડંખ્યા કરતો પ્રશ્ન મૂકતા ગયા. તમારે જોઈએ શું શું જોઈએ? બોલો, શું જોઈએ?

જગન મહેતા જાતને મશ્કરીમાં પૂછવા માંડ્યા. બોલ, બોલ, તારે શું જોઈએ? બોલ ને? જગન મહેતાના મોંમાં એક ઉત્તમ રોલિફલેક્સ કે એવો કેમેરા એવા શબ્દો આવતા આવતા રહી ગયા. દેશ માટે દેશનિકાલ નેતાને મોઢે આવી સ્થૂળ વાત શી રીતે કરવી? એટલે એ મૌન થઈ ગયા.

માંદગી અસહ્ય વધતી ગઈ. દેશમાંથી માતા-પિતાના ચિંતાપત્રો આવતા હતા. આગળ અભ્યાસ શક્ય નહોતો. હવાપાણી માફક નહોતાં. ભલે ભાવિ ધૂંધળું હતું, ભાવનગર સ્ટેટ દવાદારૂના પૈસા ચૂકવવા તૈયાર હતું, પણ એ મંજૂર નહોતું. એ ભીખ લાગતી હતી.

અંતે જગન મહેતા ૧૯૩૬માં ભારત પાછા ફર્યા. હતાશ અને બીમાર. પણ આગળ જતાં એમણે ફોટોગ્રાફીના ક્ષેત્રે અનન્ય નામના મેળવી. સાહિત્યકારોથી માંડીને દેશનેતાઓની ચિરંજીવ તસ્વીરો લીધી.

પણ એની વાત ફરી ક્યારેક...

૧૯૦૯ના માર્ચમાં જન્મેલા જગન મહેતા ૯૪ વર્ષની વયે ૨૦૦૩ના ફેબ્રુઆરીની ૧૦ મીએ અવસાન પામ્યા. તેમના સમૃદ્ધ ચિત્ર વારસા વિષે જાણવા માગનારા રસિકો તેમના પુત્ર ઉપેન્દ્ર મહેતાનો ફોન- ૦૯૪૨૮૦૪૬૬૫૭ અથવા ૦૭૯-૨૬૬૩૦૧૩૬ પર અથવા ૧૭-એ ચંદ્રનગર સોસાયટી, નારાયણ નગર, પાલડી, અમદાવાદ -૩૮૦૦૦૭ પર સંપર્ક કરી શકે. ઈ મેલ- kunjbiharitravellsyahoo.com. ■

*લેખક સાહિત્યકાર અને પત્રકાર છે.*
***Cell**:-95580 62711,*
*Email: rajnikumarp@gmail. com*
*પ્રતિભાવ: yourgujarattimes@gmail.com*



# મહાભારતઃ એક રમ્ય અરણ્ય

મહાભારત એક રોમાંચક ગ્રંથ છે, વાર્તાતત્ત્વની ખાણ છે. પ્રસંગો અને પાત્રાલેખન એ એનો પ્રાણ છે. જગતમાં જે કંઈ છે એ બધું જ એમાં છે. આ એવો ગ્રંથ છે જેના રચયિતા ખુદ કથાનું એક પાત્ર છે. ભગવાન વેદ વ્યાસની આ કમાલ છે.



રમેશ ઠક્કર

નાટ્યાત્મકતાથી ભરપૂર ઘટનાઓ અને વર્ણનો આપણને જકડી રાખે છે. મહાભારતનું મુખ્ય પાત્ર કૃષ્ણ છે. એમના નામ સાથે કથા શરૂ થાય છે. પણ એમની એન્ટ્રી જુઓ... દ્રૌપદી સ્વયંવર ગોઠવાયો છે... બધા રાજા-મહારાજાઓનું રસપ્રદ વર્ણન થઈ રહ્યું છે. પણ વાસુદેવ કૃષ્ણ એ યાદીમાં છેલ્લે આવે છે. બિલકુલ સહજ... સૌ દ્રૌપદીના રૂપને જુએ છે. કૃષ્ણનાં નયન પાંડવોને શોધે છે. કેવું અદ્ભુત આલેખન! ચિત્રાંગદા, ઉલૂપી, વર્ગા એમ અનેક પ્રિયત્તમાઓ અને દ્રૌપદી જેવી પત્ની ધરાવતા પાર્થ એટલે કે અર્જુનને સ્વયં કૃષ્ણ પોતાની બહેન સુભદ્રાના હરણ માટે મદદ કરે એ મૈત્રીની પરાકાષ્ઠા છે.

અહીં ઘટનાઓ અને બનાવોની રોમાંચકતા છે. અનેક યોદ્ધાઓની વચ્ચે વિદુર નામે વિદ્વાન પણ છે જેની પાસે જગતની તમામ બાબતોનો સમતોલ અભિગમ છે. એક જગ્યાએ એ વૃદ્ધાવસ્થાને ઘાસના વાઘની ઉપમા આપે છે! એ કહે છે મૃત્યુ જેવી વસ્તુ છે જ નહીં, હકીકતમાં પ્રમાદ એ જ મૃત્યુ છે!

મહાભારત વિષાદને પણ યોગ કહે છે. વિષાદયોગ ભીખનો પણ છે, જે મજબૂરીવશ દુર્યોધનનું અન્ન ખાય છે. પણ એમનું મન પાંડવો સાથે છે. કૌરવો વચ્ચે વિકર્ણ જેવો સજ્જન પણ છે. જેને હણ્યા પછી ભીમ જેવો માણસ પણ બોલે છે કે 'યુદ્ધનો ધર્મ નિષ્ઠુર હોય છે.' મોકો મળવા છતાં પણ કર્ણ આયુધો વગરના ભીમનો વધ કરતો નથી. કેમકે એણે કુંતીને વચન આપ્યું હોય છે કે એ અર્જુન સિવાયના કોઈ પાંડવનો વધ નહીં કરે! એ જ માતા હતી જેણે લોકલાજથી બચવા માટે કુમળા બાળકે કર્ણનો ત્યાગ કર્યો હતો!



આવાં અનેક ઉદાત્ત પાત્રો મહાભારતના વિશાળ કથાપટમાં વિહરે છે. દુર્યોધન જેવાં ખલપાત્રનો જીવનરસ જોવા જેવો છે. બધું હારી ગયા પછી પણ એ પાંડવોને એક પછી એક આવી લડવા લલકારે છે એમાં એનો જીવનરસ ચરમસીમાએ પ્રગટે છે...

કવિ તરીકે વ્યાસ કોઈ પાત્ર તરફ પક્ષપાત કરતા નથી. દરેકને એ બહેલાવે છે, એ દ્રૌપદીના રોષને આલેખે છે તો શિખંડીના અપમાનબોધને પણ ગજબ આલેખે છે. મહાભારત એક રમ્ય અરણ્ય છે; જેમાં વિહરતાં આપણને એક રોમાંચક સફરનો પરિતોષ અનુભવાય છે.

**વડોદરા એક સ્મરણ**

કારેલીબાગ એ કોઈ બાગ નથી પણ એક વિસ્તાર છે એવું મને વડોદરાની પહેલી મુલાકાત દરમ્યાન ૧૯૮૨ના જાન્યુઆરીમાં જાણવા મળ્યું ત્યારે રોમાંચ થયેલો. જે કુતૂહલ આજે પણ અકબંધ છે! રાધનપુર લોહાણા બોર્ડિંગથી સીધા જ વડોદરાની એ મુલાકાત નાની ઉંમરે નોકરી કરવી કે આગળ ભણવું એ માટેની કશ્મકશનો સમય હતો. વડોદરાની 'મહી રેવા લોહાણા બોર્ડિંગમાં' ભણવાનું સ્વપ્ન હતું પણ વાત વાસ્તવિકતા 'મનોરથ માંધાતાનાં અને કરમ કઠિયારાનાં' એવી હતી. એ બોર્ડિંગને બહારથી જ જોઈ સ્વપ્નપૂર્તિ કરી હતી.

બારમા ધોરણના એ સંઘર્ષમય દિવસોમાં ક. મા. મુનશીની 'અડધે રસ્તે' વાંચી હતી. જેમાં એમના વડોદરા નિવાસની વાતો અદ્ભુત રીતે આલેખાઈ છે. એ વાંચી આ શહેરને જોવાની તાલાવેલી તીવ્ર હતી. વિશ્વામિત્રી નદીનો નાનકડો પટ અને આકર્ષક રેલ્વે સ્ટેશન મારા જેવા આગંતુક માટે ઉપહાર જેવાં હતાં.

સર સયાજીરાવના સુશાસનની વાતો અનેક છે. પણ પત્રકારત્વના અભ્યાસ દરમિયાન મને 'વૃત્તવિવેચન' નામે એક અદ્ભુત પુસ્તક મળેલું જે સયાજીરાવ ગ્રંથમાળાનો એક મણકો હતો... જેના લેખક હતા રમેશ ગૌતમ. મારા નામેરી એ લેખક માટે અહોભાવ થઈ જાય એવી એમની શૈલી. પછી તો આ મણકાનાં અનેક પુસ્તકો પણ માણ્યાં અને એ મહાન રાજા માટેનો અહોભાવ વધતો જ ગયો.

વડોદરા મને અનેક રીતે ગમે છે?! કેમ?!... કારણ નહિ જ આપું. આજે પણ વડોદરામાં પ્રવેશતાં કારેલીબાગ એ બાગ હશે કે ખરેખર વિસ્તાર એવો નાજુક પ્રશ્ન તો થઈ જ જાય છે!! ■

*લેખકના પુસ્તક 'સંમોહનનું સ્ટેટસ'માંથી સાભાર.*

*પ્રતિભાવઃ yourgujarattimesAgmail.com*

# પ્રાપ્ત છે ,પર્યાપ્ત છે

સાત સમુદ્ર પાર રહેતા પરંતુ હજુ પણ જેમનામાં ભારતીય મૂલ્યો અને પરંપરાનો અવિભાજિત જીવ છે તેવા વહાલા વાંચકોને નવરાત્રિ પર્વની આગોતરી વધાઈ અને શુભેચ્છાઓ.



નિલેશ ધોળકિયા

આપણે જ્યાં પણ હરતા-ફરતા હોઈએ ત્યાં receiving antena on રાખીએ તો જિંદગીને મસ્તમાં મસ્ત બનાવવાના પાઠ શીખી શકાય.

મેં કંઈક વાંચેલું, સાંભળેલું તે થોડા ફેરફાર તેમજ તે લખાણ ને મઠારીને સૌના મનન, ચિંતન અને implementation ખાતર અત્રે મુકવાનો પ્રયાસ કરેલ છે.

દિનેશ રસ્તા પર જઈ રહ્યો હતો, પણ જેટલી વાર પાછળથી કે સામેથી કોઈ ટ્રક આવતી જણાય ત્યારે એ જાણે થીજી જતો. ઊભો ઊભો ધ્રૂજવા લાગતો. છેવટે એક જણે આ વિચિત્ર વર્તનનું કારણ પૂછ્યું ત્યારે જ વાબ મળ્યો, બે વર્ષ પહેલાં મારી પત્ની એક ડ્રાઈવર સાથે ભાગી ગયેલી. એટલે હવે જ્યારે પણ કોઈ ટ્રક આવતી જોઉં છું ત્યારે મને ડર લાગે છે કે ક્યાંક પેલો ડ્રાઈવર મારી પત્ની ફરી મને સોંપવા તો નથી આવી રહ્યો ને!' આપણે પણ દિનેશની જેમ અમુક ટ્રકોથી ડરતાં હોઈએ છીએ. ફોનની ઘંટડી વાગતાં એવો વિચાર આવે કે અમંગળ સમાચાર તો નહીં હોય ને! ડોકમાં જરાક દુખાવો થાય તો વિચારીએ કે, સ્પોન્ડિલાઈટિસ તો નહીં હોય ને, છાતીમાં સહેજ દુખે ત્યારે ડરીએ કે નક્કી આ હાર્ટ એટેક જ હશે, બગલમાં નાનકડી એવી ગાંઠ થતાં ફફડીએ કે આ ક્યાંક કેન્સર તો નથી ને! આવી અનેક બાબતો ડરાવતી ટ્રકો જેવી હોય છે.

ચમન નદીકાંઠે બેઠો હતો. સામે કાંઠેથી મગને બૂમ પાડી, હું સામા કાંઠે કઈ રીતે આવી શકું? ચમન કહે, આવવાની શી જરૂર છે? તું સામા કાંઠે જ છે. ખાસ એંગલથી જોઈએ તો આ વાતમાં ઘણી મહાનતા છુપાયેલી છે. આપણે સૌ સામા કાંઠે પહોંચવા ઉત્સુક હોઈએ છીએ. આમ જુઓ તો નદીના બે કાંઠામાં બહુ મોટો ફરક નથી હોતો. કોઈ પણ કાંઠે બેસો તો સામે નદી વહેતી દેખાવાની છે. માણસ એક નોકરી કરતો હોય તો એને સામા કાંઠાની નોકરી સારી લાગે. પોતાની થાળીના લાડુ કરતાં સામા કાંઠે બેઠેલા માણસની થાળીમાં મોટો લાડુ હોવાની લાગણી થયા કરે. બીજાની પત્ની કે પડોશણનો પતિ વધુ સદગુણી લાગે. આવી લાગણી ક્યારેક સાચી પણ હોય, પરંતુ સવાલ એ છે કે મોટે ભાગે આપણે પોતાની વર્તમાન પરિસ્થિતિથી અસંતુષ્ટ શા માટે રહીએ છીએ? સુખને આપણે હંમેશાં ભવિષ્ય પર શા માટે મુલતવી રાખતા હોઈએ છીએ!? એક વાર મેડિકલ કોલેજમાં એડમિશન મળી જાય તો મજા પડી જાય. દીકરી પરણી જાય પછી ભાર હળવો થશે. મારો પગાર વધી જાય પછી મને કોઈ ફરિયાદ નહીં રહે. પણ એવું થતું નથી. વાસ્તવમાં પગાર વધ્યાના થોડા જ સમયમાં મન નવા પગારથી ટેવાઈને નવો પગારવધારો કે વધારે અમીર જીવનની લાલસામાં ડૂબી જતું હોય છે. પગાર વધે, પ્રમોશન થાય, નવા-નવા સાહસો ખેડીએ જેવી વાતો સામે કોઈ વાંધો ન હોઈ શકે, સવાલ ફક્ત એટલો જ છે કે સુખી થવાનું કાલ પર શા માટે મુલતવી રાખવું? આજની પરિસ્થિતિ સામે નકરી ફરિયાદો જ શા માટે? જ્યારે જુઓ ત્યારે સામા કાંઠે પહોંચવાનો રઘવાટ શા માટે? સૌથી મહત્ત્વની વાત એ છે કે, સામા કાંઠે પહોંચવાના ધખારાને લીધે છેવટે થાય છે એવું કે આપણે અત્યારે જે કાંઠે નિરાંતે બેઠા છીએ ત્યાંથી દેખાતું સુંદર દ્રશ્ય નથી માણી શકતા, સરસ મજાની હવા વહી રહી છે તેનો આનંદ લૂંટી નથી શકતા. આપણને બસ, સામો કાંઠો જ દેખાય છે. આ કેવી મૂર્ખામી? જે બાબત યાદ રાખવા જેવી ન હોય એ બધી જ, મગજમાંની ભૂંગળીના એક છેડેથી પ્રવેશીને, બણબણાટ કરતી, બીજા છેડેથી બહાર નીકળી રહી છે એવી કલ્પના કરો. આવું કરવાથી મગજ ચોખ્ખું, સ્ફૂર્તિલું ને મોકળાશભર્યું બની રહેશે. ટ્રાય કરી જુઓ. થોડી પ્રેક્ટિસ પછી તમને ખરેખર લાગશે કે આ ભૂંગળી મગજને ઉકરડો બનવામાંથી બચાવે છે.

કડકડતી ઠંડીવાળી કોઈ રાત્રે ઘરે પહોંચતાં સામે બળીને ખાક થઈ ગયેલું ઘર નજરે ચડે ત્યારે ભાંગી પડાય એ માનવસહજ છે, પણ રાખના ઢગલામાંથી આવતા થોડા થોડા તાપમાં હાથ શેકીને ઠંડી ઉડાડી લે એ માણસને સાચો સ્થિતપ્રજ્ઞ જ નહીં, સૌથી પ્રજ્ઞાવાન પણ ગણવો પડે. આટલી સ્થિતપ્રજ્ઞતા ન કેળવાય તો પણ, હવે ક્યારેક લાંબા અંતરની ટ્રેન દસ-પંદર મિનિટ મોડી પડવાને કારણે ચૂકી જાઓ અને ટેક્સીમાં પણ આગલા સ્ટેશને ટ્રેનને આંબી નહીં શકાય એવી ખાતરી હોય ત્યારે આજુબાજુના લોકોને સૌથી પહેલો આ સવાલ પૂછવો, બોસ, આટલામાં સારામાં સારી ચા ક્યાં મળે છે?

મુલ્લાનો એક દોસ્ત ગામ છોડીને જઈ રહ્યો હતો. બધાએ એને ભેટમાં કંઈક ને કંઈક આપ્યું. છેલ્લે એ મુલ્લાને મળવા આવ્યો. એ કહે, દોસ્ત મુલ્લા, તું મને ભેટમાં વીંટી આપ, જેથી જ્યારે પણ વીંટી જોઈશ ત્યારે હું તમને યાદ કરીશ કે મુલ્લાએ આ વીંટી આપેલી. મુલ્લા કહે, તું મને યાદ જ કરવા માગે છે ને? તો હું તને વીંટી નથી આપતો, જેથી જેટલી વાર તું આંગળી જોઈશ એટલી વાર તને યાદ આવશે કે મુલ્લાએ વીંટી ન આપી.

જે કંઈ નથી એને ઉપરવાળાને યાદ કરવા માટેનું રિમાઈન્ડર ગણીએ! આવું કરવાથી એકદમ સુખી ન થવાય તો પણ, કમસે કમ દુઃખ તો ઓછું થશે જ.

થોડાક દેડકા ફરવા નીકળ્યા. રસ્તામાં આવ્યો મોટો ખાડો. બે દેડકા એમાં પડી ગયા. બંને કૂદીને બહાર આવવા મથ્યા, પણ ખાડો બહુ ઊંડો હતો. બ હા ર ના દે ડ કા ઓ રાડો પાડવા લાગ્યા, આ બહુ ઊંડો ખાડો છે. આમાંથી તમે બહાર નહીં આવી શકો. બહેતર છે કે તમારા નસીબને સ્વીકારી લો અને શાંતિથી મૃત્યુને ભેટો. બેમાંના એક દેડકાને વાત ગળે ઊતરી ગઈ. એણે ખાડામાં લાંબી સોડ તાણી લીધી, પણ બીજા દેડકાએ કોશિશો ચાલુ જ રાખી. બહારના દેડકાઓ એને જોરજોરથી કહેતા - સમજાવતા રહ્યા કે, તું નાહકનો હેરાન થાય છે. પણ એમની સમજાવટને ગણકાર્યા વિના બીજો દેડકો કૂદતો રહ્યો અને છેવટે એણે એક છલાંગ એટલી ઊંચી મારી કે એ ખાડામાંથી બહાર આવી ગયો. બહારના દેડકાઓએ પૂછ્યું, તેં કૂદવાનું ચાલુ કેમ રાખ્યું? તને અમારી વાત સંભળાઈ નહીં?



**સાંપ્રત બિનસાંપ્રત**

નિલેશ ધોળકિયા

બચેલા દેડકાએ બહારના દેડકાઓને સમજાવ્યું કે એ પોતે બહેરો છે એટલે એણે કંઈ સાંભળ્યું નહોતું. ઊલટાનું બહારના દેડકાઓને જોઈને તેણે એવું માની લીધેલું કે, તેઓ એને વધુ ઊંચો કૂદકો મારીને બહાર આવવાની પ્રેરણા આપી રહ્યા હતા.

એક ભાઈને કોઈએ પૂછ્યું કે, આપ આ વિસ્તારના નથી લાગતા. આગંતુકે, પ્રત્યુત્તર દીધો : હા, હું દૂરના શહેરમાં રહું છું. મારી પાસે બધું છે. પૈસો છે, બંગલો છે, પ્રેમાળ પરિવાર છે, છતાં જીવનમાં મને રસ નથી પડી રહ્યો. એટલે થોડા દિવસની રજા પાડીને મજા પડે એવું કંઈક શોધવા નીકળ્યો છું. હું સુખ શોધી રહ્યો છું.

પૂછનાર તે અજાણ્યાની બેગ આંચકીને ભાગ્યા. પેલો માણસ પણ પાછળ દોડ્યો. લૂંટારું દોડમાં પાક્કા. એટલે ખાસ્સા આગળ નીકળી ગયા. પેલો માણસ હાંફતો હાંફતો એમની પાછળ દોડતો રહ્યો. બે કિલોમીટર દોડ્યા બાદ બેગ આંચકી જનાર રસ્તાને કિનારે એક બાંકડા પર બેસી ગયા. થોડી વાર પછી પેલો માણસ હાંફતો-હાંફતો પહોંચ્યો. એણે તરાપ મારીને પોતાની બેગ લઈ લીધી. બેગ મળી ગયાનો આનંદ એના ચહેરા પર પ્રગટ્યો એની બીજી જ પળે એણે ગુસ્સાથી ચીટરને કહ્યું, મારી બેગ લઈને કેમ ભાગ્યા?

જવાબ - કેમ વળી? તમે તો સુખ શોધવા નીકળ્યા છો. તો બોલો, બેગ પાછી મળી જતાં તમને સુખની લાગણી થઈ કે નહીં? મેં તો તમને સુખ શોધવામાં મદદ કરી.

મોટા ભાગના લોકો પણ થોડા અંશે પેલા માણસ જેવા હોઈએ છીએ. જે કંઈ આપણી પાસે છે એમાંથી ઝાઝું સુખ નથી મળતું. પણ પછી એ ખોવાઈ ગયા બાદ પાછું મળે ત્યારે સારું લાગે. આવું શા માટે? જ્યારે મૂડ સારો ન હોય ત્યારે ઘરમાંની બધી વસ્તુઓને શાંતિથી નીરખવી અને પછી વિચારવું કે વસ્તુ જો મારી પાસે ન હોય તો કેટલી તકલીફ પડે?

કડકડતી ઠંડીમાં એક અત્યંત ગરીબ માતા પોતાનાં બાળકોના શરીર પર છાપાં પાથરી એના પર ઘાસ ઓઢાડીને સૂવડાવી રહી હતી ત્યારે એના ટેણિયા દીકરાએ ભાઈને પૂછ્યું, હેં ભાઈ? જે લોકો પાસે છાપાં અને ઘાસ નહીં હોય એમની કેવી ખરાબ હાલત થતી હશે? આપણી પાસે ઘાસ અને છાપાંથી તો ઘણી સારી વસ્તુઓ ઘરમાં હોય છે. એટલે હવે ક્યારેક હું સુખી નથી, મારી પાસે આ નથી, મારી પાસે તે નથી એવું લાગે ત્યારે એક નજર જે કંઈ આપણી પાસે છે તેના પર નાખી જોવી.

ઔર જીને કો કયા ચાહિયે? જેના વિના એક મિનિટ પણ ન જીવી શકાય એવો ઓક્સિજન હવામાં હાજર છે. જેના વિના ટકી ન શકાય એવો ખોરાક પેદા કરવા માટે જરૂરી એવું ચોમાસુ આ વર્ષે સારું રહ્યું. તો પછી છોડો ફરિયાદો અને આભાર માનો ઈશ્વરનો, નસીબનો, પુરુષાર્થનો! ■

*લેખક સાહિત્ય પ્રેમી છે.*

*પ્રતિભાવઃ yourgujarattimes@gmail.com*

# દુહાઃ મનોભાવોનું મનભર નિરૂપણ

મનમાં અનેક ભાવ ઊભરતા હોય અને શમન પામતા હોય. આવા મનોભાવોમાં કેટલાક દર્દપૂર્ણ હોય તો કેટલાક સુખપૂર્ણ હોય, દર્દનું દુઃખ હોય કે પ્રસન્નતાનું સુખ હકીકતે આ બન્ને ભાવો જીવનની વાસ્તવિકતા છે. એક સિક્કાની બે બાજુ છે. તમે એને કયા દૃષ્ટિકોણથી જુઓ છો, સમજો છો અને સ્વીકારો છો એ મહત્ત્વનું છે. દુહામાં હંમેશાં હકારાત્મક દૃષ્ટિકોણ દેખાય છે. ક્યાંય નકાર નથી, સ્વીકાર છે. સ્વીકારો-સત્કારો એટલે દુઃખ પણ બીજાને શાતા અર્પનારું, કરુણાનો ભાવ પ્રગટાવનારું બની રહે. આપણી પરંપરામાં હજારો દુહાઓ આવા અભિગમથી હકારાત્મક વિશ્વનું નિર્માણ કરીને સમાજને આગવી દૃષ્ટિ અર્પતા રહ્યા છે. આપણી ભાષાનું આભરણ દુહા કહેવાયા છે. એ એની ઓળખાણ બની ગયા છે. મનોભાવોના આવા મતને સભર બનાવનારા મનભર દુહાની મોજ માણસો નિરંતર માણતા રહે છે.



ડૉ. બળવંત જાની

આવા થોડા મનભર દુહાની મોજ માણીએ.

*પ્રીત પુરાણી ના થિયે, જો સજ્જન સે લાગ;*
*સો વરસ જળમેં રહે, ચકમક તજે ન આગ.*

સજ્જનોનો પ્રેમ ક્યારેય જૂનો થતો નથી કે નષ્ટ થતો નથી. ચકમકનો મૂળ ભાવ તણખા-આગ-પ્રગટાવવાનો છે. એ સોએક વરસ જળમાં રહે - જળ વચ્ચે રહે - છતાં પણ તમે એને બહાર કાઢો, સૂકવો અને એકબીજાને ઘસો એટલે એમાંથી આગના તિખારા ઝરે. એમાંનો અંતરનો ભાવ નષ્ટ પામતો નથી.

દુહાગીરે સત્યવાણી ઉચ્ચારી છે. એ આપણા મનને ભરી દે છે, પણ એમાં એક બહુ મોટું સત્ય પણ નિહિત છે. પ્રેમ ખરો, પણ સજ્જન સાથેનો. સ્વાર્થી-કપટી દુર્જનનો પ્રેમ અહીં નથી વર્ણવાયો. અહીં તો હકારાત્મક રીતે સજ્જનના પ્રેમનો મહિમા ગવાયો છે.

બીજા એક દુહામાં શૃંગારરસનું નિરૂપણ છે.

*છાતી વચ્ચે શેરડા, માથા વચ્ચે વાટ;*
*દૂંટી વચ્ચે દરિયો ભર્યો, પીજો માઝમ રાત.*

પ્રિયતમા-પત્ની પોતાના પ્રિયતમ પતિને ઉદ્દેશીને દુહો કહેતી જણાય છે. પોતાનાં ત્રણ અંગોનો નિર્દેશ કરીને પોતાના સ્તનપ્રદેશ, ભાલપ્રદેશ અને કટિપ્રદેશને પતિ-પ્રિયતમ માટે સમર્પિત કર્યા છે. પીજો માઝમ રાત અર્થાત્ આખી રાત્રિ નિરંતર આપના રસપાન માટે આ તમામ અંગો છે. ધર્મ, અર્થ પછી કામસુખનો મહિમા આપણાં શાસ્ત્રોમાં કહેવાયો છે. એની સંતૃપ્તિ-પરિતૃપ્તિ માણસને ઊભયપક્ષે બળ અર્પનારી ગણાવાઈ છે. આપણી સંસ્કૃતિની વિશિષ્ટતા એ છે કે એમાં કામસુખનો મહિમા જ માત્ર નથી. એમાં વૈરાગ્યસુખનો પણ અપાર મહિમા જોવા મળે છે. મનહર ભાવોનું વિવેકપૂર્ણ વાણીમાં મનભર નિરૂપણ એ દુહાની ઉચ્ચ કોટિની ઓળખનું પરિચાયક તત્ત્વ છે.



દુહાજગત
બળવંત જાની

*ડુંગર ઉપર દવ બળે, ખન ખન ઝરે અંગાર;*
*જાકી હેડી હલ ગઈ, વાકા બૂરા હવાલ.*

દુહામાં મનને ખિન્ન કરીને પાછું સભર કરી દેનારું આયોજન સહજ રીતે ગૂંથાઈ જતું હોય છે. ડુંગર ઉપર આગ લાગી હોય અને એના અંગારા નીચે ઝરતા - પડતા હોય છે. એવી જ રીતે જેનું એક હૈયું-અંગ-દૂર થઈ ગયું હોય, સાથ છોડી ગયું હોય અને પછી પાછળ રહેલી વ્યક્તિ (પતિ કે પત્ની) ત્યારે ભારે ખરાબ સ્થિતિમાં મુકાઈ જતી હોય છે. અહીં વાત તો પતિ કે પત્નીના નિધન પછી જે એક પાછળ રહે છે, એની ખરાબ સ્થિતિનો નિર્દેશ છે, પણ હકીકતે તો એ આગના તણખા-અંગારા જે જુએ છે, જે સાક્ષી છે એને પણ ધડે છે. તાપ આપે છે એમ કથીને પૂર્વાર્ધની સાર્થકતા ઉત્તરાર્ધ પૂર્ણ થયેથી સમજાય છે. દુહાની આવી ચોટ આપણને કષ્ટ નથી આપતી, પણ મનને ભરી દેતી હોય છે. આપણી સંવદનશીલતાનો આપણને પરિચય કરાવે છે. આપણામાં રહેલો કરુણાભાવ આ નિમિત્તે પ્રગટે છે.

બીજા એક દુહામાંના વિશિષ્ટ પ્રકારના મનભર ભાવને માણીએ.

*દાઢે ખટકે કાંકરો, કણું ખટકે નેણ;*
*વચન ખટકે છાતીએ, ગીયાં ખટકે શેણ.*

ભોજન વખતે સાવ નાનકડી કાંકરી દાઢમાં ફસાઈ જઈને ખટક્યા કરે છે. આંખમાં નાનકડું કસ્તર-કણું-ખટકે છે. કોઈને આપેલું વચન કે કોઈએ કહેલું વેણ છાતીમાં ખટકતું રહે છે. એ જ રીતે જે શેણ-સજ્જન-સન્મિત્ર આપણને છોડીને નીકળી ગયા છે, એનો અભાવ પણ ખટક્યા કરે છે. કાંકરી, કણું કે વેણ છે અત્યંત તો સૂક્ષ્મ અતિ ઝીણાં, કોઈને નજરે પણ ન ચડે, પણ એનો ખટકો આપણને ચેન પડવા દેતો નથી. એમ આપણું સ્વજન-શેણ-આપણો સંગાથ છોડીને ચાલી નીકળ્યું હોય એનો અભાવ આપણને પીડે છે. એ ખટકાની-ખેદની વાતને બળકટ અભિવ્યક્તિ અહીં સાંપડી છે, જે આપણા મનને સભર બનાવે છે.

*જે મુખ અમલ ન ચાખિયો, તુરી ન ખેંચ્યા તંગ;*
*ફટ્ અલૂણા સાયબા આપું તો કીં અંગ.*

અમલ-કસુંબો-એ વ્યસન કે નશો નથી. લોકમાં કહેવાય છે કે અમલ લેનાર વ્યક્તિને સ્ફૂર્તિ ચડે છે, થાક અનુભવાતો નથી, પણ પરિણામરૂપે એને સર્પનું-વીંછીનું કે અન્ય ઝેર અસર કરતું નથી. કોઈ દગાથી વિષપાન કરાવી દે કે દુશ્મનના ઝેરના અંશવાળાં બાણ શરીરમાં ખૂંચે તો પણ એની ઝેરની અસર થતી નથી. અમલ, વિષનું મારણ છે. તુરી-અશ્વની અસવારી તંગ કરીને કરી હોય અર્થાત્ યુદ્ધમાં અશ્વને દોડાવ્યા હોય, દુષ્ટ, દુશ્મનથી પાછળ પડીને એને પકડવા તુરીની લગામ તંગ કરીને, ખેંચીને નીકળવાનું હોય છે. દુહાના પૂર્વાર્ધમાં શૂરવીરતા, યૌદ્ધાની વ્યક્તિમત્તાની વાત અહીં વર્ણવાઈ છે, દુહાના ઉત્તરાર્ધમાં સંબોધી છે સાહ્યબાને-પતિને. આવા ભાવથી દૂર રહેનાર પતિ માટેનું વિશેષણ ફટ્ પૂરતુ ન જણાતાં બીજું એક વિશેષણ અલૂણા - બેસ્વાદ મૂક્યું છે. ધિક્કારના ભાવને પરાકોટિ તો ત્યાં છે કે તારી સાથે હું સમાગમમાં ન જોડાઉં, મારું શરીર આવા બીકણ, યુદ્ધભીરુ બેસ્વાદ પતિને ન સોંપવાનું વલણ નિરૂપાયું છે. શૌર્યભાવનો મહિમા પત્નીએ પતિ પાસેથી ઈચ્છ્યો છે. આવા પતિને જ સમર્પિત થવાનું હોય. ભીરુને નહીં. વિવિધ મનોભાવોની આવી મનહર-મનભર, અભિવ્યક્તિ ભાવકને ભીંજવી જતી હોય છે. આવું મનભર નિરૂપણ માત્ર હૃદયસ્પર્શી જ નહિ, અર્થપૂર્ણ પણ લાગે છે. ■

*લેખક લોકસાહિત્ય, ચારણી સાહિત્ય અને સંતસાહિત્યના જાણીતા વિદ્વાન છે. તેમણે ગુજરાતી ડાયસ્પોરા સાહિત્ય વિશે પણ ખૂબ કામ કર્યું છે.*

# અદ્ભુત દાન

*સંત સપુત ને તંબુડા, ત્રણ નો એક સ્વભાવ,*
*તારે પણ બોળે નહિ, જેનો તાર્યા પર છે ભાવ.*

સમગ્ર જગતમાં સૌરાષ્ટ્રની ધરતી જેવી અદ્ભુત ધરતી નથી. જ્યાં સંતો એવા જનમ્યા, દાતારો એવા થયા, શુરવીરો એવા નીપજ્યાં... વાત ને વરસો થયા પણ આજે પણ આ વાત એવીને એવી તાજી લાગે છે. ભૂતો ન ભવિષ્યતિ આવી ઘટના કયાંય બની નહિ હોય કે બનશે પણ નહિ...



સુખદેવ ગઢવી

વાત છે સૌરાષ્ટ્રના વીરપુરની. બાપ ત્યાં એક જોગી જલારામ અને માવડી વીરબાઇ માંના નેક ટેક ને ધરમની વાતુ આજે વિશ્વપ્રસિદ્ધ છે. બાપાના તો અનેક પરચા છે જ. એમાંનો એક પરચો.

સવારનો પ્હો ફાટ્યો ને નારાયણે કોર કાઢી છે... સુરજ નારાયણ સોનાનો કોગળો ધરતી પર કર્યો ત્યાં તો નવખંડ ધરતીના જીવો, પશુ ને પક્ષીઓ, માનવો ચેતનવંતા બની ને સહુએ પોતપોતાની જવાબદારી ઉપાડવા માટે અધીરા થઇ ગ્યા છે, ઇ ટાણે કાઠીયાવાડની ધરતીના વીરપુર ગામના પાધરે એક વૃદ્ધ સાધુ બેઠા છે. કપાળમાં ચાંદલો, બે મોટી રુદ્રાક્ષની માળા ગળામાં છે એક હાથમાં નાનકડો ધોકો છે ને બીજા હાથમાં એક ઝોળી છે એક વૃક્ષ નીચે બેસીને થોડો પોરો ખાધો છે. ગામના માણસોની અવરજવર વધી છે. સહુ કોઇ આ સાધુ સામુ જુએ છે. એક વ્યક્તિએ આવીને કહ્યું કે મહારાજ. આ વીરપુર છે અને અહીંના અમારા જલારામ બાપાનો રોટલો વખણાય છે, આપ જાવ ગામમાં ને એય તે સ્નાન પૂજા કરીને તમતમારે રસોડે જઇને જમો... વૃદ્ધ સાધુ કહે કે ભાઇ, હું તો ખુબ જ અશકત છુ. માંડ માંડ હાલીને આટલે સુધી પહોંચ્યો છું, હવે મારી શક્તિ ખુટી ગઇ છે. હું હાલી શકું એમ નથી. મારી કાયા હવે માંડ માંડ ટકી રહી છે.

એ યુવાન આ સાધુ સામે જોઇ જ રહ્યો છે... એણે ગામ બાજુ ફરીને એક બીજા વ્યક્તિને કહ્યું, હે ભાઇ જરા જલારામ બાપાને એક સંદેશો પહોંચાડી દ્યો કે આપણા પાધરમાં એક સાધુ આવીને બેઠા છે. એમની વ્યવસ્થા કરો. એમ કહી એ વ્યક્તિ એના કામે આગળ ચાલતો થયો...

જાજરમાન વ્યક્તિત્વ... સફેદ વસ્ત્રોમાં સજ્જ ને ગળે તુલસીની માળા ને માથે સુંદર પાઘડી ને મુખે રામનું નામ... એવા જલારામ બાપાને કાને આ વાત પહોંચી ત્યાં તો બાપા ઉતાવળા પગલે હાલતા હાલતા છેક સાધુ પાસે પહોંચ્યા, ને વંદન કર્યા ને હાથ જોડીને કહ્યું મહારાજ હાલો ઉતારે ? આપ અમારા મહેમાન બનો, સાધુ તો સામુ જોઇને કહે લ્યો મારો હાથ પકડો બાપાએ વૃદ્ધ સાધુનો હાથ પકડયો છે ને ધીરે ધીરે ગામ તરફ હાલે છે. છેક ઉતારા નજીક આવ્યા એટલે બાપાએ એક નાનકડી ઓરડી આગળ ખાટલો પાથરીને વૃક્ષના છાંયે બેસાડયા છે. ગરમ પાણી સ્નાન કરવા માટે કાઢી દીધું છે. સ્નાન કરીને એ વૃદ્ધ સાધુ ને બાપાએ કહ્યું હાલો મહારાજ ભોજન કરવા પધારો.

ઇ વૃદ્ધ સાધુ કયે કે હું જમુ પછી પેલા મારી એક માંગણી પુરી કરો.

બાપા તો ઇ સાધુ સામુ જોઇ ને કહે. ઓ હો , એમાં શું મહારાજ... મારાથી બનશે તો પુરી કરીશ . સાધુ કહે ,ઇ આપનાથી બની શકે એમ છે એટલે તો કહું છું, બાપા કહે, વાંધો નહી, મહારાજ. પણ અમારો તો નિયમ છે કે કોઇ સાધુ સંત ફકીર કૈ વટેમાર્ગુ અમારે આંગણેથી ભુખ્યો ન જાય. એટલે આપ જલદી કહો કે આપની માંગણી શુ છે?

એક દુહો છે કે,

*કાઠીયાવાડ મા કોક દી, ભુલો પડ ભગવાન*
*ને થા ને અમારો મહેમાન, હે તને સરગ ભુલાવુ શામળા.*

આપણા કવિઓએ આવો મહિમા કાઠીયાવાડનો કહ્યો છે ઇ ધરા પર આજે એક વૃદ્ધ સાધુના વેશમાં... જગતનો નાથ આવીને ઉભો રહ્યો છે. આ સાધુ કોઇ રોટલાનો ખાનારો નહોતો ,આ સાધુ તો રોટલા દેનારો હતો. ઇ પરમેશ્વરે સ્વર્ગ સુધી આ જગ્યાના વખાણ સાંભળ્યા હતા. અખિલ બ્રહ્માંડના નાથને થયું કે આવું હોઇ શકે, કે બે માણહ મારા નામે સદાવ્રત ચલાવે છે, ભૂખ્યાને ભોજન આપે છે, એમણે સંસારની બધી મોહમાયાનો ત્યાગ કર્યો છે, ને બસ એક જ વાત સેવા સેવા ને સેવા. તો લાવ ને, આજ હું આમની પરીક્ષા કરું કે આ બેઉ જણની નિષ્ઠા ને ભક્તિ કેવા અચળ ને અખંડ છે. જગતના નાથને વિચારે આવે ત્યાં તો... ઇ પરમેહર... પળવારમાં તો વૃદ્ધ સાધુનું શરીર ધારણ કરીને વીરપુરને પાધર આવી ને બેઠો. ને ત્યાંથી બાપા જોડે ઉતારે ને રસોડે આવીને ઉભો છે !ઇ કયે છે કે, મારી એક માંગણી પુરી કરો એટલે હું જમું.



ડાયરો
સુખદેવ ગઢવી

બાપા કહે, મહારાજ આપ કહો કે આપને શું જોઇએ છીએ?.

ત્યારે ભગવાનના વેશમાં રહેલા સાધુએ કહ્યું કે, જુવો હું કેટલો અશકત છું, હું હાલી નથી શકતો મારી ચાકરી કરવાવાળુ કોઇ હોય તો મારું ઘડપણ સચવાઇ જાય, તો મારી માંગણી છે કે આપ આપના પત્ની મને આપો. ઇ મારી ચાકરી કરશે ને રોટલા ખવડાવશે.

સાધુની વાત સાંભળીને આજુબાજુ ઉભેલા સહુ સેવકો આશ્ચર્ય પામ્યા છે. પણ જલારામ બાપા તો એજ સ્થિતિમાં ઉભા છે, એમને કોઇ આશ્ચર્ય થયું નથી.

જલારામ બાપાએ કહ્યું, અરે મહારાજ એમાં શું? ઇ તો અમારા મહાભાગ્ય કહેવાય !બાપ ઇ તો અમારા ધનભાગ્ય કે આપ અમારા આંગણે મહેમાન બન્યા છો. આપની સેવા કરવાથી તો અમે પુણ્ય કમાશું! આ માટી માટીમાં જ મળી જવાની છે. અંતે રાખનું રાખ.

એમ કહી જલારામ બાપા ભંડારા તરફ ઉપડયા, જ્યાં વીરબાઈમા આ વખતે રોટલા ઘડતા હતાં. પણ આતો સાક્ષાત્ જગદંબા જેવા વીરબાઈમાં હતા. એમણે બારણા પાસે ઉભેલા બાપાને જોઈને પુછ્યું કે, આજે કેમ આપ ઉદાસ લાગો છો, કોઇ સાધુ સંત કે વટેમારગુ આપણે આંગણે નથી આવ્યા એટલે ઉદાસ છો.? બાપા કહે, ના એવી વાત તો નથી, પણ એક સાધુ આવ્યા છે ને ઇ એક હઠ કરી ને બેઠા છે. એટલે વીરબાઈમાં કહે, તો એમની હઠ પુરી કરો .બાપા કહે, એમની હઠ થોડી આકરી છે... ઇ સાધુ કયે છે કે મારાથી હલાતું નથી. વૃદ્ધ થયો છું એટલે હવે મારી ચાકરી કરવા માટે આપના પત્ની મને આપી દ્યો... રોટલા ઘડતા ઘડતા. વીરબાઈમા બાપા સામુ જોઈને બોલ્યા... ઓ હો !એમાં શું મોટી વાત છે, આપણે તો સાધુ સંતની સેવા જ કરવી છેને... એમને ચાકરી માટે કોઇ માણહ જોતું હોય અને આપની આજ્ઞા હોય તો હં તૈયાર છું. કારણ કે આ કાયા કોઇ દી કાયમ રેવાની નથી. મનુષ્ય જીવનનો કોઇ ભરોહો નથી. માટે આપ ચિંતા છોડો ને ઇ સાધુ ને હા પાડીને આવો. આપ મારી જરાય ફિકર કરશોમાં. સાચવવાવાળો તો મારો નાથ છે. વાહ ધન્ય છે ઇ આર્યનારીને. બાપા દોડતા દોડતા ઇ સાધુ પાહે આવી ને કહે, હે મહારાજ આપની માંગણી પૂરી કરશું જ, પહેલા આપ જમી લો, અને ઇ સાધુ તો આજે પેટ ભરીને જમ્યા છે. જુઓ પતિ પત્ની બંનેના વિચારો કેટલા સમાન છે. જાણે કે શ્વાસ અને વિશ્વાસ ભેગા હોય. સાધુના વેશમાં રહેલો અખિલ બ્રહ્માંડનો નાથ મનમાં વિચારે છે કે, ભગત હજુ કસોટી પુરી નથી થતી. હજી બાકી છે. ઇ સાધુના વેશમાં રહેલા પરમાત્માએ જમી લીધું, ઓડકાર ખાધો ને લાકડીને ટેકે બેઠા થયા. ને ધીરે રહી ને કહે, લો ત્યારે, હવે હું નિકળું કેમ કે સાધુ તો ચલતા ભલા. આમ કહ્યું ત્યાં તો ઇ સાધુ હારે માં વીરબાઈમાં હાલતા થયા. લોકોનું ટોળું ભેગુ થ્યું છે .બધા લોકો ને છેલ્લા વંદન કરીને મા વીરબાઇ સહુને કહે છે , લ્યો ત્યારે સીતારામ, પણ આપ સહુને એક વિનંતી કરું છુ કે આપ સહુ એમની ખબર રાખજો. એમને કોઇ તકલીફ નો પડે એનું ધ્યાન રાખજો... જલારામ બાપા સામું જોઇને કહે, આપ શરીર સાચવજો. ને મારી ચિંતા જરાય ના કરતા... બાપાએ પણ હસતા હસતા કહ્યું, લ્યો ત્યારે સીતારામ. આમ સાધુ ને વીરબાઈમાં હાલવા લાગ્યા છે. ધીમે ધીમે ગામને પાધર પહોચ્યા છે...

પણ, આ બાજુ જગતનો નાથ હવે અંદરથી ધ્રુજવા લાગ્યો છે એને થ્યું આ શું? આ ભગતને એમના ઘરવાળા કોઇ રીતે પાછા નથી પડતા. વાહ, એમની ખાનદાની અને વાહ એમના વટ ને વચન. ધીમે ધીમે સાધુ હાલે છે પણ મન અને હદય કામ નથી કરતા... ઓહો આ મલકના માનવીઓમાં આટલું સમર્પણ આવો ભાવ કે પોતાની સગી પત્નીને દાનમાં આપી દે! વાહ મારા ભક્તો ને વાહ એમની નિષ્ઠા. આવા માનવીઓ તો આ જગતમાં બીજે કયાંય મળે નહિ... પણ, આ સાક્ષાત્ અન્નપૂર્ણાનો અવતાર છે એને હવે હું કયાં લઇ જાવ... આમ મનમાં ને મનમાં ઇ સાધુના વેશમાં રહેલા પરમાત્માએ પોતાના હાથમાં જે ઝોળી ને ધોકો હતા ઇ વીરબાઈમાંના હાથમાં આપીને કહ્યું કે આપ હમણા અહીં ઉભા રહો. હું દિશાએ જઇને આવું છું, ઇ ભગવાન ગ્યા ઇ ગ્યા. ઘણો સમય થયો પણ ઇ સાધુ પાછા નો ફર્યા એટલે વીરબાઈમાએ આજુબાજુમાં તપાસ કરી એમાં એક યુવાને મા વીરબાઇને જોયા એણે ગામમાં જાણ કરી. ગામ બધું દોડતું આવ્યું ને પુછ્યું એટલે વીરબાઇ મા કહે ઇ સાધુ તો દિશાએ જાઉં છું એવું કહી ને ગ્યા ઇ ગ્યા.. જુ પાછા જ નથી આવ્યા... આ ઝોળી ને ધોકો બેય મને દેતા ગ્યા છે

બાપા પણ દોડતા દોડતા આવ્યા છે. એમણે કહ્યું ઇ તો જગતનો નાથ હતો, ઇ તો આપણી ઝોળી ભરવા આવ્યો તો.

આ વાતને તો વરસો ઝાઝા નથી થયા, ઇ ઝોળીને ધોકો આજે પણ આપણને વીરપુર મંદિરમાં જઇએ એટલે દર્શન થાય છે.

લ્યો એટલે આજે જલારામ બાપા ને વીરબાઇમા પૂજાય છે... કારણ કે આજ સુધી તો કેટલાય રાજા મહારાજાઓ ને મોટા નેતાઓ ને લીડરો આ દુનિયામાંથી ચાલી ગયા જેને આજે કોઇ યાદ પણ કરતું નથી. ને નાના એવા ગામડાના આ મહાનભકતદંપતીને લોકો પુજે છે.

*નામ જપો જલિયાણ નુ, કરે કષ્ટ સહુ નાશ.*
*ભકતોની વહારે ચઢે, રાખો દઢ વિશ્વાસ* ■

*લેખક લોકસાહિત્યકાર અને હાસ્યકાર છે.*

પ્રતિભાવ: yourgujarattimes@gmail.com

# ઈન્ટરનેટના યુગમાં ટપાલ ખોવાઈ

■ સિધ્ધાંત મહંત



સિધ્ધાંત મહંત

નવમી ઓક્ટોબર એટલે 'વિશ્વ ટપાલ' દિવસ તરીકે પુરા વિશ્વમાં ઉજવવામાં આવે છે. ટપાલ વર્ષોથી સંદેશા વ્યવહારનું મહત્ત્વનું માધ્યમ રહ્યું છે. એ વાત અલગ છે કે આજે તેનો વપરાશ જૂજ પણે જોવા મળી રહ્યો છે. ભારતમાં ટપાલ વિભાગ દ્વારા લોકોને રજીસ્ટર્ડ ટપાલ, પાર્સલ અને બચત યોજનાઓની વિવિધ સુવિધા પુરી પાડવામાં આવે છે. ભારતમાં ટપાલ સેવાની શરૂઆત બ્રિટિશ ઈસ્ટ ઈન્ડિયા કંપની દ્વારા મુંબઈથી કરાઈ હતી. અને ઈ.સ. ૧૮૫૪માં ભારતમાં ટપાલ ટિકિટનો ઉપયોગ શરૂ થયો હતો. જેની કિંમત પણ ૧-૨ આના હતી. દાયકાઓ સુધી સંદેશા વ્યવહારના જીવનનું મહત્ત્વનું અંગ રહેલ ટપાલ આજે ગણ્યા ગાંઠ્યા લોકો જ તેનો ઉપયોગ કરે છે.

સ્માર્ટ યુગમાં હાલ સૌ કોઈ સ્માર્ટ ફોન વાપરતા થયા છે. પણ જ્યારે આ સ્માર્ટ ફોન નહતા ત્યારે સંદેશા વ્યવહાર આટલો સરળ નહોતો. તે સમયે નજીકના અંતરે ટપાલ પહોંચતા ત્રણ કે ચાર દિવસ લાગતા હતા. અને જો દૂરના અંતરે ટપાલ મોકલાવવી હોય તો તેનાથી પણ વધારે દિવસનો સમય લાગતો હતો. પહેલાના લોકોમાં તાર, ટપાલ શબ્દ પડે એટલે જાણે વીજળીની ગતિએ મન દોડવા માંડે અને સારા નરસા સમાચાર શું હશે... બધું કુશળ મંગળ હશે ને તો ક્યારેક એકમેકને ખબર અંતર પુછવા ટપાલ રસિકો ટપાલ લખતા હતા. ખાસ કરીને તહેવારો ટાણે તેનો ઉપયોગ વધુ થતો હતો. પણ આજે આ આધુનિક ઈન્ટરનેટના યુગમાં ટપાલ ઘણાં ઓછા લોકો વાપરતા થયા છે. જેના









કારણે આવનાર પેઢીમાં ટપાલ પત્ર નામશેષ થશે તેમાં કોઈ શંકાનું સ્થાન નથી. સમાજના ઘણા જૂજ લોકો જ આજના સમયમાં ટપાલ લખે છે. જેમાં મોટેભાગે શોખ ખાતર લખતા જોવા મળી રહ્યાં છે.

ટપાલ શબ્દ 'ટપ્પો' પરથી આવ્યો હોવાનું ગણાય છે. ડાક, પત્ર, ચિઠ્ઠી, કાગળ, પોસ્ટકાર્ડ, અંતરદેશીય, પરબીડીયુ એટલે ટપાલ. અંગ્રેજીમાં તેને 'Post' કે 'Mail' કહેવાય. જેમાં પત્રો નંખાય તેને ટપાલપેટી કહેવાય. ટપાલને, જે તે વ્યક્તિ સુધી પહોંચાડનારને ડાકીયા, ટપાલી કે પોસ્ટમેન કહેવાય. આ માટેની ઓફીસને ડાકઘર, ટપાલકચેરી કે પોસ્ટઓફિસ કહેવામાં આવે છે. કહેવાય છે કે વિશ્વનો સર્વપ્રથમ પ્રેમપત્ર રૂકમિણીજીએ કૃષ્ણ ભગવાનને લખ્યો હતો. કવિ કાલીદાસે મેઘને પોતાનો ટપાલી બનાવીને પ્રિયતમાને સંદેશ મોકલ્યો હતો. રાજાઓ દૂત દ્વારા પોતાનો સંદેશ મોકલતા. ક્યારેક કબૂતરને દૂત બનાવતા. સૌ પ્રથમ પર્શિયાના રાજા સાયરસે સંદેશા પહોંચાડવા માટે ઘોડા દ્વારા ટપાલ વ્યવસ્થા શરૂ કરી હતા. પહેલાના સમયમાં સ્કૂલમાં ભણતા બાળકોને ટપાલ કઈ રીતે લખવી, કઈ રીતે ટપાલ ટિકિટ લગાવી, સરનામું લખી પોસ્ટ કરવાનું શીખવાડતા હતા. પણ આજે અમૂક જ સ્કૂલ આ રીતે ટપાલ લખવાનું શીખવાડે છે. આ પણ એક વાસ્તવિકતા છે. ઓન લાઈનના યુગમાં ઓફ લાઈન થતી વસ્તુઓ નામશેષ થવાના આરે છે. જો આવું ને આવું ચાલ્યા કરશે તો ટપાલનો યુગ જલ્દી આથમી જશે. શોખ માટે લખતા ટપાલ રસિકો આજે ચિંતિત બન્યા છે. ■

*લેખક ફ્લિાન્સ પત્રકાર છે.*

## ટપાલ ટિકીટ વિશે જાણીએ...

ટપાલ ટિકીટ એ પોસ્ટેજ ખર્ચની રસીદ દર્શાવતો નાના કદનો ટુકડો છે. તેના પાછળના ભાગમાં ગુંદર લગાડેલો હોય છે જેથી તેને પરબીડિયાં કે પોસ્ટકાર્ડ પર સહેલાઈથી ચોંટાડી શકાય છે. આ એમ દર્શાવે છે કે પ્રેષકે પ્રાપ્તકર્તાને પહોંચાડવા માટે ટપાલ સેવાઓનો પૂર્ણ રીતે અથવા આંશિક રૂપે ચુકવણી કરેલ છે. ટપાલ ટિકીટ એ શુલ્ક ચૂકવવા માટેની સૌથી સરળ અને લોકપ્રિય નીવડેલ પદ્ધતિ છે. ટપાલ ટિકીટોને ટપાલ કચેરીમાંથી ખરીદ કરી શકાય છે. ટપાલ ટિકીટ એકઠી કરવી એ એક શોખ છે. ટિકીટ સંગ્રહના શોખ ને ફિલાટેલી શબ્દ ઓગણીસમી સદીમાં ફ્રેંચ સંગ્રાહક એમ. વી. હરપીને આપ્યો હતો. ટપાલ ટિકીટ દેશના બહુમૂલ્ય તેમજ ભવ્ય પાસાંઓ જેવાં કે ઈતિહાસ, ભૂગોળ, કલા અને શિલ્પ, ઉદ્યોગ અને સંચાર, કૃષિ, વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી, ઘટનાઓ તેમજ ઐતિહાસિક મહાપુરુષોને, પ્રતિબિંબિત કરે છે. સાર્વજનિક સંદેશાઓ સમગ્ર રાષ્ટ્ર તેમજ આંતરરાષ્ટ્રીય કક્ષાએ મુકવાનું કામ કરે છે.

## વિશ્વ ટપાલ દિવસ...

૯ ઓક્ટોબર, ૧૮૭૪માં યુનિવર્સલ પોસ્ટલ યુનિયન (UPU)ની સ્થાપના સ્વીસની રાજધાની બર્નમાં થયેલ. અને ત્યાર બાદ ૧૯૬૯માં જાપાનના ટોકિયો શહેરમાં UPU કોંગ્રેસ દ્વારા આ દિવસને વિશ્વ ટપાલ દિવસ તરીકે જાહેર કરવામાં આવ્યો છે આથી દર વર્ષે ૯ ઓક્ટોબરે વિશ્વ ટપાલ દિવસ તરીકે ઉજવવામાં આવે છે.

# આયુર્વેદના ટોનિક

આરોગ્ય

ડો. રાજેશ વર્મા

ટોનિક શબ્દમાં જ ટોનિક છે. ટોનિક શબ્દ કાને સંભળાતાં ખરેખર ટોનિકનો અહેસાસ થવા લાગે છે. તેથી જ સૌને ટોનિકનું ઘેલું લાગ્યું હોય છે. સૌ કોઈ એવું ઈચ્છે કે કાંઈક ટોનિક લીધું હોય તો મજા પડે, જરા શક્તિ આવે, જરા સ્ફૂર્તિ આવે, જરા તાજગી આવે, ઉલ્લાસ અને ઉમંગ આવે. જીવન જીવવાની લિજ્જત આવે, શરીરમાં નવજીવનનો સંચાર થાય અને આ બધું જ તેને જોઈએ છે તે બાટલીમાં રહેલાં ચૂર્ણ, ગોળી કે પ્રવાહીમાં ભરપૂર છે તેમ તે માને છે. આને પેટમાં પધરાવી દેવાથી આ કામ સરળ થઈ જશે એવી પણ એક માન્યતા છે.

પરંતુ સીધો સાદો માનવી એ નથી સમજતો કે ચોક્કસ ઔષધના સેવનથી એવું તો શું થવાનું છે કે તમારા શરીરમાં નવચેતન આવી જાય. બહારથી શરીરમાં ઠાલવેલાં દ્રવ્યો એવો તે કેવો ચમત્કાર કરે છે કે તમને તમારા જીવનમાં ચમત્કાર સર્જાતો જોવા મળે છે. આ એક સમજવા જેવી વાત છે. સમજો કે કોઈ દુર્બળ અને અશક્ત વ્યક્તિ છે. કૃશકાય શરીર છે તે એક કે બે તોલા સુવર્ણ વસંત માલતી લે અને તેનામાં શક્તિ આવે, તેનું વજન વધી જાય. તો રોગીએ તો માત્ર એક તોલો જ ઔષધ સેવન કર્યુ છે અને વજન તો પાંચ કિલો વધ્યું તો આ વજન કયાંથી આવ્યું? તે શાનું વધ્યું? તે કેવી રીતે વધ્યું? એ જ રીતે તે અશક્ત હતો. ચાલતાં થાકી જતો હતો, માયકાંગલો હતો તેનામાં શક્તિ અને સ્ફૂર્તિ કયાંથી આવ્યા? પેલું ઔષધ તો નિર્જીવ હતું તો ચેતનાનો સંચાર કઈ રીતે કર્યો? તો આ ઔષધો કઈ રીતે અને કોના ઉપર કામ કરે છે તે સમજી લેવા જેવું છે.

આયુર્વેદે સાત ધાતુનું વર્ણન કરેલ છે જે શરીરનું ધારણ કરે છે. આ સાત ધાતુ છે. રસ, રક્ત, માંસ, મેદ, અસ્થિ, મજ્જા અને શુક્ર.

આપણે જે ખોરાક ખાઈએ છીએ તેમાંથી આ સાતેય ધાતુઓ બને છે. પરંતુ આ ધાતુઓ બનવાનો આધાર આપણા જઠરાગ્નિ ઉપર અને આ ધાતુઓના ધાત્વાગ્નિઓ ઉપર રહેલો છે. જો ખોરાકનું બરાબર પાચન ન થાય તો તેમાંથી રસ ધાતુ બનવાને બદલે કાચો આમ બને જે શરીરને નુકસાન કરે અને રોગિષ્ટ બનાવે છે. જો જઠરાગ્નિ બરાબર દીપ્ત હોય તો જ આહારમાંથી ઉત્તમ પ્રકારની રસ ધાતુનું નિર્માણ થાય. ત્યારબાદ રસધાતુ ઉપર રસાગ્નિની ક્રિયાથી આગળની ધાતુ બને. છેલ્લે શરીરની ઉત્તમ અને સપ્તમ ધાતુ શુક્ર બને. અને આ બધી ધાતુઓ ઉત્તમ પ્રકારની હોય તો તેમાંથી ઓજ પ્રગટે. ઓજ એ સાતેય ધાતુઓનો સાર છે. સાચી શક્તિ એ આ ધાતુઓ છે. સાચી શક્તિ અને ઉત્તમ પ્રકારનો ઓજ છે.

જો જઠરાગ્નિ દીપ્ત ન હોય, ધાત્વાગ્નિ કાર્યક્ષમ ન હોય તો આપણે ખાધેલા ખોરાકનું શક્તિમાં રૂપાંતર ન થાય. પછી ભલેને એ આહાર ગમે તેટલો ઉત્તમ પ્રકારનો હોય. આ વાત સૌએ ભૂલવા જેવી નથી. ઘણાં લોકો ફરિયાદ કરતા હોય છે કે અમારો તો ઘી-દૂધનો જ ખોરાક છે. અમે બજારનું કશું ખાતાં નથી. અમે રોજ ફળફળાદિ અને સૂકો મેવો નિયમિત લઈએ છીએ છતાં શરીરમાં થાક તો વર્તાય જ છે. ધાર્યુ કામ થતું નથી. આવો સારો ખોરાક જાય છે કયાં અને તેનું શું થાય છે એ જ સમજ નથી પડતી. આવી ફરિયાદ કરનારાઓનો જઠરાગ્નિ જ મંદ હોય છે તે ગમે તેટલું સારું ખાય પણ તેમાંથી શરીરને જોઈતા તત્ત્વોનું નિર્માણ જ ન થાય. ઊલટાનો કહેવાતો ભારે અને સારો ખોરાક પચે નહિ તો શરીરને નડે તે શરીરમાં કાચો રસ આમને પેદા કરે. આ આમ શરીરમાં જાત જાતના રોગને જન્મ આપે.



આથી ઊલટું, આપણે જોયું છે કે કેટલાંક લોકો ગમે તેવો ખોરાક ખાતા હોય છે છતાં તાજા માજા હોય છે. આવા લોકોના નસીબમાં દૂધ-ઘી નથી હોતાં. સૂકા મેવા તો જોયા જ નથી હોતા, રોટલો ને છાશ ખાઈને કામે પડી જતાં હોય છે પરંતુ થાકયા વગર કામ કેટલા બધા કલાક એકધારું કર્યા જ કરતાં હોય છે. આવા લોકો પાણા પણ પચાવી જાણતાં હોય છે. આવા લોકોને શક્તિ માટે કયારેય ટોનિક દવાની જરૂર પડતી નથી હોતી કારણ કે આ બધાનો જઠરાગ્નિ ખૂબ તીવ્ર હોય છે. ઘી ચોપડ્યા વગરના રોટલામાંથી પણ આ અગ્નિ શરીરની શક્તિ છૂટી પાડવામાં સક્ષમ હોય છે.

તો પ્રશ્ન એ થાય કે શ્રમિકો, મજૂરો વગેરેમાં આ શક્તિ આવી કયાંથી? તો એ લોકો શ્રમ કરતાં હોય છે. જે મિત્રો શરીરશ્રમ કરે તેના અગ્નિને સતેજ કરવા કોઈ ઔષધની જરૂર ન રહે. શરીરશ્રમનું આ મહાત્મ્ય છે. આયુર્વેદમાં તો એટલે સુધી લખ્યું છે કે નિત્ય શરીરશ્રમ કરનારને માટે કોઈ અપથ્ય નથી. એટલે કોઈ અપથ્ય તેને નડતું નથી. એટલે એક વાત તો નક્કી જ છે કે શરીરશ્રમ એ ઉત્તમ ટોનિક છે. જે મિત્રોના જીવનમાં શરીરશ્રમને અવકાશ નથી તેઓ તેની પૂર્તિ વ્યાયામથી કરી શકે છે. વ્યાયામનાં તો વિવિધ પ્રકાર છે. વય, જાતિ, પરિસ્થિતિ પ્રમાણે જે વ્યક્તિને જે પ્રકારનો વ્યાયામ અનુકૂળ આવે તે પ્રમાણે તે કરી શકે છે. પરંતુ જે લોકો ખાય છે, સારું સારું ખાય અને બેઠાડુ જીવન જ જીવે છે તેઓ તો પોતાના આરોગ્યને અનેક રીતે નુકસાન પહોંચાડી રહ્યાં છે. આવી વ્યક્તિઓએ કોઈ પણ શક્તિનાં ઔષધનો વિચાર કરતાં પહેલા, પાચનની ગોળીઓ ગળતાં પહેલાં વ્યાયામનો વિચાર કરવો જોઈએ અને નિયમિત રીતે તેને જીવનમાં અપનાવવું જોઈએ.

એટલે શરીર માટેનું પ્રથમ ઉત્તમ ટોનિક છે વ્યાયામ અને શરીરશ્રમ.

દરેક વ્યક્તિએ પોતાની રીતે પોતાની અનુકૂળતા પ્રમાણે, પોતાની સગવડતા પ્રમાણે તેમાંથી પસંદગી કરી તેને અપનાવવો જોઈએ. ઔષધ ઉપરાંત હજી પણ એક ટોનિક છે. જેની ચર્ચા પણ ઔષધની ચર્ચા કરતાં પહેલા કરી લેવી જ રૂરી છે. શરીરશ્રમ, વ્યાયામ શારીરિક ટોનિક છે તો જે બીજું ટોનિક છે તે માનસિક છે, તેનું નામ છે આનંદ. જે વ્યક્તિ આનંદમાં રહે છે તેની તો વાત જ શું કરવી? તેની ધાતુઓ તો આપોઆપ વૃદ્ધિ પામે છે. કારણ કે વ્યાયામથી જેમ અગ્નિ દીપ્ત થાય છે તેમ આનંદથી પણ અગ્નિ દીપ્ત થાય છે. તમે જોયું હશે કે તમે ખુશ હો ત્યારે વધારે ખાઈ શકો છો. કયાંક મહેમાન થઈને ગયા હો તો વધારે ખાઈ શકાય છે. પ્રવાસ પર્યટનમાં ભૂખ વધારે ઊઘડે છે. કારણ કે આવા પ્રસંગોએ તમે આનંદમાં હો છો. તમારા ઉપર ધંધાનું કે બીજું કોઈ ટેન્શન નથી હોતું. તમે એ પણ જોયું હશે કે જે દિવસે તમને કોઈ સમાચાર જાણવા મળે, કોઈક દુઃખદ બીના બને, ધંધાનું કે બીજું ટેન્શન વધી જાય ત્યારે તમારી ભૂખ મરી જાય છે કે ઓછી થઈ જાય છે. તમે પૂરું ખાઈ શકતાં નથી. શું ખાધું તેનો પણ તમને ખ્યાલ હોતો નથી. એ આહાર સ્વાદિષ્ટ હોય તો પણ તેની નોંધ તમે લીધી નથી હોતી. જે દોડધામ વગેરેથી ત્રસ્ત હોય છે તેનો અગ્નિ પણ મંદ પડી જાય છે તેમાં શરીરમાં પણ ધાતુઓનું બરાબર નિર્માણ થતું નથી અને તેનામાં શક્તિનો પાદુર્ભાવ પણ થતો જોવા નથી મળતો. માટે આનંદમાં રહો. કારણ વગર મૂડ ન બગાડો. ગમે તેટલી આર્થિક સદ્ધરતા, પદ અને પ્રતિષ્ઠા, માન અને મોભા કરતાં આનંદની કિંમત વધારે છે.

એટલે પ્રથમ ટોનિક છે વ્યાયામ કે શરીરશ્રમ અને બીજું ટોનિક છે આનંદ.

તે પછી જ ઔષધ-દ્રવ્યોનો નંબર આવે.

**જનરલ ટોનિકઃ-** જનરલ ટોનિક એટલે કે શક્તિવર્ધક ઔષધી પણ કહી શકાય. જેઓ નબળા છે, દુર્બળ છે, અશક્ત છે તેમનામાં શક્તિનો સંચાર કરનારાં ઔષધો તે જનરલ ટોનિક. લાંબા સમયની બીમારી પછી કરનારાં ઔષધો તે જનરલ ટોનિક. લાંબા સમયની નબળાઈ પછી ઘણાને અશક્તિ આવી જાય છે, ઉંમરને લઈને પણ નબળાઈ વર્તાતી હોય છે, અપૂરતા પોષણને લઈને બાળક દુર્બળતા અનુભવતું હોય છે, વધુ પડતાં કામના ઢસરડાને લઈને મહિલા નંખાઈ ગઈ હોય છે. આવા રોગીઓ માટે આ જનરલ ટોનિક ઉપકારક છે. કેટલીકવાર શસ્ત્રક્રિયા કરાવ્યા પછી કે કોઈ રોગમાં ભારે દવા લીધાની આડઅસરને કારણે પણ અશક્તિ આવી જતી હોય છે. તેમને માટે પણ આવાં જનરલ ટોનિક જ ઉપયોગી નીવડે છે. આવી વ્યક્તિઓની મુખ્ય ફરિયાદો જોઈએ તો શરીર દુર્બળ છે, કામ કરતાં થાકી જવાય છે, કામ કરવાનું મન થતું નથી. સહેજ ચાલતાં હાંફી જવાય છે, શરીર તૂટે છે, માથુ ભમે છે, ચર આવે છે, પગ ચૂસાય છે, શરીરે કળતર થાય છે, શરીર તપેલું રહે છે. પૂરું ખાઈ શકાતું નથી. બરાબર ઊંઘ આવતી નથી, ઝબકીને જાગી જવાય છે, અસુખ લાગ્યા કરે છે, કાંઈ ચેન પડતુ નથી. કોઈ કામમાં મન ચોંટતુ નથી. બોલતાં થાકી જવાય છે, થોડીવાર ઊભાં રહેવાતું નથી, મન ભમ્યા કરે છે, કોઈ વાત યાદ રહેતી નથી, લોકોનાં નામ પણ ભુલાઈ જાય છે, જીવનમાં સ્ફૂર્તિ ઉમંગ ઉલ્લાસ જેવું કાંઈ લાગતું નથી. આ બધાને એક યા બીજા પ્રકારના જનરલ ટોનિકની જરૂર છે.

**શું આપને પણ સ્વાસ્થ્યને લગતી કોઈ સમસ્યા છે? ડો. વર્માના સેમિનારમાં ભાગ લેવા અથવા રૂબરૂ મળવાનો લાભ લેવા હમણાં જ ફોન કરીને ડો. વર્માના પ્રોગ્રામ વિષે જાણો અને અગાઉથી નામ રજીસ્ટર કરાવો.**

Call: (888)6022963

Email: dr.varma.officeAgmail.com

# છૂટાછેડા લેવાની કળા



ટહુકો

ગુણવંત શાહ



ગુણવંત શાહ

બે ગાઢ મિત્રો વિખૂટા પડે તે ઘટનાને કોઈ છૂટાછેડા નથી કહેતું. મામા અને ભાણેજ વચ્ચે સંબંધ કપાઈ જાય તેને કોઈ છૂટાછેડા નથી કહેતું. બે ભાઈઓ, બે બહેનો કે ભાઈ અને બહેન વચ્ચેના સંબંધમાં કડવાશ સિવાય કશું ન બચે તોય તે દુર્ઘટનાને નિંદનીય ગણવામાં ન આવે. કોઈ કારણસર પતિ અને પત્ની છૂટાં પડે તો તેને છૂટાછેડા કહેવામાં આવે છે અને તે નિંદાપાત્ર ગણાય છે.

હિલ્રી ક્લિન્ટને પુસ્તક પ્રગટ કરેલું, જેનું મથાળું હતું: 'ઈટ ટેક્સ અ વિલેજ' પુસ્તકમાં બિલ ક્લિન્ટનની ધર્મપત્ની હિલરી લખે છે કે અમેરિકનો છૂટાછેડા લેવામાં વધારે પડતા ઉતાવળા હોય છે. હિલરીના પોતાના જીવનમાં મોનિકા લેવેન્સ્કી નામનું જબરદસ્ત વાવાઝોડું આવેલું તોય પતિ-પત્ની ભેગાં રહી શક્યાં. હિલેરીએ ઉતાવળ ન કરી. અમેરિકા જેવા અમેરિકામાં પણ આખરે સ્ત્રીએ જ જતું કર્યું અને પતિનાં અળવીતરાં સહન કરી લીધાં. નારીમુક્તિ કઈ ચકલીનું નામ છે? હજી આજે પણ ઉદારતા, સહિષ્ણુતા અને ક્ષમાનો ઈજારો સ્ત્રી પાસે જ રહ્યો છે.

સૌરાષ્ટ્ર પંથકમાં સાવ સાચી બનેલી ઘટના છે. પત્રલેખિકા વિદ્વાન પ્રાધ્યાપિકા છે. પત્રમાં ક્યાંય વિગતચોરી બહેને કરી નથી. ગુજરાતમાં પચીસ વર્ષો સુધી જે વિચારશિબિરો આ લખનારે ગોઠવ્યા તેમાં બે વખત આ બહેને ભાગ લીધેલો. પોરબંદરથી સાબરમતીની પંચશીલ પદયાત્રામાં પણ પોતાની વિદ્યાર્થિનીઓ સાથે જોડાઈને પોતાની સામાજિક સભાનતાનો પરચો સૌને કરાવેલો. પત્ર ખૂબ લાંબો છે. એમાં શબ્દે શબ્દે વેદના, નિખાલસતા, ઉદારતા અને ગરિમા પ્રગટ થતી દીસે છે. છૂટાછેડા લેવાની કળા આ પત્રમાં પ્રગટ થઈ છે. છૂટાં પડ્યા પછી પણ કટુતા કે અબોલા જેવું નથી. સભ્ય સમાજનું એક લક્ષણ એ કે એમાં પતિ-પત્ની કોઈ પણ પ્રકારની તકરાર વગર મરજીપૂર્વક અને સમજણપૂર્વક છૂટાં પડી શકે. એ જશ બન્ને મળવો જોઈએ. હવે પત્રના કેટલાક ધારદાર શબ્દો જ અહીં પ્રસ્તુત છે :

(૧) ભાઈ! શરૂઆત ક્યાંથી કરું એ સમજાતું નથી. આ પત્ર ભલે અંગત હોય, પરંતુ પ્રશ્ન સામાજિક છે. વ્યથા મારી નથી, વ્યથા વૈશ્વિક છે. હવે છૂટાં પડવું (ડિવોર્સ) એ સહજ ઘટના બનતી જાય છે. પ્રત્યેક યુગલના અલગ અલગ પ્રશ્નો છે. હા, એવું કહી શકાય કે ભણેલાં-ગણેલાં અને થોડુંક વિચારનારાં બૌદ્ધિક યુગલોના પ્રશ્નો સરવાળે સરખા જ હોય છે.

(૨) ત્રણ વર્ષના લગ્નજીવન પછી જ્યારે અલગ પડવાનું આવ્યું ત્યારે એકઝાટકે સંબંધને તોડી નાખવા એવું નહોતું. કેટલાય મનોમંથન પછી ખૂબ વિચારપૂર્વકની આ ઘટના હતી. અમારો પ્રશ્ન આજના મોટા ભાગનાં આધુનિક યુગલોનો પ્રશ્ન છે. કેટલાંક તારણ હું મારી રીતે આપું છું.

(૩) આજે પણ આપણો સમાજ બહારથી સુધર્યો છે, પણ વૈચારિક રીતે એટલો જ પછાત છે. પુરુષ હજી એવો ને એવો પરંપરાગત, તમામ બાબતોમાં સ્ત્રી પર આધાર રાખનાર, ધણીપણું કરનાર, સ્વભાવે વર્ચસ જાળવનાર, લગ્નની સહિયારી ભાગીદારીથી દૂર ભાગનારો, તમામ જવાબદારી સ્ત્રી પર નાખનારો, કશુંય જાતે ન કરવા ટેવાયેલો, સ્ત્રીની સંવેદનશીલતાને ન સમજનારો કહી શકાય. હા, અપવાદ હોઈ શકે.

(૪) એ જાહેરમાં સમાજસુધારની અને નારી-સન્માનની વાતો કરતો હોય અને અંગત જીવનમાં કંઈક જુદું જ હોય. આજે સૌથી મોટી ચિંતા એ છે કે કોલેજોમાં ભણતર અપાયું છે, કેળવણી નહિ.

(૫) આજના પુરુષને નથી પ્રેમ કરતાં આવડતું કે નથી સ્ત્રીની ભાવનાને સમજતાં આવડતું. સ્ત્રી પ્રેમ ઈચ્છે છે. એ ઈચ્છે છે કે એની કાળજી લેવાય. પુરુષ ઈચ્છે છે કે પોતાની પત્ની સારી પોસ્ટ પર હોય, સમાજમાં પ્રતિષ્ઠિત હોય, સારું કમાતી હોય, પરંતુ પછીથી એનું ધ્યાન માત્ર પાસબુકની એન્ટ્રી પૂરતું જ સીમિત હોય છે. આજે ઘર અને બહાર વચ્ચે વહેંચાયેલી સ્ત્રીને પોતાના જ્ઞાનમાં વધારો થાય, એનું માનસિક પોષણ જળવાય તેવા કોઈ પ્રયત્ન આપણા સમાજમાં થતા નથી. એને પોતાના વિકાસ માટે થોડાક કલાકો મળવા જોઈએ તે મળતા નથી. આજના ડિવોર્સના મૂળમાં જે ખરેખરું કારણ પડેલું છે તે પુરુષનો પરંપરાગત ઉછેર અને પરિવારની પુત્રવધૂ અંગેની વધારે પડતી અપેક્ષાઓ.

(૬) આજની સ્ત્રીની જરૂરિયાત એ પછી છે કે પતિના વિચારોને અને એના માર્ગને એ અનુકૂળ થતી હોય, તો પતિ પણ તેના વિચારોને સંપૂર્ણ નહિ તોય થોડોઘણો અનુકૂળ થાય. સ્ત્રી પુરુષને શરીર આપી દે અને બે સંતાનો દ્વારા વંશવેલો ચાલુ રાખે, એટલા પૂરતું લગ્નજીવન ગમે તે સંજોગોમાં નિભાવી લેવા હવે સ્ત્રી તૈયાર નથી. ડિવોર્સની ઘટના પાછળ કેટલાંય સૂક્ષ્મ કારણો હોય છે. આવાં કારણો ધીમે ધીમે એકઠાં થઈને મોટું સ્વરૂપ ધારણ કરે છે. હવે સામાજિક ભય એટલો નથી સતાવતો, જે વર્ષો પહેલાં સતાવતો હતો. સ્ત્રી આવા ભયથી મુક્ત થતી જાય છે. એનું સન્માન ન જળવાય તો બંધ દીવાલોમાં ડૂસકાં ભરતી રહીને પોતાનું જીવન ખર્ચી નાખવા એ તૈયાર નથી. પગભર હોય એવી સ્ત્રી માટે આ બધું વિશેષ સહેલું છે.

(૭) છૂટાં પડવાની ઘટનાને હવે સ્ત્રી નાનપની નજરે જોતી નથી. જો પતિ મિત્રભાવ કેળવવા તૈયાર ન હોય તો સ્ત્રી કોઈ પણ ભોગે ધણીપણું ચલાવી લેવા તૈયાર નથી. આજની આધુનિક માતા જો પોતાના પુત્રને નવી વિચારધારાથી નહિ ઉછેરે, તો અત્યારે અલગ પડવાની જે સંખ્યા છે તે બમણી થશે. મેં મારા પાર્ટનરના ચેતન-અચેતન મનનો મનોવૈજ્ઞાનિક રીતે અભ્યાસ કર્યો. એના બાળપણથી અત્યાર સુધીના ઉછેરમાં જે પરંપરાગત પુરુષકેન્દ્રી ઉછેર હતો તે અમારા ડિવોર્સ માટે જવાબદાર હતો. હું સ્પષ્ટપણે કહી શકું કે લગ્ન પછી ભલે ડિવોર્સ થતા હોય, પરંતુ એની પ્રક્રિયા બાળપણથી શરૂ થઈ જાય છે.

સંયુક્ત પરિવારમાં પુરુષોની જોહુકમી કેવી?નાનપણથી પંપાળેલા, મોઢે ચઢાવેલા, ભૂખ-લાડકા એવા દીકરાઓ પાણીનો ગ્લાસ જાતે લેવા ટેવાયેલા નથી હોતા. ટોઈલેટ ગયા પછી પાણી નાખવું જોઈએ એ બાબત અંગે પણ મા અને ભાભીઓએ આંખ આડા કાન કર્યા હોય અથવા એને સેવા માનીને ઘરની સ્ત્રીઓએ એમ કરવાનું સ્વીકારી લીધું હોય. એવો બાળક યુવાન થાય પછી જાતે કંઈ જ કરવા ટેવાતો નથી. એવા યુવકો માટે ભવિષ્યમાં ખતરો ઊભો થવાનો. ઘર અને બહારનું જીવન પતિ-પત્ની માટે સહિયારી મેનેજમેન્ટ જેવું ન હોય તો લગ્નજીવન ખળભળવાનું. એકીશ્વાસે હાંફતાં હાંફતાં જીવન જીવતી સ્ત્રીને પુરુષ સવાર-સાંજ જો સમયસર મદદ ન કરે તો હવે સહન કરી લેવાનું શક્ય નથી. ઘડિયાળને કાંટે ઓફિસ જનારી સ્ત્રી પાસે સમય નથી. જો પુરુષ સ્વતંત્ર વ્યક્તિત્વવાળી સ્ત્રી ઈચ્છતો હોય તો એણે પરંપરાગત લગ્નજીવનના ખ્યાલોથી લથપથ એવી અનિવાર્ય સેવાઓ પામવાની ઈચ્છા છોડવી જ પડશે.

log:http://gunvantshah.wordpress.com

*લેખક વડોદરાસ્થિત સાહિત્યકાર છે.*
*પ્રતિભાવ: yourgujarattimes@gmail.com*

---

*(૧૮મા પાનાનું અનુસંધાન)*

બે મુખ્ય ધાર્મિક ધારાઓ તથા કોમો વચ્ચેનું ધ્રુવીકરણ હિંસા-પ્રતિહિંસાથી નામીચું બન્યું. માધવસિંહ સોલંકીના શાસનમાં ૧૯૮૨-૮૩માં તથા ૧૯૮૫માં અનામત આંદોલન થયાં તો નરેન્દ્ર મોદી (નમો શાસન (૨૦૦૨)માં ગોધરાકાંડ. બંનેના શાસનકાળે બે મોટાં કોમી આંદોલનો થયાં હતાં. માધવસિંહ સોલંકી વખતે ૧૯૮૫ના અનામત આંદોલનમાં એક જ હુમલામાં ૩૦૦ કરતાં વધુ કાચાં ઘરો ને ઝૂંપડાંઓને બાળી નંખાયાં હતાં, ૬૩ દિવસ સુધી સરકારી કર્મચારીઓએ કચેરીઓ બંધ રાખી હતી, ૭૨ દિવસ સુધી ગુજરાતની પંચાયતો બંધ રહેલી. વેપાર-ઉદ્યોગ મહાજને પાંચ દિવસ બંધ પાળ્યો હતો. દરિયાપુરમાં એક ઘરને ભસ્મીભૂત કરાયું હતું. પોલિસ ચોકીઓમાં ભારે ભાંગફોડ ને પોલિસ કોસ્ટેબલોની હત્યાઓ નોંધાઈ હતી. આ આંદોલનમાં હિંસાચારે માઝા મૂકી હતી. પરિણામે ગુજરાતના ઈતિહાસમાં (૧૪૯/૧૮૨) ધારાસભ્યોની બહુમતી ધરાવતી માધવસિંહ સોલંકીની સરકારે સત્તા છોડી.

તે પછી અમરસિંહ ચૌધરી ૬ જુલાઈ, ૧૯૮૫થી ૯ ડિસેમ્બર, ૧૯૮૯ સુધી મુખ્ય મંત્રી તરીકે પદ પર રહ્યા હતા. તેમણે નર્મદા કોર્પોરેશનની રચના કરી હતી. નર્મદા બંધમાંથી પીવાનું પાણી લેવા માટે પાઈપ લાઈનો નાંખવાની મંજૂરી આપી. નિરાધાર વૃદ્ધો માટે પેન્શન યોજના કરી હતી. અમરસિંહ ચૌધરીના શાસનમાં ૧૯૮૬માં ખેડૂત આંદોલનમાં હિંસાચાર થયા.

ભાજપી ને સૌરાષ્ટ્રના પાટીદારોના આગેવાન કેશુભાઈ પટેલ બે વાર (૧૪ માર્ચ, ૧૯૯૫થી ૨૧ ઓક્ટોબર, ૧૯૯૫ તથા બીજી વાર ૪ માર્ચ, ૧૯૯૮થી ૬ ઓક્ટોબર, ૨૦૦૧) મુખ્યમંત્રી તરીકે રહ્યા હતા. તેમણે નર્મદા ડેમનું બાંધકામ ૯૦ મીટર સુધી લીધું. નદીનાં કોતરોના વિકાસ માટે કોતરયોજના શરૂ કરી. એગ્રોવિઝન-૨૦૧૦નો મુસદ્દો તૈયાર કર્યો તથા કૃષિક્ષેત્રને નવી દિશા પ્રદાન કરી. ગોકુળિયું ગ્રામની આદર્શ યોજના તેમનું પ્રદાન હતું. ભાજપી મુખ્યમંત્રી કેશુભાઈ પટેલની વિરુદ્ધ, ચીમનભાઈ પટેલના પગલાને અનુસરીને, શંકરસિંહ વાઘેલાએ ખજુરાહો નામનું હોર્સ ટ્રેડિંગ કાવતરું ઘડીને, સરકારને ઘરભેગી કરી હતી. આજે ગુજરાતમાં ચીમન પટેલ



માધવસિંહ સોલંકી



અમરસિંહ ચૌધરી



કેશુભાઈ પટેલ

દ્વારા શરૂ કરાયેલ હોર્સ ટ્રેડિંગ ને પૈસાની લહાણી વડે સરકારને તોડી પાડવાનાં છાશવારેનાં કાવતરાં ગુજરાત ને ભારતના રાજકીય ક્ષેત્રે કલંકરૂપ ખેલ બની ગયાં છે.

ગુજરાતમાં આરએસએસ ને ભાજપના સંગઠનના વિકાસમાં નોંધપાત્ર ફાળો આપનાર ને 'લોકનેતા બાપુ' તરીકે જાણીતા, કેશુભાઈને મુખ્ય મંત્રી તરીકે ઊથલાવીને, ૨૦ ઓગસ્ટ, ૧૯૯૬એ પોતાના સમર્થકો સાથે ભાજપથી જુદા પડીને, શંકરસિંહ વાઘેલાએ નવો પક્ષ 'રાજદ' (રાષ્ટ્રીય જનતા દળ) સ્થાપીને, ૧૨માં મુખ્યમંત્રી તરીકે ૨૩ ઓક્ટોબર, ૧૯૯૬થી ૨૭ ઓક્ટોબર, ૧૯૯૭ સુધી રહ્યા હતા. તેઓ પોતાની સરકારને 'ટનાટન' તરીકે ગણતા હતા. તેમના સમયે લતીફ જેવા કુખ્યાત ગુનેગારના એનકાઉન્ટરે પ્રશંસા મેળવી હતી. ખેડૂતપોથીનો અમલ કર્યો હતો તો ખેતવપરાશનું સાધન ટ્રેક્ટરને વાહનધારા હેઠળના જ રૂરી લાયન્સની મુક્તિ કરાવી હતી. ખેતમજૂરોને જરૂરી ઓળખપત્રનો અમલ શરૂ કર્યો હતો. વિધવા સ્ત્રીઓ તથા મંદિરના પૂજારીઓને માસિક સહાય યોજના શરૂ કરી.

તે પછી ગુજરાતના વિકાસમાં કશોય નોંધપાત્ર ફાળો આપ્યા વિનાના મુખ્યમંત્રી ઓ તરીકે છબીલદાસ મહેતા, સુરેશ મહેતાં ને દિલીપ પરીખ-નોંધનીય ગણાતા નથી. આ ગાળો લગભગ શૂન્યાવકાશ જેવો પસાર થઈ ગયો.

સમગ્ર રીતે જોતાં, ગુજરાતનાં પ્રારંભિક વર્ષો (૧૯૬૦થી ૨૦૦૨ સુધીમાં જે નેતાઓએ શાસનધુરા સંભાળી તે બધા મોટેભાગે સ્વાતંત્ર્ય સેનાની તથા પીઢ ગાંધીવાદી હતા. તેઓ ગાંધીયુગમાં જાહેરજીવનમાં સંસ્કારાયેલ નેતાઓ હતા. પરિણામે આ બધાં વર્ષોમાં ગુજરાતનું રાજકારણ મોટેભાગે સ્વચ્છ, ભ્રષ્ટ્રાચારમુક્ત રહ્યું હતું. ૧૯૬૦ના દશકાનાં પ્રારંભનાં વર્ષોમાં ગુજ રાત ભારતનાં અન્ય રાજ્યોમાં વિકાસને ધોરણે અધવચના ક્રમે હતું. તેનો ઔદ્યોગિક વિકાસ બીજા ક્રમે હતો. આ ગાળામાં રીફાઈનરી, ફર્ટિલાઈઝર્સનાં પાંચેક મોટાં ઔદ્યોગિક એકમો સ્થપાયાં હતાં. લઘુ ઉદ્યોગોનાં એકમો 'જીઆઈડીસી' નામે સમગ્ર ગુજરાતમાં શરૂ કરાયાં હતાં. વાર્ષિક ઔદ્યોગિક મૂડીરોકાણ બાબતે તેનો સમગ્ર દેશનાં ૨૮ રાજ્યોમાં પહેલો ક્રમ હતો. સરકારી હોસ્પિટલો ને શિક્ષણક્ષેત્રે અનેક નવી યુનિવર્સિટીઓ ખોલવામાં આવી હતી. ગુજરાતના વિકાસનો વૃદ્ધિદર મોટેભાગે ૧૧%ની આજબાજુ રહેતો હતો, જે ૨૦૦૨ પછી ઘટીને ૪% દરનો રહ્યો હતો. તેનું કારણ એ છે કે, તે બધા નેતાઓ શ્વેત ખાદીધારી ને શાહીબાગમાં મંત્રીઓ માટે ફાળવેલા મધ્યમ કદના બંગલાઓ તેઓનું નિવાસસ્થાન હતું. પછીથી ઈંદિરાકોંગ્રેસી નેતાઓ સફારી શૂટધારીઓ સચિવાલયમાં નજરે પડવા લાગ્યા.

**૧૯૬૦ના દશકાનાં પ્રારંભનાં વર્ષોમાં ગુજરાત ભારતનાં અન્ય રાજ્યોમાં વિકાસને ધોરણે અધવચના ક્રમે હતું. તેનો ઔદ્યોગિક વિકાસ બીજા ક્રમે હતો. આ ગાળામાં રીફાઈનરી, ફર્ટિલાઈઝર્સનાં પાંચેક મોટાં ઔદ્યોગિક એકમો સ્થપાયાં હતાં. લઘુ ઉદ્યોગોનાં એકમો 'જીઆઈડીસી' નામે સમગ્ર ગુજરાતમાં શરૂ કરાયાં હતાં. વાર્ષિક ઔદ્યોગિક મૂડીરોકાણ બાબતે તેનો સમગ્ર દેશનાં ૨૮ રાજ્યોમાં પહેલો ક્રમ હતો.**

*(ક્રમશઃ)*

*લેખક અમેરિકાસ્થિત પત્રકાર અને નિવૃત્ત તંત્રી છે.*
*પ્રતિભાવ: yourgujarattimes@gmail.com*

# ‘અથ માંદગી-મહિમા’

(ગતાંકથી ચાલુ)



રતિલાલ બોરીસાગર

પંદર દિવસના આરામકાળ દરમિયાન મને એક-બે વાર છાતીમાં દુખ્યું. મારી અર્ધી સદીની ઉંમરમાં પ્રભુ પહેલી વાર મારી ફેવરમાં છે એમ મને લાગ્યું. પંદર દિવસની દવા પૂરી થતાં હું ડોક્ટરને મળ્યો. ડોક્ટરે ફરી મારો કાર્ડિયોગ્રામ લીધો. એમણે કહ્યું, કાર્ડિયોગ્રામમાં તો કશી તકલીફ દેખાતી નથી.’

‘તો મને દુખાવો કેમ થાય છે?’ એ જ તો પ્રશ્ન છે. ડોક્ટર થોડા મૂંઝાયા હોય એમ લાગ્યું. ‘એમ કરો. આ નવી ટીકડી લખી દઉં છું તે છાતીમાં દુઃખે ત્યારે જીભ નીચે મૂકવાની, હમણાં એમ કરો- અઠવાડિયું ઓફિસે જાઓ ને અઠવાડિયું આરામ કરો. ક્યારે ક્યારે કેવી કેવી પરિસ્થિતિમાં દુઃખે છે એની નોંધ કરો ને પંદર દિવસ પછી ફરી મળો.’

ડોક્ટરે સામેથી આરામ કરવા કહ્યું એટલે મને જરા સારું લાગ્યું. આમ છતાં, આરામ કરવાનું કહેવામાં ડોક્ટર શા માટે આટલી બધી કંજૂસાઈ કરે છે એ મને સમજાયું નહિ.

●●●

કૃષ્ણ પક્ષ (ઓફિસે જવાના દિવસો) અને શુક્લપક્ષ (ઓફિસે નહિ જવાના - આરામના દિવસો)ના દિવસો દરમિયાન કૃષ્ણપક્ષના એક દિવસે એક મિત્ર ઓફિસ આવ્યો.

‘હમણાં ક્યાં ગયો હતો?’ એમણે પૂછવું.

‘યુરિનલમાં ગયો હતો.’

‘હું?’ મારા પ્રત્યુત્તરથી મિત્રવર્ય થોડા ગૂંચવાયા, હમણાં એટલે પાંચદસ મિનિટ પહેલાંની વાત નથી કરતો. ગયા અઠવાડિયે ક્યાં હતો એમ પૂછું છું. મેં બે-ત્રણ વાર ફોન કર્યો હતો.’

‘માંદગીની રજા પર હતો.’ ‘માંદગીની રજા’ એ શબ્દો હું ખાસ ભાવથી અને ભારથી બોલ્યો પણ મિત્રના હૃદય સુધી મારો ભાવ પહોંચ્યો નહિ. એણે પૂછ્યું, ‘કોનાં લગ્ન માટે સીક લીવ લેવી પડી હતી?’

‘ખરેખર માંદો હતો - માંદો છું.’

‘શું થયું છે?’

‘હૃદયને લોહી બરાબર પહોચતું નથી એમ ડોક્ટર કહે છે.’

‘તારા મગજને લોહી બરાબર પહોંચતું નથી એ તો અમે સૌ જાણીએ છીએ. જેમાં મગજ ચલાવવું પડે એવા દરેક કામમાં તને પહેલેથી મુશ્કેલી પડે છે એની મને ખબર છે. પણ હૃદયને લોહી બરાબર પહોંચતું નથી એ સાંભળી મને નવાઈ લાગે છે.’




જિંદગીમાં પહેલી વાર હું માંદો પડ્યો તોય કોઈને મારા તરફ સહાનુભૂતિ થતી નથી એ જાણી મને લાગ્યું કે જગત ઘણું અનુદાર છે. જગતની સહાનુભૂતિ મેળવવા માટે માંદા પડવાનું નહિ, માંદા લાગવાનું અનિવાર્ય છે. મેં પ્રભુને પ્રાર્થના કરી : ‘હે ભગવાન! તમે માંદગી આપી જ છે તો હાફ હાર્ટેડલી શા માટે આપી? જગત ઊંચું નીચું થઈ જાય એવી માંદગી આપો! પ્રભુ! તમે તો સર્વસમર્થ છો!’

●●●

પ્રભુએ મારી પ્રાર્થના ખરેખર સાંભળી. પંદર દિવસમાં બે વાર છાતીમાં દુખવા આવ્યું - આરામના સમયમાં પણ દુખ્યું અને ઓફિસે જવાના દિવસો દરમિયાન પણ દુખ્યું. હું ડોક્ટરને મળ્યો. મારો રિપોર્ટ સાંભળી ડોક્ટર આ વખતે ખરેખર ગંભીર બની ગયા. શહેરના એક નામાંકિત ડોક્ટરને મૂંઝાતો જોઈ હું થોડો રાજી થયો.

‘તમે પરિશ્રમ કરો છો ત્યારે જ દુખે છે કે આરામ કરતા હો ત્યારે પણ દુખે છે?’

‘પરિશ્રમ તો હું ખાસ કરતો જ નથી.’

‘આ સારું ચિહ્ન ન ગણાય.’

‘પરિશ્રમ નથી કરતો એ?’

‘ના, આરામ કરતા હો ત્યારેય દુખે એ ગંભીર બાબત ગણાય.’

આખરે કશુંક ગંભીર આવ્યું ખરું એ ખ્યાલે હું થોડો હળવી થયો. ડોક્ટરે કહ્યું, ‘આપણે આ માટે કેટલાક ટેસ્ટ કરાવી લઈએ.’ ડોક્ટરે ‘આપણે’ કહ્યું એટલે વળી હું થોડો મૂંઝાયો. મને છાતીમાં દુખે છે એ માટે ડોક્ટરે પણ શા માટે ટેસ્ટ કરાવવા જોઈએ એ મારી સમજમાં આવ્યું નહિ. પણ હું કશું બોલ્યો નહિ. મને મૂંઝાયેલો જોઈ ડોક્ટરે કહ્યું, ‘ચિંતાનું કશું કારણ નથી. આપણે કેટલાક જરૂરી ટેસ્ટ કરાવી લઈએ. એક ‘ઈકો કાર્ડિયોગ્રાફી’ નામનો ટેસ્ટ છે. આનાથી તમારું હૃદય કેવું છે એનો ખ્યાલ આવી શકશે.’ મારું હૃદય નિતાંત ચોખ્ખું છે એવાં અનેક પ્રમાણપત્રો હું લાવી શકું તેમ હતો. ડોક્ટર પોતે પણ હવે મને એક સજ્જન તરીકે પિછાણતા થયા હતા. છતાં મારું હૃદય કેવું છે એ યંત્રની સહાયથી તેઓ શા માટે જાણવા માગતા હશે એ મને સમજાયું નહિ. ડોક્ટરે આગળ કહ્યું, ‘એક બીજો ટેસ્ટ ‘સ્ટ્રેસ ટેસ્ટ’ કહેવાય છે. તમારું હૃદય કેટલો પરિશ્રમ ખમી શકે એમ છે એનો આ ટેસ્ટથી ખ્યાલ આવી શકશે.’ મારું હૃદય તો પરિશ્રમનો વિચાર પણ ખમી શકે એમ નથી એ હું કોઈ પણ જાતના મશીનની મદદ વગર કેવળ આંતરપ્રતીતિથી કહી શકું એમ હતો. છતાં ડોક્ટરના કામમાં દખલગીરી ન કરવાના શુભાશયથી હું કંઈ બોલ્યો નહિ.

●●●

મારા પર જીવનભર પ્રેમ રાખનાર એક સ્વર્ગસ્થ સ્વજનના પુત્ર કાર્ડિયોલોજિસ્ટ છે. મને છાતીમાં દુખવા આવ્યું તે સમયગાળામાં એ બહારગામ ગયા હતા. એ આવી ગયાના સમાચાર મળતા હું એમને મળ્યો, ને મારું હૃદય એમને સમર્પિત કરવાની ઈચ્છા પ્રગટ કરી. એમણે હૃદયપૂર્વક મારો કેસ હાથમાં લીધો અને ટેસ્ટની તારીખો નક્કી કરી.

મારો ‘ઈકો કાર્ડિયોગ્રામ’ એકંદરે નોર્મલ આવ્યો. હૃદયના કેટલાક ભાગ પર સાધારણ અસર થયાનું જણાયું, પણ ‘ઈકો કાર્ડિયોગ્રામ’ના ચાર્જ રૂપે સાડા ચાર સો રૂપિયા આપવાના થયા ત્યારે મને ખ્યાલ આવ્યો કે હદયના કેટલાક જ ભાગ પર સાધારણ અસર થઈ છે, પણ ખિસ્સાના બધા જ ભાગ પર ગંભીર અસર પહોંચવા માંડી છે. (આ પુસ્તકમાં અત્રતત્રસર્વત્ર આપેલા મેડિકલ ચાર્જ ૧૯૮૯-૧૯૯૦ના છે એનો સહૃદય વાચકે સતત ખ્યાલ રાખવો.) ખિસ્સું હૃદયની બરાબર ઉપર શા માટે રાખવામાં આવે છે એ હવે મને સમજાયું. હૃદયરોગની સારવાર દરમિયાન મેં એક મહાન સત્ય શોધી કાઢ્યું છે : ‘હૃદય ભારે થાય છે ત્યારે ખિસ્સું હળવું થાય છે. નબળા હૃદયની રક્ષા ફક્ત મજબૂત - અતિ મજબૂત ખિસ્સું જ કરી શકે છે!’

થોડા દિવસ પછી સ્ટ્રેસ ટેસ્ટ લેવાનું નક્કી થયું. આ સમયગાળામાં આરામ કરવાની ડોક્ટરે સલાહ આપી. હવે હું આરામની ભ્રમણકક્ષામાં પ્રવેશી ચૂક્યો છું એની મને ખાતરી થઈ.

મારે સ્ટ્રેસ ટેસ્ટ કરાવવાનો છે એની જાણ થતાં અમદાવાદના રહીશ એવા મારા એક મિત્રે કહ્યું, ‘તમે ઇચ્છો તો કશા પણ ખર્ચ વગર સ્ટ્રેસ ટેસ્ટ થઈ શકે.’

‘એ કઈ રીતે?’ હું પણ છેલ્લાં પંદર વર્ષથી અમદાવાદમાં રહેતો હતો એટલે મફતમાં સ્ટ્રેસ ટેસ્ટ થઈ શકે એ વાતમાં મને રસ પડ્યો.

‘સાત માળના ધાબા પર ઝપડથી ચડી જવાનું ને ત્યાં પહોંચીને હે રામ!’ એમ કહેવાનું જો તમે મોટેથી હે રામ! બોલી શકો તો ટેસ્ટમાં પાસ પછી કશી ચિંતા નહીં.’

‘પણ હે રામ!’ એ શબ્દો જ કેમ બોલવાના?’

‘સાતમે માળે પહોંચ્યા પછી તમે જે કંઈ બોલો તે તમારા આખરી શબ્દો બની રહે એમ પણ બને. ગાંધીજીના છેલ્લા શબ્દો ‘હે રામ!’ હતા એટલે તમારા જીવનચરિત્રમાં લખી શકાય કે ગાંધીજીની જેમ તમે પણ છેલ્લા - ‘હે રામ!’ બોલ્યા હતા.’ *(ક્રમશઃ)* ■

*ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય દ્વારા પ્રકાશિત લેખકના પુસ્તક ‘એન્જોયગ્રાફી’માંથી સાભાર.*

## શબ્દસંધાન - નીતા જોશી

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | ૨ | | ■ | ૩ | ૪ | | ■ | ૫ | ૬ |
| ■ | | ■ | ૭ | | | ■ | ૮ | ■ | |
| ૯ | | ૧૦ | ■ | ■ | ૧૧ | ૧૨ | ■ | ૧૩ | |
| | ■ | ૧૪ | | ■ | ૧૫ | | ૧૬ | | ■ |
| ૧૭ | | | ■ | ૧૮ | ■ | ૧૯ | | ■ | ૨૦ |
| | ■ | ૨૧ | ૨૨ | | ૨૩ | ■ | ૨૪ | ૨૫ | |
| ■ | ૨૬ | ■ | | ■ | ૨૭ | ૨૮ | ■ | ૨૯ | |
| ૩૦ | | ૩૧ | ■ | ૩૨ | ■ | ૩૩ | ૩૪ | | ■ |
| | ■ | ૩૫ | | | ૩૬ | ■ | | ■ | ૩૭ |
| ૩૮ | | | ■ | ૩૯ | | | ■ | ૪૦ | |

### આડી ચાવી

૧. મધુકર, ફૂલની સુગંધનો ભોગી છ પગવાળો અને પાંખોવાળો જીવડો (૩)
૩. જેનાથી મનને શાંતિ મળે અને શરીર સ્થિર રહે તેવી શરીર સ્થિતિ, બેઠક, જમવા બેસવાનું ઠેકાણું (૩)
૫. અછત, તંગી, ઓછપ, ઊણપ, અપૂર્ણતા, ખોટ, તોટો, નુકસાન (૨)
૭. કરવા-કરાવા યોગ્ય, કામકાજ, કૃત્ય, ધર્મ, ફરજ (૩)
૯. વિક્રમ સંવતનો નવમો મહિનો, જેમાં વર્ષાનું આગમન થાય છે (૩)
૧૧. પેટે ચાલનારું સરિસૃપ વર્ગનું એક પ્રાણી, એરુ, ભુજંગ (૨)
૧૩. ફળોની અંદર રહેલો માવો, મનનો ભેદ, રહસ્ય, તાગ (૨)
૧૪. અમુક રાજા કે બનાવથી શરૂ થયેલો સંવત્સર (૨)
૧૫. ચિત્ર રજૂ કરી દે - ચિત્રની જેમ કામ કરે એવી લખાણની ઢબ કે રીત (૪)
૧૭. કામકાજ કે રોજગાર વિનાનું, ખાલી, અમસ્તું, વ્યર્થ, નિષ્ફળ, નિરર્થક (૩)
૧૯. અંગરખા કે બંડી કપડાં વગેરેમાં એકબીજાં પડને ભીડવાની દોરી (૨)
૨૧. મોટા દરવાજામાંથી માત્ર માથું નાખી જોઈ શકાય તેવી બારી (૪)
૨૪. કોઈ પણ માલ રોકડેથી ખરીદતાં મળતું વળતર, ડિસ્કાઉન્ટ (૩)
૨૭. લંબાણથી કરાતી વાત, અણગમતો મહેમાન, ઉપાધિ, બલા, પળોજણ (૨)
૨૯. ઉંમર કે અધિકારમાં મોટું (૨)
૩૦. આયુષના જુદા જુદા તબક્કાનો દશા, હાલત, ઘડપણ, વૃદ્ધત્વ, એકમ, પરિસ્થિતિ (૩)
૩૩. સહેજ ઈશારત કે સૂચના, મીઠી ટીકા, વ્યંગોક્તિ, વક્રોક્તિ, મર્મનો બોલ કહેવો, સભાન કરવું (૩)
૩૫. કાંટા વિનાનું, અડચણ વગરનું, એકદમ સરળ, વિઘ્ન કરનારા શત્રુ વગરનું (૪)
૩૮. પિતા, બાપા, સીતાના પિતા અને મિથિલાનગરીના રાજા (૩)
૩૯. શિખરબદ્ધ દેવાલય ઉપરનું અંડાકાર બાંધકામ, લોટો (૩)
૪૦. રોમન કેથોલિક વેટિકનમાં રહેતો ધર્મનો વડો ધર્માચાર્ય, (૨)

### ઊભી ચાવી

૨. મનછા, મનસામનમાં રહેલી ઇચ્છા, મરજી (૩)
૩. પીડિત, દુઃખી (૨)
૪. ડાબે હાથે પણ બાણ ફેંકી શકનાર, પાંડવ અર્જુન, લખવાનું કામ ડાબે હાથે કરનાર, ડાબેરી, ડાબોડી (૪)
૬. વીજળી ગરમી પાણીનો વાયર વગેરે માપવાનું યંત્ર, લંબાઈનું એક માપ (૩)
૮. ચોટ, ઝટકો, પ્રહાર, ફટકોડ કાપ, ક્ષત, છેદ, જખમ (૧)
૯. અંગ્રેજી શાસનકાળમાં સરકારી ચોકિયાતો તરફથી ‘બધું સલામત છે’ એ મતલબનો કરાતો એવો પોકાર (૪)
૧૦. દિલ વિના સતત કામ કર્યા કરવાની સ્થિતિ, ભારે કામગીરી (૪)
૧૨. આંકેલાં ખાનાંવાળાં પાનાંનું હાજરી પગાર વગેરે ભરવાનું એકથી વધુ પાનાંવાળું સાધન, રજિસ્ટર (૩)
૧૩. સાંકડી નાની શેરી (૨)
૧૬. શિશુ-ભાવ, બાલ-ભાવ, બચપણ, બાળપણ, બાલ્યાવસ્થા (૩)
૧૮. ‘હવે તો હદ થઈ’ એવો અર્થ બતાવતો ત્રાસ કે કંટાળાનો ઉદ્ગાર (૨)
૨૦. ખાસ કરીને દરિયાઈ તોફાન વખતે ફૂંકાતો સખત પવન (૩)
૨૨. બાળકની જેમ પ્રેમ ઉપજાવે તેવું ભાંગ્યું તૂટ્યું મધુર બોલવું (૨)
૨૩. દોરાનું ફીંડલું, સિનેમાની ફિલ્મનું ફીંડલું (૨)
૨૫. છેલ્લે માળ બે ત્રણ કે ચાર બાજુ ઘડિયાળવાળો મિનારો (૩)
૨૬. મુખ્યત્વે પગથિયાંવાળી લાંબા કે કાટખૂણિયા આકારની દીર્ઘિકા (૨)
૨૮. નદીના તળનો વિસ્તાર, લૂગડાનો વિસ્તરેલો ભાગ, પડદો (૨)
૩૦. કોઈ પણ કામ અંગે નમ્રતાથી હકીકત કહીને કરાતી વિનંતી (૩)
૩૧. સ્થાનને લગતું, લોકલ (૩)
૩૨. સૈન્ય, લશ્કર, લશ્કરી છાવણી (૩)
૩૪. હાથમાં હાથ મૂકીને વચન આપવું, કબૂલાત, ખાતરી (૨)
૩૬. યુક્તિ, કુનેહ, હાથનો કસબ, હથોટી, કરામત, યંત્રની ચાવી, ચાંપ (૨)
૩૭. ક્રોધ, ગુસ્સો, રોષ, નાશકારક આપત્તિ આવવી (૨)

### શબ્દસંધાનનો ઉકેલ



# LONGEST RUNNING SOUTH ASIAN NETWORK IN THE U.S.

24/7 TV Channel
ITV GOLD
VOICE OF THE COMMUNITY



**Rangoli**
Friday, Saturday & Sunday
at 7:30 PM ET



**Community News - Vision of Asia**
Monday - Thursday at 8:00 PM & 11:00 PM ET
Sunday at 11:00 AM ET




**Himali Spiritual**
Thursday at 7:30 PM ET
*Live call in show with astrologer Himali*



**Batein Filmoon Ki**
Friday at 6:30 PM ET
Saturday at 11:00 PM ET




**InfoHub In Depth - Guyana News**
Sunday at 3:30 PM ET




**Dushman**
Monday - Friday at 8:30 PM ET



**Mysticism With Sadhguru**
Saturday at 8:00 PM ET

## ITV GOLD IS AVAILABLE ON

Charter Spectrum
(Time Warner Cable)
Channel # 1539

altice
(Cable Vision)
Channel # 1168

RCN
(RCN)
Channel # 476

**For Details: 212 675 7515, 718 784 8555, 773 856 0545**

PARIKH WORLDWIDE MEDIA
A PARIKH WORLDWIDE MEDIA COMPANY

# આભ ઝૂક્યું પલકે

(ગતાંકથી ચાલુ) **30**

■ ડૉ. નવીન વિભાકર



ડૉ. નવીન વિભાકર

કશી આવક વગર કુબેરના ભંડાર પણ ખલાસ થઈ જાય. રણજિતના એ જ હાલ થયા. હવે વ્યાપાર વેચી દેવા સિવાય બીજો કોઈ ઉપાય નો'તો. વળી ઓફર-પ્રસ્તાવ પણ સારો આવ્યો હતો તે આ તક જવા દેવા નો'તા માગતો. અમરનાથે હાથથી ન વેચવાનો ઈશારો કર્યો, રણજિત તો હવે લાજશરમ પણ નેવે મૂકી બેઠો હતો. અમરનાથે રવિને બોલાવવા લખીને બતાવ્યું. રણજિત. ખડખડાટ હસી પડ્યો. 'પપ્પા! રવિનું શું કામ છે? તેણે વ્યાપારમાં શું પ્રદાન કર્યું છે' અહીં તો બધી મહેનત મેં કરી છે. તેને મિલકતમાંથી શું ભાગ આપવાનો હોય? અને પપ્પા તમને ખબર નથી, મિલકતના પૈસા બધા ક્યાં જશે તે ખબર છે? બધુ પેલી વસુંધરાને આપી દેશે?'

અમરનાથ ચમકી ગયા. 'આમાં વસુંધરા ક્યાંથી આવી. તેને ને રવિને શું, લાગેવળગે?' તેમની આંખોમાં પ્રશ્ન વાંચી રણજિત બોલ્યો, 'પપ્પા! આફ્રિકામાં વ્યાપાર પાછળ તમે એટલા મશગૂલ હતા કે તમારી પીઠ પાછળ શું ચાલી રહ્યું છે તેનું પણ તમને ભાન નો'તું. અરે રવિ ને વસુંધરા તો જલસા કરતાં હતાં. માઉન્ટ કિલિમાન્જારો ફરવા ગયા ત્યારે ત્યાં શું થયું હતું તેની કલ્પના છે? પેલી વસુંધરા તમારા રવિની મા બનવાની છે.'

સાંભળવું અસહ્ય થઈ પડતાં બંને હાથે અમરનાથે કાન દબાવી દીધા. આંખમાંથી અશ્રુઓની રેલો થયો. તેઓ વિચારી રહ્યા, રવિ ક્યારે પરણશે? ક્યારે વારસ મળશે? આ રણજિતનો તો કોઈ ભરોસો નથી. વસુંધરા જો રવિના બાળકની માતા બનવાની હતી તો એ ક્યાં હશે?' રવિ આવે ત્યારે તેને પૂછવાનું રહ્યું હવે તો!

●●●

રવિ શ્રીવાસ્તવના મિત્તલ સ્ટોર પાસે આવી પગલાં અટક્યાં. કેટલી વાર તે આવી ગયો હતો? પણ અંદર જવાની હિંમત જ નો'તી થાતી. શોરૂમની બારીમાંથી કોઈ ડ્રેસ જોઈ રહ્યો તેમ તે જોઈ રહ્યો. છ મહિના પહેલાં અહીંના કાફેના વખાણ સાંભળી કોફી પીવા આવેલો ત્યારે બહાર નામ વાંચતાં ચમકેલો. 'મિત્તલ સ્ટોર - પ્રોપાઈટર : વસુંધરા મિત્તલ.' આ એ વસુંધરા હશે? હજી વસુંધરાને તે ભૂલ્યો નો'તો. બહાર ડોરમેનને પાસે માહિતી માગતાં જેવી રીતે તેણે વસુંધરાનું વર્ણન કરેલું તેને જરા પણ શંકા ન રહી કે પોતાની જ વસુંધરા છે. 'પોતાની' શબ્દ પર તે ફિક્કું હસ્યો. રણજિતને એ બાબત પૂછ્યું ત્યારે બીભત્સ ઈશારો કરી તેણે રવિને ત્યાંથી દૂર રહેવાનું કહેલું પણ ખાતરી આપી કે એ જ વસુંધરા છે.

આજે તો હિંમત કરી સ્ટોરમાં પ્રવેશ્યો ને અંદરની ચકાચૌંધ ને સજાવટ જોઈ તે દંગ રહી ગયો અને વસુંધરાએ આ એકલે હાથે બધું સ્થાપ્યું હોય તો એક ના સમજાય તેવો ગર્વ તેનામાં ઊભરાવા માંડ્યો. મનમાં થવા લાગ્યું વસુંધરાનો ભેટો થઈ જાય તો? અંતરમાં તો એ ઇચ્છા હતી જ.

ઓગસ્ટ મહિનાની સાંજ હતી. હવામાં થોડો ચમકારો હતો, પણ અંદર તો સરસ હૂંફ લાગી. તેને ખ્યાલ પણ નો'તો કે ઘણી સ્ત્રી ગ્રાહકો તેની સુંદરતાને પી રહી હતી. હતો પણ ઊંચો, ગોરો, એ જ મસ્ત કાળાં ઝુલ્ફા. વકીલ હોવાથી ડ્રેસ સેન્સ સારી હોવાથી કાળો સૂટ શોભી રહ્યો હતો. તેના લસલસતા હોઠો ને કાળી આંખો ખૂબ ધ્યાન ખેંચતા. એક ઇટાલિયન પુરુષ જેવો તે લાગતો.

એક સ્ટોલ પાસે આવી તે ઊભો ને સ્ત્રીઓ માટેના સ્કાર્ફ જોવા લાગ્યો. ઊભા ઊભા આમતેમ નજર ફેરવી લેતો હતો કે ક્યાંય વસુંધરા દેખાઈ જાય! છેવટે એક સ્કાર્ફ લીધો ને સુંદર પેકેટમાં પેક કરી, સેલ્સગર્લે તેને પેકેટ આપ્યું. હવે તેનો ક્ષોભ ઓછો થઈ ગયો હતો. બીજા ડિપાર્ટમેન્ટ્સમાં તે ફરવા લાગ્યો. પર્ફ્યુમના સેક્શન પાસે આવી તે ઊભો રહી ગયો. ફ્રેન્ચ પર્ફ્યુમ તેને ખૂબ પસંદ હતાં. ઊંચી ક્વોલિટીની બે પર્ફ્યુમની બોટલ તેણે ખરીદી. સેલ્સગર્લ બંને બોટલ જુદી જુદી પેક કરવા લાગી. રવિ કાઉન્ટરને અઢેલી આરામથી ઊભો. સામે જ ઉપરના ફ્લોર પર એસ્કેલેટર હતું. ત્યાં રવિની નજર અટકી ને અટકીને જ રહી ગઈ.

એસ્કેલેટરમાં વસુંધરા નીચે ઊતરી રહી હતી. તેનું હૈયું હોઠો પર આવી ગયું. હજીય તે કેટલી સુંદર લાગતી હતી! તેને ક્યાં ખબર હતી કે હવે વસુંધરા બે બાળકોની માતા બની ગઈ હતી ને ત્રીજું આવવાનું હતું. આછા આસમાની રંગના ડ્રેસમાં તેનું શરીરસૌષ્ઠવ ઊભરાઈ રહ્યું હતું. કેટલી ગરિમા હતી તેની ડ્રેસસેન્સમાં! ગળામાં ટંઝાનાઈટ જેમ્સસ્ટોનનો નેકલેસ, ઉપરથી પડતી લાઇટને પરાવર્તિત કરતો હતો. કાનમાં સુંદર ટ્ઝાનાઈટના લટકણિયા ને એક હાથમાં તેનું જ બ્રેસલેટ. ડ્રેસના કલર સાથે મેચ થતું હતું. બોલી જ પડાય કે 'ક્લાસ' છે. તેના હલનચલનમાં પણ એક સ્વસ્થતા હતી. છેલ્લે પગથિયે આવી તે ઊભી બાજુમાંથી પસાર થતા ગ્રાહક સાથે વાત કરવા તે ફરી. તેનો સુંદર લંબગોળ ચહેરો, લાઇટમાં ચમકી ઊઠ્યો. આવા સુંદર ચહેરા પરથી નજર હટે જ કેવી રીતે!

નવ વરસ થઈ ગયાં વસુંધરાને છેલ્લે જોયેલી! સમય ક્યાં સરી જાય છે તેનો ખ્યાલ પણ નથી રહેતો. તેને ક્યાં ખબર હતી કે વસુંધરા ત્રણ બાળકોની માતા બની ગઈ છે, છતાં તે ચિરયુવા હોય તેવી જ દેખાતી હતી. હજી જાણે કાલે જ જોઈ ન હોય, એ જ મુગ્ધા, માઉન્ટ કિલિમાન્જારોની ગુફામાં જોયેલી! તેને દોડીને તેની પાસે પહોંચી જવાનું મન થયું. જઈને માફી માંગી લે! પણ તરત જ ખ્યાલ. આવ્યો કે બહુ મોડું થઈ ગયું હતું. પેલો કાયર શબ્દ હજીય તેના હૈયાને વીંધી રહ્યો હતો. એવું જ બધા વચ્ચે કહી બેસે આજે તો?

વસુંધરા એસ્કેલેટરના છેક નીચે પગથિયે આવી ને જમીન પર તેના પગ પડ્યા. કેટલી આકર્ષક લાવણ્યમયતા ને સ્વસ્થતાથી તે આગળ વધી. આ અદ્યતને સ્ટોરની તે માલિક હતી તેવો આત્મવિશ્વાસ તેના ચહેરા પર જગી રહ્યો હતો. અને રવિ જોઈ શક્યો કે તે સીધી પોતે ઊભો હતો તે તરફ જ આવી રહી હતી. હવે? હૃદય ધકધક ધડકી ઊઠ્યું. ત્યાં તો તે ઊભો હતો તે પહેલાના કાઉન્ટર પાસે ઊભી ને એક ગ્રાહક સાથે મીઠાશથી સ્મિત કરી કંઈ કહી રહી.

રવિને લાગ્યું તેણે જાણે મોં ફેરવી અછડતી નજર તેના પર નાંખી જાણે. તે અક્કડ થઈ ગયો. ત્યાં તો તે પાછી વાતો કરવામાં પડી ગઈ. જોયો હશે પોતાને? ઓળખી શકી હશે? 'સર!' સેલ્સગર્લે તેને બોલાવ્યો. તે વિચારોમાંથી ચોંક્યો, 'હં!'

'સર! તમારું પેકેટ!'

મનમાં હજીય દૂરથી વસુંધરાનો અવાજ તેના મનને ખળભળાવી રહ્યો હતો. ખિસ્સામાંથી વોલેટ કાઢી પૈસા આપતા પણ તેના હાથ જાણે કંપી રહ્યા. ત્યાં તો આંખના ખૂણામાંથી તેણે જોયું કે વસુંધરા હવે સીધી તેના જ કાઉન્ટર તરફ આવી રહી હતી. એટલી બાજુમાંથી તે પસાર થઈ તેનું મોં બીજી તરફ હતું જાણે હમણાં જ તેના હાથને અડકી જશે એટલી બાજમાંથી પસાર થઈ. પોતાને પસંદ એ જ ફ્રેન્ચ પર્ફ્યુમની સુગંધ હવામાંથી આવી ને તેને તરબતર કરતી ગઈ. હાથ લંબાવી તેનું બાવડું પકડી લેવાની તીવ્ર ઇચ્છાને તેણે માંડમાંડ રોકી.

અને તે કાફે તરફ વળી ગઈ. આજુબાજુ બધા ગ્રાહકોને અભિવાદન કરતી તે અદૃશ્ય થઈ ગઈ.

હવે શું થયું! પોતાની નિષ્ફળતા ઉપર તે પસ્તાઈ રહ્યો. ધીમે ધીમે તે સ્ટોરની બહાર આવ્યો. આછી ઠંડીને લીધે શરીરમાં ધ્રુજારી આવી જાણે બધું લુંટાઈ ગયું ન હોય! આ નવ વરસમાં તો તે ઘણો પરિપક્વ થઈ ગયો હતો. પહેલા જેવો અબુધ યુવાન તો નો'તો જ. તેનું હૃદય જાણે ખાલી ખાલી લાગ્યું. દિલની હતાશાની ધ્રુજારીએ જાણે શરીરને આવરી લીધું.

પોતાની કાર પાર્ક કરી હતી ત્યાં સુધી ખાલી નજરોએ તે ચાલી રહ્યો. નજર સામે ફક્ત એ ચાર સ્મિતમઢ્યો વસુંધરાનો ચહેરો જ ચમકી રહ્યો. કાર પાસે પહોંચતા બારણાને ખોલતાં તેણે જાણે એક નિશ્ચય કરી લીધો. આજે જ આવેલી પોસ્ટ તેણે વાંચી હતી. તેણે ત્વરાથી એક નિર્ણય લઈ લીધો. અહીં દિલ જલાવવાનો કોઈ અર્થ નથી. એ સમજી તેણે જવાનો નિર્ણય કરી લીધો.

કારમાં બેસી ડ્રાઈવરને કાર લીડ્ઝ શ્રીવાસ્તવ વિલા તરફ લેવા કહ્યું. આજે શુક્રવાર હતો. શનિ-રવિ કામ કરવાનું નો'તું. અસહાય પિતાને મળતા ને પોતાનો નિર્ણય પણ તે તેમને જણાવવા માંગતો હતો. રસ્તામાં પોતે કરેલ અપરાધ વિશે વિચાર કરી રહ્યો. કેટલી યુવતીઓના પરિચયમાં છેલ્લાં થોડાંક વર્ષોમાં તે આવ્યો! છતાં કેમ ક્યાંય રાહત ન મળી? કેમ દિલ ક્યાંય ન ઠર્યું? બહુ મોડે મોડે ખ્યાલ આવ્યો કે વસુંધરા તેની રોમરોમમાં વસી ગઈ હતી? તે એને ભૂલી હશે? તે ફિક્કું હસ્યો. શું થયું હશે પોતાના બાળકનું? વસુંધરાએ એબોર્શન કરાવી નાંખ્યું હશે? બીજું કરે પણ શું? શું ઉપાય હતો તેની પાસે? દીકરો હતો કે દીકરી? પોતાના જેવી લાગત કે વસુંધરા જેવી? કેમ દીકરીની એષણા તેણે કરી? હવે તેનામાં જાણે પિતૃત્વ ઊભરાવા લાગ્યું. મળશે કોઈ સાથી? બાળક થશે તેને? વસુંધરા ભૂલારો કદી? આંખો ભીની થઈ. હળવેથી ખિસ્સામાંથી રૂમાલ કાઢ્યો ને આંખો લૂછી.

ઘર આવતા તે અંદર ગયો. પિતાના મોં પર તેને જોઈ ખુશી ઉપજેલી દેખાઈ. સાંજે ડિનર લેતી વખતે તે રણજિતના ચહેરાને જોઈ રહ્યો. તેને જોઈ તેને ખુશી નો'તી ઊપજી, તે રણજિતના બેડોળ, ભદ્દા થઈ ગયેલા શરીરને જોઈ રહ્યો. શરાબે કેવી હાલત તેની કરી નાંખી હતી!

જમીને બંને લાઈબ્રેરી-સ્ટડીમાં ગયા. પિતાને જાણે કંઈ કહેવું હતું તેવું રવિને લાગ્યું. ત્યાં તો પિતાએ ખિસ્સામાંથી એક પત્ર કાઢ્યો ને રવિને આપ્યો. વાંચી રવિ સ્તબ્ધ થઈ ગયો. પિતાની લાચાર દશા માટે તેને દયા આવી. રણજિતે બધું જ હાથમાં લઈ લીધું હતું. બધું વેચાઈ જતા પિતા ક્યાં જશે? તેણે પિતાને પૂછ્યું એ અમરનાથે લખી બતાવ્યું કે પબ્લિશિંગ હાઉસ માટે તેણે ભારતથી તેમના પિત્રાઈને બોલાવેલા. એ પણ મોટો જ બંગલો હતો. જે પાર્ટીએ વુલન ફેક્ટરી લેવી પ્રસ્તાવ મૂક્યો હતો તેમને અત્યારનો આ બંગલો પણ લેવો હતો? ઘડીભર રવિને થયું કે એ પાર્ટીને આ બંગલામાં શું રસ હશે? પણ ચાલો, તેના કાકા-ચાચા દેવીપ્રકાશ ને તેમનો દીકરો દેબુજીત પિતાનું ધ્યાન તો રાખશે!

તેણે પિતાને કહ્યું, 'પિતાજી! મારે પણ તમને એક વાત કરવી છે. અહીં પ્રેક્ટિસ કંઈ જામતી નથી. મેં નૈરોબી જવાનો નિર્ણય કરી લીધો છે.'

'પાછા કેન્યા! આફ્રિકા?'

'હા, પપ્પા! કેન્યા સોશ્યાલિસ્ટ નથી, કેપિટાલિસ્ટ છે. ઇંગ્લેન્ડ સાથે સારા સંબંધો છે. આપણા ઘણા અંગ્રેજો ત્યાં કોફી પ્લાન્ટેશન્સમાં સેટલર્સ-વસાહતી તરીકે રહે છે. નૈરોબીની ખૂબ જાણીતી લો ફર્મ પ્રીટ એન્ડ પારેખમાં જોઇન થવા એપ્લિકેશનને મંજૂરી મળી ગઈ છે.'

અમરનાથે ઈશારાથી કહ્યું. 'મી, પ્રીટને તે બહુ સારી રીતે જાણે છે.'

'એ તો બહુ સારી વાત થઈ. પપ્પા! રેફરન્સ માટે કામ લાગશે.'

'રવિ!' એક આશાભરી નજરે અમરનાથ તેને જોઈ રહ્યા.

'મારી એક વાત માનીશ? તેં ભલે મને ન કહ્યું હોય પણ હું જાણું છું. હવે વસુંધરાને ભૂલી લગ્ન કરી લે.'

'પપ્પા! એ બાબતે અત્યારે કશું વિચાર્યું નથી, પણ તમે કેવી રીતે જાણ્યું?'

'રણજિતે બધી વાત કરી.'

'પપ્પા! તેમાં તથ્ય ઓછું હશો.'

'પણ તું એને ચાહતો હતો તે તો સાચું ને?'

'પપ્પા! આટલાં વરસો પછી એ વાતો કરવાનો શું અર્થ?'

'જો! મી. પ્રીટ, મી. પારેખની દીકરીને પરણેલા તેમને જેની નામની દીકરી છે, સુંદર છે. બને તો ઓળખાણ વધારજે. તારે નૈરોબી જ રહેવું હોય તો હવે ઠરીઠામ થાય તો સારું.'

'ભલે! પપ્પા! ત્યાં ગયા પછી બધું વિચારાશે, પણ તમને અહીં એકલા મૂકી જવાનું મન નથી.'

'મારી ચિંતા ન કર. મને દેવીપ્રકાશ ને તેમનાં પત્ની સંભાળી લેશે.'

'પપ્પા! વાત નીકળી છે તો કહી લઉં. તમારા ને સ્વરૂપ આન્ટીના સંબંધોની મને ખબર છે.'

અને અમરનાથના હાથમાં પાણીનો ગ્લાસ નીચે પડી ગયો. આને, આને ક્યાંથી ખબર?

આશ્ચર્યભરી નજરે તે રવિને જોઈ રહ્યા.

'પપ્પા! મને બધી વાત વસુંધરાએ કરેલી. તે રાત્રે એણે તમને બંનેને સાયુજ્ય જોયા હતાં.'

અમરનાથની આંખો છલછલી ઊઠી.

'તમે રહી રહીને તેમને પરણ્યા ને તેઓ પણ જતા રહ્યા, પણ વસુંધરાએ કહેલી એ વાત મારા દિલમાં ખૂબ ખટકી હતી. મારી માતા જીવતાં તમે એમ કરેલું એ માટે મેં તમને કદી માફ નો'તા કર્યા, પણ વર્ષોના વહેવા સાથે પુરુષ શરીરને પણ તકાજો હોય છે તે મેં પણ અનુભવું છું. ત્યારે મારી હિંમત નો'તી તમને કહેવાની, પણ આજે કહી નાખું. વસુંધરાને હું ચાહતો હતો તેની સાથે માઉન્ટ કિલિમાન્જારો ચડવા ગયો હતો, ત્યાં પેલી ગુફામાં મેં તમે દોરેલું સ્વરૂપ આન્ટીનું પિક્ચર હજી ત્યાંની ભીંત પર છે. અને તમારી યુવાનીની ભૂલોની જેમ મેં પણ ભૂલ કરેલી. એથી વસુંધરા પ્રેગનન્ટ હતી ને હું કાયર તમારી બીકે કંઈ ન કહી શકતા લંડન ભાગી આવેલો.'

'તો તો! વસુંધરાનું - તારું બાળક?'

'મને કઈ ખબર નથી, આ છે આટલાં વર્ષો પછી વસુંધરાને મેં લંડનમાં મને સ્ટોરની માલિક તરીકે જોઈ, તે મિત્તલ કુટુંબમાં પરણી છે ને આજે ખૂબ સમૃદ્ધ છે, પણ હું હિંમત ન કરી શક્યો કે તેની સાથે વાતો તો શું તેની સામે જવાની હિંમત પણ ભેગી ન કરી શક્યો. એટલે બાળકનું શું થયું તેની મને નથી ખબર.' *(ક્રમશઃ)*

*લેખક અમેરિકાસ્થિત સાહિત્યકાર છે.*
*પ્રતિભાવ: yourgujarattimes@gmail.com*

**'તમે રહી રહીને તેમને પરણ્યા ને તેઓ પણ જતા રહ્યા, પણ વસુંધરાએ કહેલી એ વાત મારા દિલમાં ખૂબ ખટકી હતી. મારી માતા જીવતાં તમે એમ કરેલું એ માટે મેં તમને કદી માફ નો'તા કર્યા, પણ વર્ષોના વહેવા સાથે પુરુષ શરીરને પણ તકાજો હોય છે તે હું પણ અનુભવું છું. ત્યારે મારી હિંમત નો'તી તમને કહેવાની, પણ આજે કહી નાખું. વસુંધરાને હું ચાહતો હતો તેની સાથે માઉન્ટ કિલિમાન્જારો ચડવા ગયો હતો, ત્યાં પેલી ગુફામાં મેં તમે દોરેલું સ્વરૂપ આન્ટીનું પિક્ચર હજી ત્યાંની ભીંત પર છે. અને તમારી યુવાનીની ભૂલોની જેમ મેં પણ ભૂલ કરેલી. એથી વસુંધરા પ્રેગનન્ટ હતી ને હું કાયર તમારી બીકે કંઈ ન કહી શકતા લંડન ભાગી આવેલો.'**

સંવાદ: મણકો-૮

■ પ્રા. રમેશ ગાનાકર

# ગુજરાતઃ ૨૦૦૨ સુધીના પ્રારંભિક મુખ્યમંત્રીઓ



પ્રા. રમેશ ગાનાકર

ગાંધીવાદી સંસ્કારો ધરાવતા, કૌટુંબિક સ્વાતંત્ર્ય સૈનિક તરીકેનો વારસો ધરાવનાર, સૂરતના અગ્રણી કોંગ્રેસી કાર્યકર, મોરારજી દેસાઈના અંગત વ્યક્તિ, રાજકારણમાં નવો ચીલો પાડનાર, 'હિંદ છોડો' આંદોલનમાં સક્રિય ભાગ લેનાર, જીવરાજ મહેતા તથા બળવંતરાય મહેતાના મંત્રીમંડળમાં મંત્રી તરીકે રહેલા હિતેન્દ્રભાઈ દેસાઈએ ૨૦ સપ્ટેમ્બર, ૧૯૬૫થી ૧૨ મે, ૧૯૭૧ સુધી ગુજરાતના ત્રીજા મુખ્ય મંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. તેમણે ગુજરાતમાં વિકાસ પરત્વે અનેક નોંધપાત્ર કાર્યો કર્યા હતાં, જેમકે, પારડી, વલસાડની ઘાસિયા જમીનનો ઉકેલ, જમીનટોચમર્યાદા કાયદા હેઠળ ૬૫ હજાર એકર જમીનનું સંપાદન, ૧૯૬૭માં આયુર્વેદ યુનિવર્સિટી તથા ૧૯૬૭માં કૃષિ યુનિવર્સિટીની સ્થાપના ને ખેતી પરના સિંચાઈ કરનું નાબૂદીકરણ. પછાત વર્ગના વિદ્યાર્થીઓને મફત છાત્રાલય ને શિષ્યવૃત્તિ તથા મફત માધ્યમિક શિક્ષણની જોગવાઈ કરી હતી. ૧૯૬૮માં કચ્છ ટ્રિબ્યુનલનો ચુકાદો આવ્યો. ૧૧ ફેબ્રુઆરી, ૧૯૭૧માં ગાંધીનગર પાટનગર શરૂ થયું. માધ્યમિક શિક્ષણવિધેયક પસાર થયું. આદિવાસી જાતિના વિકાસ-કલ્યાણ પરત્વેનાં કાર્યો, મહાગુજરાતના શહીદો માટે શહીદસ્મારક સ્થાપના, મોટા પાયે ઔદ્યોગિકીકરણ જેવાં ગુજરાતના વિકાસકાર્યો કર્યાં હતાં. તેમના શાસનમાં ૧૯૬૯માં અમદાવાદમાં ભયંકર કોમી રમખાણો થયાં હતાં. તેમના શાસનમાં ૧૩ મે, ૧૯૭૧થી ૧૦ માસ સુધી સૌ પ્રથમવાર રાષ્ટ્રપતિ શાસન ગુજરાતમાં લદાયું હતું. સંસ્થા કોંગ્રેસના ગુજરાતના મુખ્યમંત્રી તરીકે શ્રી હિતેન્દ્રભાઈ દેસાઈએ બહુમતી ગુમાવીને રાજીનામું આપી દીધું હતું.

મુખ્ય મંત્રી તરીકે હિતેન્દ્ર દેસાઈની વિદાય થતાં કોંગ્રેસ-આઈના આગેવાનોમાં મુખ્ય મંત્રીના પદ માટે ભારે ખેંચતાણ ઉગ્ર બની. ઇંદિરા ગાંધીએ ગુજરાતની શાસનધુરા સુરેન્દ્રનગરના વતની ઘનશ્યામભાઈ ઓઝાને સોંપી. ૧૭મી માર્ચ, ૧૯૭૨થી ૧૭મી જુલાઈ, ૧૯૭૩ના ટૂંકા ગાળા માટે ગુજરાતના ચોથા મુખ્યમંત્રી તરીકે સુંદર કામગીરી બજાવી. તેમણે ગુજરાત રાજ્યના સીમાંત ખેડૂતોનાં મહેસૂલ માફ કર્યાં હતાં, રૂરલ હાઉસિંગ બોર્ડની સ્થાપના કરીને મર્યાદિત આવકારો માટે મધ્યમ કદનાં આવાસો નિર્માણ કર્યાં હતાં. તેમણે માધ્યમિક શિક્ષણ મફત કર્યું હતું.

સૌરાષ્ટ્ર રાજ્ય ૧૯૫૬માં દ્વિભાષી મુંબઈ રાજ્યમાં વિલીન થયું. ૧૯૫૬થી ૧૯૬૦ સુધી તેમણે સૌરાષ્ટ્ર કાઉન્સિલના અધ્યક્ષ તરીકે સૌરાષ્ટ્રની વિવિધ યોજનાઓ સાકાર કરવા માટે અથાગ પ્રયાસો કર્યા હતા. ૧૯૬૦માં ગુજરાત રાજ્યની સ્થાપના થતાં તેમણે ભારતીય સંસદના સભ્ય બનીને રાજ્યમંત્રી તરીકે કાર્યભાર સંભાળ્યો હતો. અખિલ હિંદ કક્ષાના તેથી ગુજરાત કોંગ્રેસના આંતરિક વિખવાદો ને જુથવાદથી પર રહીને સતત કામ કરતા રહ્યા. કોંગ્રેસ પક્ષ ભંગાણને આરે આવીને ઊભો હતો ત્યારે તેમણે સૌરાષ્ટ્રના આગેવાનો સાથે મળીને એકતા માટે ભારે જ હેમત ઊઠાવી હતી. એક સફળ વહીવટકર્તા, સંનિષ્ઠ ગાંધીવાદી ને કુશળ રાજનીતિજ્ઞ તરીકે તેમણે પોતાની છાપ ઉપસાવી હતી. ચીમનભાઈ પટેલે તેમની વિરુદ્ધ ધારાસભ્યોનું 'પંચવટી ફાર્મ' તરીકે જાણીતું હોર્સ ટ્રેડિંગ કરીને, ઉઘાડે છોક અઢળક નાણાંની ધારાસભ્યોને લહાણી કરીને ઘનશ્યામ ઓઝાની સરકારને અલ્પમતીમાં મૂકી, તેથી ઘનશ્યામ ઓઝાએ રાજીનામું આપ્યું હતું. ગુજરાતના રાજકારણમાંથી નિવૃત્ત થઈને તેઓ અમદાવાદ ખાતે એક નાનકડા ફ્લેટમાં રહેતા હતા. ગુજરાતના કાર્યકર્તાઓ માટે તેમનું નિવાસસ્થાન વિશ્રામસમું હતું. સૌરાષ્ટ્ર ટ્રસ્ટના અધ્યક્ષ તરીકે 'જન્મભૂમિ' પ્રકાશનની પ્રણાલિકાઓ જાળવવામાં તેમનો અમૂલ્ય ફાળો હતો. એક વિરલ વ્યક્તિ તરીકે ખ્યાતિ મેળવીને ૧૨મી જુલાઈ, ૨૦૦૨માં તેમણે આપણી વચ્ચેથી વિદાય લીધી.



ઘનશ્યામભાઈ ઓઝા




ચીમનભાઈ પટેલ



બાબુભાઈ જે. પટેલ

ચીમનભાઈ પટેલ ૧૯૭૬માં સંખેડા વિધાનસભા ક્ષેત્રમાંથી ચૂંટાઈને વિધાનસભાના સભ્ય બન્યા, તેઓ હિતેન્દ્રભાઈ દેસાઈના મંત્રીમંડળમાં જોડાયા. તે પછી ઘનશ્યામ ઓઝાના મંત્રીમંડળમાં મંત્રીપદે રહ્યા. અગાઉના મુખ્યમંત્રી ઘનશ્યામ ઓઝાને, 'પંચવટી ફાર્મ' નામનું હોર્સ ટ્રેડિંગનું કાવતરું રચીને, ઊથલાવીને ચીમનભાઈ પટેલ કોંગ્રેસના ઉમેદવાર તરીકે અઢારમી જુલાઈ,૧૯૭૩થી ૯ ફેબ્રુઆરી, ૧૯૭૪ સુધી મુખ્યમંત્રી બન્યા. ૧૯૭૪માં ભ્રષ્ટાચાર વિરુદ્ધનું, 'નવનિર્માણ'ના નામે વિદ્યાર્થીઓ દ્વારા ઉગ્ર આંદોલન શરૂ થયું હતું. તેમાં અમદાવાદસ્થિત એલ. ડી. એન્જિનિયરિંગ કોલેજના વિદ્યાર્થીઓએ કેન્ટિનના ફૂડબિલમાં વધારો થતાં આંદોલનનો માર્ગ અખત્યાર કર્યો હતો. તે વખતે ચીમનભાઈની વિરુદ્ધ એક સૂત્ર વહેતું કરાયું હતુંઃ સૂત્ર જાહેરસ્થળો ને સડકો ઉપરની દીવાલો, બસો તો ઠીક રેલવેના ડબ્બાઓ ઉપર પણ ચીતરવામાં આવ્યું હતું. તેમના શાસનમાં ચોખા ને સીંગતેલના ભાવમાં જબરો ઊછાળો નોંધાયો હતો. તેથી વિદ્યાર્થીઓના ઉગ્ર આંદોલનને લક્ષમાં લઈને વડા પ્રધાન ઇંદિરા ગાંધીએ ગુજરાત વિધાનસભાનું વિસર્જન કર્યું હતું. આ આંદોલનને કારણે વાર્ષિક પરીક્ષાઓ રદ કરાતાં વિદ્યાર્થીઓના શિક્ષણનું વર્ષ બગડે નહીં તે બાબત લક્ષમાં લઈને પરીક્ષા લીધા વિના 'માસ પ્રમોશન' અપાયું હતું. આ તઘલખી નિર્ણયથી ગુજરાતના શિક્ષણજગતમાં દૂરગામી નકારાત્મક અસરો પડી હતી. મહત્ત્વની વાત તો એ બની કે, આ આંદોલનને પીઢ ગાંધીવાદી જયપ્રકાશ નારાયણ (જે.પી.)નું સમર્થન મળ્યું હતું.

**બે મુખ્ય ધાર્મિક ધારાઓ તથા કોમો વચ્ચેનું ધ્રુવીકરણ ને હિંસા-પ્રતિહિંસાથી નામીચું બન્યું. માધવસિંહ સોલંકીના શાસનમાં ૧૯૮૨-૮૩માં તથા ૧૯૮૫માં અનામત આંદોલન થયાં તો નરેન્દ્ર મોદી (નમો) શાસન (૨૦૦૨)માં ગોધરાકાંડ. બંનેના શાસનકાળે બે મોટાં કોમી આંદોલનો થયાં હતાં.**

તેમની પક્ષમાંથી હાકલપટ્ટી કરાયા બાદ બાબુભાઈ પટેલની આગેવાની હેઠળની જનતા મોરચાની સરકારને તેમણે સહયોગ આપ્યો. તેઓ ફરીથી ૪ માર્ચ, ૧૯૯૦માં ગઠબંધનમાં ભંગાણ પડતાં, ભા.રા. કોંગ્રેસના ૩૪ સભ્યોનો ટેકો લઈને, સરકાર બચાવવામાં સફળ રહ્યા. ને ૧૭ ફેબ્રુઆરી, ૧૯૯૪ સુધી, મૃત્યુપર્યંત, મુખ્યમંત્રી રહ્યા. ચીમનભાઈ પટેલ સ્વપ્નદૃષ્ટા ને આધુનિક ઔદ્યોગિક ગુજરાતના નિર્માતા તરીકે ખ્યાતિ પામ્યા. તેમની પહેલી મુદતમાં ઔદ્યોગિકીકરણ મહાયોજનાના ભાગરૂપે ખાનગી ક્ષેત્રો મારફતે બંદરો, રીફાઈનરી ને વીજ ઉત્પાદન મથકોના વિકાસના અમલકર્તા બન્યા. તેમના દ્વિતીય શાસનકાળે વિશ્વબેન્કે નર્મદાબંધ મહાયોજના માટે નાણાં ધીરવાની અસંમતિ દર્શાવી. તેથી ચીમન પટેલે હુંકાર ભર્યો કે નર્મદા બોન્ડ દ્વારા પ્રજા પાસેથી નાણાં એકઠાં કરવાં. ઉપરાંત રાજ્યના બજેટ તથા કેન્દ્રની સહાયથી નર્મદા યોજનાને પૂર્ણ કરવા માટે બીડું ઝડપ્યું હતું.

તેમણે નર્મદા ટ્રિબ્યુનલની રચના કરી તથા બંધની ઊંચાઈ ૪૬૫ ફૂટ ને જળસપાટી ૪૬૦ ફૂટ નક્કી કરાઈ. ૫૫ લાખ એકર જમીનને સિંચાઈ માટે મંજૂરી આપી. ગ્રામીણ બેન્કો તથા જિલ્લા ઉદ્યોગ કેન્દ્રોની સ્થાપના કરી. તેથી લઘુ ઉદ્યોગકારોને રોજગારીની નવી તકો પ્રાપ્ત થઈ હતી. શિક્ષણની નવી તરાહ ૧૦+૨+૩ શરૂ કરી. બક્ષી પંચની ભલામણોની સ્વીકૃતિ કરી. તદુપરાંત સમગ્ર ભારતમાં સૌ પ્રથમ વાર ગૌવધ ને જૈનના મહત્ત્વના પર્યુષણના દસ દિવસ દરમ્યાન દરેક પ્રાણીઓનો વધ ને માંસ વેચાણ પર પ્રતિબંધ મૂકતો કાયદો પસાર કર્યો, જેનો અમલ ૩જી ઓક્ટોબર, ૧૯૯૩થી થયો.

પીઢ ગાંધીવાદી, અર્થકરણના તજજ્ઞ ગણી શકાય એવા શ્રી બાબુભાઈ જશભાઈ પટેલ મુંબઈના મંત્રીમંડળમાં ૧૯૫૨થી ૧૯૫૭ સુધી કેબિનેટ મંત્રી રહ્યા હતા. ગુજરાત રાજ્યની રચના પછી તેઓ ૧૯૬૭માં ગુજરાત ધારાસભામાં ચૂંટાયા હતા. તેમણે વિવિધ મંત્રાલયોનો કાર્યભાર સંભાળ્યો હતો. ૧૯૭૪માં મુખ્ય મંત્રી ચીમનભાઈ પટેલને નવનિર્માણ આંદોલનને કારણે રાજીનામું આપવું પડ્યું. વિધાનસભાનું વિસર્જન કરાયું. ચૂંટણી પછી ૧૮ જૂન, ૧૯૭૫માં તેઓ વિવિધ પક્ષોના ગઠબંધનથી બનેલા જનતા મોરચાના ગેરકોંગ્રેસી મુખ્યમંત્રી બન્યા. એક અઠવાડિયા પછી ઇંદિરા ગાંધીએ સમગ્ર ભારતમાં કટોકટી લાદી, છતાં, તે માર્ચ, ૧૯૭૬ સુધી પદ પર રહ્યા. કટોકટીના કાળે ગુજરાતનું જનજીવન શાંત રહ્યું હતું.

બીજી એક નોંધપાત્ર વાત એ હતી કે તેમના શાસનકાળે કશાંય કોમી આંદોલનો થયાં નહોતાં. બીજી વાર તેઓ એપ્રિલ, ૧૯૭૫થી ફેબ્રુઆરી, ૧૯૮૦ સુધી જનતા પાર્ટીના સભ્ય તરીકે મુખ્યમંત્રી બન્યા. ૧૮ જૂન, ૧૯૭૯માં મોરબી મચ્છુ બંધની પૂર હોનારતમાં, સતત છ મહિના સુધી મોરબી ખાતે મંત્રીમંડળ ને સરકારી તંત્રને ખસેડીને પૂરરાહતનું કાર્ય ત્વરાથી પૂરું કર્યું. તેને લઈ ૧૯૯૦માં મોરબી વિધાનસભાક્ષેત્રમાં અપક્ષ તરીકે ઉમેદવારી નોંધાવીને જંગી બહુમતીથી ચૂંટાઈ આવ્યા હતા. ચીમનભાઈ પટેલની સરકારમાં તેમણે નર્મદા જળસંપત્તિ વિભાગનું મંત્રીપદ સંભાળ્યું હતું. તે પદભારની સુંદર-સફળ કરેલી કાર્યવાહીને કારણે તેઓ 'સરદાર સરોવર બંધ પરિયોજના'ના મંત્રી તરીકે ખ્યાત થયા હતા. તેમના સમયમાં અમદાવાદથી વડોદરા સુધીના 'એક્સપ્રેસ હાઈવે'ના નિર્માણ માટે વિશ્વ બેન્ક તરફથી ફંડ મળ્યું હતું, જેથી તેનું પ્રારંભિક કાર્ય શરૂ થયું હતું.

**એક નોંધપાત્ર ઘટનાઃ** બાબુભાઈ જશભાઈ પટેલ મૂળ નડિયાદના વતની હતા. તેઓ મુંબઈ વિધાનપરિષદમાં ચૂંટાયા હતા. એકવાર નડિયાદ ખાતે એક સમારંભમાં ઉપસ્થિત રહ્યા હતા, ત્યારે એવું વિવાદાસ્પદ બોલ્યાઃ 'હું મારી શક્તિને કારણે ચૂંટાયો છું, તમારે કારણે નથી ચૂંટાતો.' આ વિધાનનો એવો પ્રત્યાઘાત પડ્યો કે તેમને આગામી વિધાનસભાની ખંભાત બેઠક પરથી ઉમેદવારી કરવી પડી, પણ પ્રજાનો ભભૂકેલો રોષ શાંત પડ્યો નહીં. નડિયાદના યુવકો ને અગ્રણીઓ ટ્રકો ને અંગત વાહનો લઈને ખંભાત બેઠકનાં ગામડાં ખૂંદી વળ્યા. ઠેરઠેર એવો પ્રચાર કર્યોઃ અમારો ખોટો સિક્કો ઊભો છે, તેને ઘરભેગો કરો.' આવો ચૂંટણીપ્રચાર બાબુભાઈને ભારે પડ્યો ને તેઓ ૧૯૫૭ની ચૂંટણીમાં લીલા તોરણે ઘેર આવ્યા. આ વાત તેમના હૈયે સોંસરી ઊતરી ગઈ ને પછીથી જાહેરમાં માફી માંગીને, પોતાની ભૂલનો એકરાર કર્યો હતો. આ હકીકત તે વાતનું નિદર્શન છે કે ગાંધીવાદી વ્યક્તિત્વ ધરાવનારની ખેલદિલી કેવીક હોઈ શકે. તેઓ નડિયાદ ખાતે પધારતા ત્યારે એક સાધારણ વ્યક્તિ તરીકે ગુજરાત સ્ટેટ ટ્રાન્સપોર્ટની બસમાં બેસીને જ આવતા. તેમને 'વિશ્વ ગુજરાતી સમાજ' દ્વારા વલ્લભભાઈ પટેલ વિશ્વપ્રતિભા એવોર્ડથી સન્માનિત કરાયા હતા.

